અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ એપ્રિલ ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૬ | અંક : ૨૭૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

# IAS અધિકારીની અધ્યક્ષતામાં થશે ડીસા આગકાંડની તપાસ

## ડીસામાં ફટાકડા ફેક્ટરીમાં વિસ્ફોટ થવાને કારણે મધ્યપ્રદેશના ૨૧ મજૂરોના મોત થયા છે : આ દુર્ઘટના બાદ સ્થાનિક તંત્ર સામે પણ સવાલો ઉઠી રહ્યાં છે

। (એજન્સી) ડીસા, તા.૨ ।

બનાસકાંઠાના ડીસામાં થયેલા અગ્નિકાંડમાં ૨૧ લોકોના મોત બાદ તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. ૨૧ લોકોના જીવ લેનાર આરોપી ખૂબચંદ અને તેના પુત્ર દીપક મોહનાનીની ધરપકડ કરાઈ છે. આ સાથે પોલીસ અને વહીવટી તંત્રની ટીમે ગોડાઉનમાં રહેલા ફટાકડા અને વિસ્ફોટક સામગ્રીનું પંચનામું પણ કર્યું હતું. સરકારે આ દુર્ઘટનાની તપાસ માટે ખાસ તપાસ દળની રચના કરી છે. રાજ્ય સરકારે ડીસાની દુર્ઘટનામાં ૨૧ લોકોના મોત બાદ ખાસ તપાસ દળની રચના કરી છે. IAS ભાવિન પંડ્યાના અધ્યક્ષ સ્થાને આ SIT ની રચના કરવામાં આવી છે. આ તપાસ સમિટીમાં વિશાલકુમાર વાઘેલા (નાયબ પોલીસ મહાનિરીક્ષક), એચ. પી. સંઘવી (ડાયરેક્ટર ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી, ગાંધીનગર), જે.એ. ગાંધી (ચીફ એન્જિનિયર) ને સભ્ય તરીકે સામેલ



કરવામાં આવ્યા છે. હચમચાવી મુકે તેવા દ્રશ્યો અને તેનાથી વધારે હચમચાવી મુકે તેવી આ ઘટના બનાસકાંઠાના ડીસામાં બની છે. GIDCમાં ચાલતી દીપક ટ્રેડર્સ નામની ફેક્ટરીમાં અચાનક બોઈલ ફાટ્યા અને પછી એવી આગ લાગી કે તેમાં એક-બે નહીં પણ અનેક જિંદગીઓ જીવતી હોમાઈ ગઈ.

### આ મુદ્દે તપાસ કરશે સમિતી

- કયા સંજોગોમાં તથા કારણોસર વિસ્ફોટની ઘટના બની હતી?
- જીઆઈડીસીમાં ફટાકડાની ફેક્ટરી શરૂ કરવા બાબતે સક્ષમ સ્થાનિક તંત્ર પાસેથી યોગ્ય મંજૂરી લીધી હતી કે કેમ?
- ફટાકડાની ફેક્ટરીની મંજૂરી ઉપરાંત તે માટે વિસ્ફોટક સામગ્રી સંગ્રહ માટે ગોડાઉનની અલગથી મંજૂરી મેળવવાની થાય છે કે કેમ? જો હા તો તે અંગે નિયમાનુસાર કાર્યવાહી થઈ છે કે કેમ?
- એક્સપ્લોઝિવ એક્ટ, ૧૮૮૪ તથા એક્સપ્લોઝિવ રૂલ્સ, ૨૦૦૮ની જોગવાઈઓનું પાલન થયું છે કે કેમ?
- ફેક્ટરી એક્ટ ૧૯૪૮ હેઠળ તમામ જોગવાઈનું પાલન થયું કે નહીં?
- ફેક્ટરીમાં કામદારો માટે લેબર લો તથા ચાઈલ્ડ લેબરનું પાલન થયું કે નહીં?
- ફેક્ટરીના સંબંધમાં બાંધકામના નિયમોનું પાલન થયું કે નહીં?
- ફાયર એનઓસીની પરવાનગી હતી કે નહીં?
- સ્થાનિક તંત્ર દ્વારા સમયાંતરે ઈન્સ્પેક્શન કરવામાં આવેલ છે કે કેમ?
- બનાવના સંબંધમાં નિષ્કાળજી/બેદરકારી માટે જવાબદાર વ્યક્તિઓની તપાસ કરવી.

આ તપાસ સમિટીએ ૧૫ દિવસની અંદર રિપોર્ટ સરકારને પરત કરવાનો રહેશે.

### ઘટનામાં જવાબદાર લોકોને સજા થવી જોઈએ : કોંગ્રેસ

ડીસામાં મંગળવારે એક ફટાકડાની ફેક્ટરીમાં બોયલર ફાટવાથી ૧૮ મજૂરોના મૃત્યુ થઈ ગયા છે. આ દુર્ઘટના પર કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અને સાંસદ રાહુલ ગાંધીએ દુઃખ વ્યક્ત કર્યું છે. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું, "ગુજરાતના બનાસકાંઠામાં ફટાકડા ફેક્ટરીમાં થયેલી દુર્ઘટના અત્યંત પીડાદાયક છે. સમાચાર મુજબ, ૧૮ કામદારોએ જીવ ગુમાવ્યા છે અને ઘણા ઘાયલ થયા છે. હું પીડિતોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું અને ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરું છું. સલામતીના નિયમોમાં છૂટછાટ આપવામાં આવે ત્યારે આવા અકસ્માતો ઘણીવાર થાય છે. આ ભૂલ માટે જવાબદાર લોકોને કાયદા હેઠળ કડક સજા થવી જોઈએ. સરકારને પીડિતોને તાત્કાલિક અને યોગ્ય વળતર આપવા અને તેમને શક્ય તેટલી મદદ કરવા વિનંતી છે."

## ન્યૂઝ બ્રિફ

### મહારાષ્ટ્રના બુલઢાણામાં ત્રણ વાહનો વચ્ચે ભયંકર અકસ્માત

। (એજન્સી) બુલઢાણા, તા.૨ ।

મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના શેગાંવ ખામગાંવ હાઈવે પર એક ભયંકર ટ્રિપલ અકસ્માત સર્જાયો છે. આ દુર્ઘટનામાં ઘટનાસ્થળે જ લગભગ ૫ જેટલાં લોકો મૃત્યુ પામી ગયાના અહેવાલ છે. મળતી માહિતી અનુસાર એક ખાનગી બસ, એક એસ. ટી. બસ અને બોલેરો વચ્ચે આ ભીષણ અકસ્માત સર્જાયો હતો. વહેલી સવારે પૂરપાટ ગતિએ દોડતી બોલેરો કાર એસ.ટી.બસ સાથે અથડાઈ હતી. જેના લીધે પાછળ આવતી ખાનગી બસ પણ આ અકસ્માતમાં લપેટાઈ ગઈ હતી. ભયાનક અકસ્માતમાં ૫ લોકો ઘટનાસ્થળે જ મૃત્યુ પામી ગયા. જોકે ૨૪ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા છે.

### IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતા જોવા મળ્યો બુમરાહ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ટીમ ઈન્ડિયાના સ્ટાર બોલર જસપ્રીત બુમરાહ ઈજાના કારણે લાંબા સમયથી ક્રિકેટથી દૂર છે. આ કારણે તે ચેમ્પિયન્સ ટ્રોફીમાં જોવા મળ્યો ન હતો અને ના તો તે IPLમાં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમતા જોવા મળ્યો છે. એપ્રિલના પહેલા અઠવાડિયા સુધીમાં તે સંપૂર્ણ સ્વસ્થ થઈ જશે તેવી અપેક્ષા હતી પરંતુ હવે તેની શક્યતાઓ ઘણી ઓછી છે. ચાહકોને તેના મનપસંદ બોલરને ફરીથી એક્શનમાં જોવા માટે વધુ રાહ જોવી પડી શકે છે. આનું કારણ એ છે કે બુમરાહની ઈજા વધુ ગંભીર છે.

### ટી૨૦ ફોર્મેટમાં સૂર્યકુમાર યાદવે રચ્યો ઈતિહાસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

આઈપીએલ ૨૦૨૫ની સીઝનમાં મુંબઈ ઈન્ડિયન્સે કોલકાતા નાઈટ રાઈડર્સ સામે પ્રથમ વખત આઠ વિકેટે મેચ જીતી હતી. મુંબઈ ઈન્ડિયન્સની આ જીતમાં સૂર્યકુમાર યાદવનો ફાળો બહુમૂલ્ય રહ્યો છે. આ મેચ સાથે સૂર્યકુમાર યાદવ ટી૨૦ કરિયરમાં ૮૦૦૦ રન બનાવનારો પાંચમો ટોચનો ભારતીય ખેલાડી બન્યો છે. સૂર્યકુમાર યાદવે મેચમાં માત્ર નવ બોલમાં ૨૭ રન ફટકાર્યા હતાં. જેમાં ૩૦૦ના સ્ટ્રાઈક રેટ સાથે ત્રણ વખત ચોગ્ગા ફટકારી નવો રેકોર્ડ સર્જ્યો હતો.

કેન્દ્ર સરકારે લોકસભામાં વક્ફ બોર્ડ સંશોધન બિલ રજૂ કર્યું

# વક્ફ બિલ સંસદમાં બનેલો કાયદો છે, બધાએ માનવો પડશે : અમિત શાહ

## વક્ફ બિલ પર ચર્ચા દરમ્યાન શાહે કહ્યું કે, વક્ફને લઈને ભ્રમ ફેલાવામાં આવી રહ્યો છે, જ્યારે સ્પષ્ટ છે કે વક્ફમાં કોઈ બિન ઈસ્લામિક સભ્ય નહીં આવે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।



કેન્દ્ર સરકારે બુધવારે લોકસભામાં વક્ફ બોર્ડ સંશોધન બિલ રજૂ કર્યું. રાજ્યસભામાં તે ગુરુવારે પસાર થશે. આ બિલને લઈને સરકાર અને વિપક્ષની વચ્ચે તણાવ જોવા મળી રહ્યો છે. સરકાર તેને પાસ કરાવવા માટે તૈયાર છે, તો વળી વિપક્ષ તેને અસંવૈધાનિક ગણાવી રહ્યા છે. ચર્ચા દરમ્યાન ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ અને વિપક્ષ પર ખૂબ પ્રહારો કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, વક્ફનો મતલબ હોય છે, અલ્લાહના નામ પર સંપત્તિનું દાન. આ ઈસ્લામનું બીજા ખલીફા શ્રીઉમરના સમયમાં અસ્તિત્વમાં આવ્યું. આ એક પ્રકારનું ચેરિટેબલ એંડોમેંટ છે. સરકારી સંપત્તિનું દાન ન કરી શકે, તેનું જ કરી શકાય છે, જે આપણું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, અજાણતા અથવા રાજકીય કારણોથી વિપક્ષી સાંસદો દ્વારા કેટલીય ખોટી સૂચનાઓ ફેલાવવામાં આવી રહી છે. વક્ફનો મતલબ છે અલ્લાહના નામ પર ધાર્મિક દાન માટે દાન કરવું. વક્ફ એક પ્રકારનું ધર્માર્થ બંદોબસ્તી છે, જેને પાછું લેવાનો કોઈ ઈરાદો નથી. વક્ફ બોર્ડમાં કોઈ બિન મુસ્લિમ સભ્યને નિયુક્ત કરવાની કોઈ જોગવાઈ નથી. અમે એવું કરવા નથી માગતા. મુસલમાનોને ધાર્મિક મામલામાં કોઈ હસ્તક્ષેપ નહીં કરી શકાય. વક્ફ બિલ પર ચર્ચા દરમ્યાન ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, વક્ફને લઈને ભ્રમ ફેલાવામાં આવી રહ્યો છે. જ્યારે સ્પષ્ટ છે કે વક્ફમાં કોઈ બિન ઈસ્લામિક સભ્ય નહીં આવે. વક્ફ અનુસાર, એ જ વસ્તુઓનું દાન કરી શકાય, જે આપણું છે. સરકારી સંપત્તિનું દાન ન કરી શકાય. કોઈ અન્યની સંપત્તિનું દાનમાં ન આપી શકાય. દાન એ જ વસ્તુઓનું કરી શકાય, જે આપણી હોય.

લોકસભામાં ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, ૧૯૯૫ સુધી વક્ફની કાઉંસિલ અને વક્ફ બોર્ડ હતું જ નહીં, આ જે ભ્રમ ઊભો કરવામાં આવી રહ્યો છે, આ એક્ટ મુસ્લિમ ભાઈઓના ધાર્મિક ક્રિયાકલાપો અને તેમની દાન કરેલી સંપત્તિને દખલ કરવા માટે છે. આ વોટ બેંક ઊભી કરવા માટે થઈ રહ્યું છે. અમિત શાહ ટીએમસીના સાંસદ સૌગત રાય પર ટાર્ગેટ કરતા કહ્યું કે, હું દાદાનું ટેન્શન સમજી રહ્યો છું કે બંગાળના મુસલમાનો પણ સાંભળી રહ્યા છે તો તેમને ટેન્શન થશે તે સ્વાભાવિક છે. શાહે તે સમયે સૌગત રાય પર ટાર્ગેટ કર્યો જ્યારે તેઓ ગૃહમંત્રીની વચ્ચે બોલવાની કોશિશ કરી રહ્યા હતા. ગૃહમંત્રી અમિત શાહે વક્ફ બિલ પર કહ્યું કે, અમે એવું નથી લખી રહ્યા કે કોર્ટમાં ન જઈ શકે. વિપક્ષ પર હુમલો કરતા કહ્યું કે, તમે તો કરી દીધું હતું કે એક ઓર્ડરને કોઈ કોર્ટમાં ચેલેન્જ કરી શકયા નહીં. આખું સંવિધાન સમાપ્ત કરી દીધું હતું. અમે એવું કોઈ કામ કરવા નથી જઈ રહ્યા.

વક્ફ બિલ પર ચર્ચા દરમ્યાન ગૃહમંત્રી અમિત શાહે સ્પષ્ટ કર્યું કે, પ્રશાસનિક ઉદ્દેશ્યો માટે બોર્ડ અને પરિષદમાં બિન મુસ્લિમ સભ્યોની નિયુક્તિ કરી શકાય છે. શું હિન્દુ, જૈન અથવા શીખ ચેરિટી કમિશનર બીજા ધર્મમાંથી ન હોઈ શકે? તમે તો દેશ તોડી નાખશો. જો તેમણે ૨૦૧૩માં બિલમાં સંશોધન કરતા આ અતિવાહી ન બનાવ્યું હોત તો આ બિલની જરુર જ નહોતી. તેઓ આપણને વક્ફ સંપત્તિનો હિસાબ ન રાખવા માટે કહી રહ્યા છે. આ ધન ગરીબ મુસલમાનોનું છે, અમીર બોર્ડનું નહીં. વક્ફ ધાર્મિક છે, પણ તેનું બોર્ડ ધાર્મિક નથી. વક્ફ સંશોધન બિલ પર સવાલ ઉઠાવનારા લોકોને જવાબ આપતા ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે, વાંધો શું છે? વક્ફ તો દાન છે ભાઈ અને દાન પોતાની સંપત્તિનું થાય, બીજાની સંપત્તિનું નહીં. સૌને પોતાના ધર્મનું અનુસરણ કરવાનો અધિકાર છે. કોઈ શોખથી કરે, પણ લોભ, લાલચ અને ભયથી ધર્મ પરિવર્તન ન કરી શકાય. કોઈ ગરીબ પાસે ખાવાનું નથી, ખાવાનું આપીને તેનો ધર્મ બદલી દેશો, એવું હવે નહીં ચાલે.

# વક્ફ બિલ સંસદમાં રજૂ, સરકારે મુસ્લિમોને પાંચ આશ્વાસન આપ્યા

## કેન્દ્રીય સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ તેને પ્રશ્નકાળ પછી બપોરે ગૃહમાં ચર્ચા માટે રજૂ કર્યું હતું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

લોકસભામાં બુધવારે બપોરે વક્ફ સુધારા બિલ ૨૦૨૫ રજૂ કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ તેને પ્રશ્નકાળ પછી બપોરે ગૃહમાં ચર્ચા માટે રજૂ કર્યો હતો. આ બિલ પર ચર્ચા માટે ૮ કલાકનો સમય નક્કી કરવામાં આવ્યો છે. સંસદમાં બિલની રજૂઆત દરમિયાન વિપક્ષ તરફથી ભારે હોબાળો થયો હતો. વિપક્ષે ચર્ચાનો સમય વધારીને ૧૨ કલાક કરવાની માંગ પણ કરી છે. બિલ રજૂ કરતી વખતે સરકારે મુસ્લિમોને ૫ ખાતરી આપી છે. કિરેન રિજિજુએ કહ્યું કે આ બિલને લઈને ૯૭૨૭૭૨ પિટિશન મળી છે, આજ સુધી આનાથી વધુ કોઈ બિલને લઈને ક્યારેય નથી આવી. ૨૮૪ પ્રતિનિધિમંડળોએ અલગ-અલગ સમિતિઓ સમક્ષ પોતાના વિચારો રજૂ કર્યા છે. સકારાત્મક વિચારસરણી સાથે આ બિલનો વિરોધ કરનારાઓ પણ તેનું સમર્થન કરશે.



### સરકારે મુસ્લિમોને આ ૫ ટ્રસ્ટો આપ્યા

સંસદમાં બિલ રજૂ કરતી વખતે કિરેન રિજિજુએ મુસ્લિમોને આશ્વાસન આપ્યું હતું કે આ બિલમાં કોઈપણ મસ્જિદ વિરુદ્ધ કોઈ કાર્યવાહી કરવાની જોગવાઈ નથી. આ માત્ર મિલકતનો મામલો છે, આ બિલને ધાર્મિક સંસ્થાઓ સાથે કોઈ લેવાદેવા નથી.

સરકારે કહ્યું કે વક્ફ સુધારા બિલમાં કોઈપણ ધાર્મિક સ્થળ અથવા મસ્જિદની વ્યવસ્થામાં કોઈપણ પ્રકારની દખલગીરીની જોગવાઈ નથી. આમાં કોઈ ફેરફાર કે કોઈ દખલ કરવામાં આવશે નહીં.

વકફ સુધારા બિલમાં કોઈપણ ધાર્મિક પ્રવૃત્તિમાં દખલગીરીની જોગવાઈ નથી. અમે કોઈ મસ્જિદના કામકાજમાં હસ્તક્ષેપ કરવાના નથી. વકફ બોર્ડ કાયદાના દાયરામાં રહેશે, તેમાં કાયદાની વિરુદ્ધ કંઈ કરવામાં આવશે નહીં.

રિજિજુએ કહ્યું કે કલેક્ટરથી ઉપરના કોઈપણ અધિકારી સરકારી જમીન અને કોઈપણ વિવાદિત જમીન વચ્ચેના વિવાદની તપાસ કરશે. જ્યારે અમે વકફ પ્રોપર્ટી બનાવીએ છીએ ત્યારે અમે કોઈપણ આદિવાસી વિસ્તારમાં જઈ શકતા નથી. આ ફેરફાર મહત્વપૂર્ણ છે. કોઈપણ મસ્જિદ સામે કોઈ કાર્યવાહી કરવાની જોગવાઈ નથી. સરકારે કહ્યું કે આ બિલમાં મસ્જિદના સંચાલનમાં દખલગીરીની કોઈ જોગવાઈ નથી. સરકારે વચન આપ્યું હતું કે સેન્ટર કાઉન્સિલમાં કુલ ૨૨ સભ્યોમાંથી, ૪ થી વધુ બિન-મુસ્લિમો ન હોઈ શકે. ભૂતપૂર્વ અધિકારીઓ સહિત સંસદના ત્રણ સભ્યો ચૂંટાશે. સંસદના સભ્યો કોઈપણ ધર્મના હોઈ શકે છે.

### વક્ફ બોર્ડ પાસે છે એટલી જમીન કે બની જશે એક દેશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

બુધવારે લોકસભામાં વક્ફ સુધારા બિલ રજૂ કરવામાં આવ્યું હતું.પ્રશ્ન એ ઊભો થાય છે કે સરકાર વક્ફ બિલ અંગે આટલી આક્રમક કેમ બની રહી છે? વધુ એક મોટો પ્રશ્ન એ છે કે વક્ફ બોર્ડ પાસે કેટલી જમીન છે? આપને જણાવી દઈએ કે વક્ફ પાસે એટલે જમીન છે, જે તેને ભારતમાં ત્રીજા નંબરનો સૌથી મોટો જમીન માલિકી ધરાવનાર બનાવે છે. રીપોર્ટ્સ અનુસાર, વક્ફ પાસે ૮.૭ લાખ મિલકતો છે, જે ૯.૪ લાખ એકર જમીનને આવરી લે છે. આ સંદર્ભમાં તે દેશમાં ભારતીય રેલ્વે અને સશસ્ત્ર દળો પછી ત્રીજી સૌથી મોટી જમીન માલિકી ધરાવનાર બને છે. વક્ફની માલિકીની જમીનની કુલ કિંમત ૧.૨ લાખ કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે. શું છે વક્ફની પ્રોપર્ટી? વક્ફ પ્રોપર્ટીઝ ઈસ્લામના અનુયાયીઓ દ્વારા દાનમાં આપવામાં આવે છે અને સમુદાયના સભ્યો દ્વારા તેને મેનેજ કરવામાં આવે છે. દરેક રાજ્યમાં વક્ફ બોર્ડ હોય છે, જે એક કાનૂની સંસ્થા છે, જેને મિલકત મેળવવા અને ટ્રાન્સફર કરવાની સત્તા આપવામાં આવે છે. ભારતમાં કુલ ૩૦ વક્ફ બોર્ડ છે. વક્ફ મિલકતો કાયમી ધોરણે વેચી કે ભાડે આપી શકાતી નથી. સામાન્ય રીતે, આમાં ખેતીની જમીન, ઈમારતો, દરગાહ/મઝાર અને કબ્રસ્તાન, ઈદગાહ, ખાનકાહ, મદરેસા, મસ્જિદો, પ્લોટ, તળાવ, શાળાઓ, દુકાનો અને અન્ય ધાર્મિક અને સામાજિક સંસ્થાઓનો સમાવેશ થાય છે.

ઓવૈસીની પાર્ટી AIMIMની ચીમકી

### જો વક્ફ બિલ બળજબરીપૂર્વક મુસ્લિમો પર થોપશો આંદોલન થશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

સંસદમાં વકફ સુધારા બિલ લાવ્યાની વચ્ચે ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન એ દેશવ્યાપી આંદોલન શરૂ કરવાની વાત કહી છે. અસદુદ્દીન ઓવૈસીની પાર્ટીના દિલ્હી પ્રદેશ અધ્યક્ષ શોએબ જમઈએ કહ્યું છે કે જો બિલને બળજબરીપૂર્વક મુસ્લિમો પર થોપવાનો પ્રયત્ન થયો તો દેશવ્યાપી આંદોલન થશે અને તેની શરૂઆત દિલ્હીથી થશે. તેમણે સંભવતઃ શાહીનબાગ તરફ ઈશારો કરતાં કહ્યું કે આંદોલન ત્યાં જ શરૂ થશે જ્યાં ખતમ થયું હતું. શોએબ જમઈએ બુધવારે એક્સ પર લખ્યું, જો વકફ બિલ બળજબરીપૂર્વક મુસ્લિમો પર થોપવાનો પ્રયત્ન કર્યો તો દેશવ્યાપી આંદોલન થશે અને તેની શરૂઆત દિલ્હીથી કરીશું. ગઈ વખતે આંદોલન જ્યાંથી ખતમ થયું હતું શરૂઆત ત્યાંથી જ થશે. અમે પોતાના લોકતાંત્રિક અધિકારોનો ઉપયોગ કરીશું અને બંધારણમાં લઘુમતીઓને આપવામાં આવેલા અધિકાર પર હુમલો સહન કરીશું નહીં. જ્યાં આંદોલન ખતમ થયું હતું શરૂઆત ત્યાંથી થશે. શોએબ જમઈની આ વાતને શાહીનબાગ તરફ ઈશારો સમજવામાં આવી રહ્યો છે.

મૌલાના શહાબુદ્દીન રઝવીએ કહ્યું

### ઘણા રાજકીય જૂથો બિલ અંગે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ઓલ ઈન્ડિયા મુસ્લિમ જમાતના વડા મૌલાના શહાબુદ્દીન રઝવીએ બુધવારે (૨ એપ્રિલ) જણાવ્યું હતું કે વક્ફ (સુધારા) બિલ, ૨૦૧૪ થી મુસ્લિમોને કોઈ ખતરો નથી, પરંતુ તેનાથી તેમને ઘણો ફાયદો થશે. તેમણે દાવો કર્યો હતો કે કેટલાક રાજકીય જૂથો બિલ વિશે બિનજરૂરી ભય ફેલાવીને જનતાને ગેરમાર્ગે દોરી રહ્યા છે. રઝવીએ કહ્યું, "મને આશા છે કે વક્ફ (સુધારા) બિલ સંસદમાં કોઈપણ વિક્ષેપ વિના પસાર થશે. વિપક્ષ ચોક્કસપણે હંગામો મચાવશે કારણ કે તે વૉટ બેંકનું રાજકારણ કરવા માંગે છે, તેથી તે ચોક્કસપણે તેની વૉટ બેંક જાળવી રાખવા માટે હંગામો મચાવશે." આ બિલ મુસ્લિમ સમુદાયને નુકસાન પહોંચાડશે તેવી આશંકાને નકારી કાઢતા તેમણે કહ્યું, "વક્ફ (સુધારા) બિલથી મુસ્લિમોને કોઈ ખતરો નથી. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB) અને રાજકીય જૂથો સાથે સંકળાયેલા અન્ય લોકો મુસ્લિમોને ડરાવી રહ્યા છે, તેમને ગેરમાર્ગે દોરી રહ્યા છે, અફવાઓ ફેલાવી રહ્યા છે અને ગેરસમજ ઉભી કરી રહ્યા છે."

સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલથી કોંગ્રેસ નેતા ભડક્યાં

### હું પણ રામજીનો વંશજ છું, મને પણ ટ્રસ્ટમાં સામેલ કરો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

કોંગ્રેસ નેતા અને સહારનપુરના સાંસદ ઈમરાન મસૂદ વક્ફ સંશોધન બિલમાં પ્રસ્તાવિત સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલમાં નોન-મુસ્લિમ સભ્યોની નિમણૂકની જોગવાઈ મુદ્દે ભડકી ઉઠ્યા છે. તેમણે રોષમાં આવી કહ્યું કે, હું રામજીનો વંશજ છું. મને પણ રામ મંદિર ટ્રસ્ટમાં સામેલ કરો. લઘુમતી બાબતોના મંત્રી કિરેન રિજિજુએ લોકસભામાં આજે વક્ફ સંશોધન બિલ રજૂ કરતાં નિવેદન આપ્યું હતું કે, વક્ફ બોર્ડ ધર્મ વ્યવસ્થા સાથે સંકળાયેલું નથી. જેમાં ૮ લાખથી વધુ પ્રોપર્ટી સામેલ છે. જેનું મેનેજમેન્ટ કરવાનું છે. જેથી ધર્મના આધારે તેનું સંચાલન કરી શકાય નહીં. કોઈપણ વ્યક્તિ તેનું મેનેજમેન્ટ કરી શકે છે. કિરેન રિજિજુના આ નિવેદનથી કોંગ્રેસના નેતા ઈમરાન મસૂદ રોષે ભરાયા હતા. કિરેન રિજિજુએ જણાવ્યા પ્રમાણે, સેન્ટ્રલ વક્ફ કાઉન્સિલમાં ૨૨ સભ્યો હશે, જેમાં ૧૦ મુસ્લિમ અને મહત્તમ ચાર નોન-મુસ્લિમ સભ્ય રહેશે.

નીતિન ગડકરીનો દાવો

# જાપાનને પાછળ છોડીને ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટોમોબાઈલ માર્કેટ બન્યું

## મેં ૨૦૧૪માં કહેલી વાત આજે સાચી પડી : ગડકરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દેશમાં ઈલેક્ટ્રિક વાહનો (ઈફ)નું વેચાણ વધારવા માટે કેન્દ્ર સરકાર તમામ પ્રયાસો કરી રહી છે. સરકાર છેલ્લા થોડા વર્ષોથી લોકોને ઈફ ખરીદવા માટે ઘણું પ્રોત્સાહન આપતી રહી છે. આ સાથે જ ટેકનોલોજી પણ ઘણી આગળ વધી રહી છે અને અવારનવા નવા ફીચર્સવાળા ઈવી પણ લોન્ચ થઈ રહ્યા છે, ત્યારે ઈલેક્ટ્રિક વાહનના વેચાણ મુદ્દે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ મોટો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે, ભારત જાપાનને પાછળ છોડીને વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઓટોમોબાઈલ માર્કેટ બની ગયું છે.



ગડકરીએ કહ્યું કે, 'ભારત ૨૦૩૦ સુધીમાં ઈલેક્ટ્રિક વાહનોનો સૌથી મોટો ઉત્પાદક બનવા માટે પહેલેથી જ તૈયાર છે. ભારતનું ઈવી ક્ષેત્રનું ભવિષ્ય ઘણું ઉજ્જવળ છે. જ્યારે અમારી સરકાર ૨૦૧૪માં સત્તામાં આવી હતી, ત્યારે મેં ઈલેક્ટ્રિક વાહનની વાત કરી હતી, જોકે તે વખતે મારા વિચાર પર કોઈએ વિશ્વાસ કર્યો ન હતો.

### યુએસ હેલ્થ ડિપાર્ટમેન્ટ માંથી થશે ૧૦,૦૦૦ કર્મચારીઓની છટણી

। વોશિંગ્ટન, તા.૨ ।

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસિસ (HHS) એ મોટા પાયે કર્મચારીઓની છટણી કરવાનું શરૂ કર્યું છે. કર્મચારીઓને મંગળવારે બરતરફીની નોટિસ મળવા લાગી. એવી અટકળો છે કે ટ્રમ્પ સરકાર ૧૦,૦૦૦ લોકોને નોકરીમાંથી કાઢી શકે છે. ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ એન્ડ હ્યુમન સર્વિસીસ (HHS)ની છટણીની યોજનાઓમાં હાઈ-પ્રોફાઈલ ફેડરલ એજન્સીઓ જેમ કે ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA), સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (CDC) અને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ (NIH) નો સમાવેશ થાય છે.

## પોરબંદરમાં કલેક્ટરે જનતાને સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવાની કરી અપીલ

। (એજન્સી) પોરબંદર, તા.૨ ।

પોરબંદર મહાનગરપાલિકા બનતા અનેક જગ્યાએ ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી, હાલ જિલ્લા કલેક્ટર દ્વારા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું અને જેમાં કલેક્ટરે સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવા જનતાને અપીલ કરી છે. જિલ્લા કલેક્ટર એસડી ધાનાણી દ્વારા પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મ્યુનિસિપલ કમિશનર, એસ.પી સહિતના અધિકારીઓ હાજર રહ્યા હતા. પોરબંદર મહાનગરપાલિકા અને પોરબંદરના ગ્રામ્ય વિસ્તારમાં દબાણો સામે તંત્રએ લાલ આંખ કરી છે અને સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવા માટે જિલ્લા કલેક્ટર એસ.ડી ધાનાણીએ જનતાને અપીલ કરી છે. હાલ મ્યુનિસિપલ કમિશનર દ્વારા ગેરકાયદેસર થયેલા દબાણો પર કાર્યવાહી કરવામાં આવી રહી છે અને કોમર્શિયલ તથા રેસીડેન્સિયલ મિલકતોને પણ ગેરકાયદેસર દબાણ કર્યું હોય તો નોટિસ ફટકારવામાં આવી રહી છે.

## ઢોરવાડામાં પશુઓની સારવારમાટે ટેકનોલોજીનો ઉપયોગ થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ મનપા એક નવતર પ્રયોગ કરવા જઈ રહ્યું છે. ઢોરવાડામાં પશુઓની સારવાર વધારે સારી રીતે કરી શકાય માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. મ્યુનિસિપલ કોર્પોરેશન પણ હવે આધુનિક જમાના સાથે તાલ મિલાવતા ટેક્નોલોજી તરફ વળ્યું છે. મનપા સંચાલિત ઢોર વાડા માં રાખવામાં આવેલા પશુઓને નેક બેન્ડ લગાવી તેમની તમામ હરકતો પર મોનીટરીંગ કરવામાં આવશે. હાલમાં ૨૫ ગાયોને આ બેન્ડ લગાવવામાં આવ્યા છે. આગામી સમયમાં તમામ પશુઓ માટે આ પ્રકારના નેક બેન્ડ વસાવવાનું આયોજન છે. અમદાવાદના મોટા ભાગના તમામ વિસ્તારમાં હવે રખડતા ઢોર નથી જોવા મળી રહ્યા આ તમામ પશુઓને મનપા સંચાલિત કરુણા મંદિર ખાતે રાખવામાં આવે છે. એ પશુઓની તમામ હરકતોનું મોનીટરીંગ કરવા માટે છૈં ટેક્નોલોજી થી સજ્જ નેકબેન્ડ વસાવવામાં આવ્યા છે.. જેના માધ્યમથી તમામ ઢોરની તમામ મૂવમેન્ટ નો ડેટા મોબાઈલમાં રેકોર્ડ થશે. જેના આધારે તેની સારવાર અને ખાન પાન માટે વ્યવસ્થા કરવામાં આવશે.થોડા સમય અગાઉ મનપા ઝ્દ્રઝ્ઢ વિભાગની ટીમ બનાસકાંઠા અને અમૂલ ડેરી ની મુલાકાત લીધી હતી જ્યાં આ નેકબેન્ડ અંગે માહિતી મળી હતી. જે બાદ અહીં રહેલા પશુઓ માટે આ બેન્ડ વસાવવામાં આવ્યા છે.. આ બેન્ડથી પશુ કેટલાક ઊભા રહે છે, કેટલા કલાક બેસે છે, ખાઈ છે કેટલું, વાગોળે છે કેટલું , તેમના શરીર નું તાપ માન, એની બીમારી આ તમામ બાબત નું અપડેટ સતત મળતું રહેશે.

### 200.7 MMT કાર્ગો સંચાલન કરનાર મુન્દ્રા દેશનું પ્રથમ બંદર

# માર્ચ- ૨૦૨૫માં કાર્ગો હેન્ડલિંગમાં અદાણી પોર્ટ્સે અભૂતપૂર્વ રેકોર્ડ્સ સર્જ્યા

। અમદાવાદ, તા.૨ ।



અદાણી ગ્રુપની કંપની APSEZ એટલે કે અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોને માર્ચ ૨૦૨૫માં અત્યાર સુધીનો સૌથી વધુ કાર્ગોનું સંચાલન કર્યું છે. કંપનીના મુખ્ય બંદર મુન્દ્રા પોર્ટે એક વર્ષમાં ૨૦૦.૭ મિલિયન મેટ્રિક ટન (MMT) કાર્ગોનું સંચાલન કરીને ઈતિહાસ રચ્યો છે.

અદાણી ગ્રુપની કંપની અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ) એ માર્ચ ૨૦૨૫ માં એક નવા રેકોર્ડ્સ બનાવ્યો છે. કંપનીએ આ નાણાકીય વર્ષ (FY25) માં અત્યાર સુધીના સૌથી વધુ કાર્ગોનું સંચાલન કર્યું છે. આ સાથે મુન્દ્રા બંદર એક વર્ષમાં ૨૦૦.૭ મિલિયન મેટ્રિક ટન (MMT) થી વધુ કાર્ગોનું સંચાલન કરનાર ભારતનું પ્રથમ બંદર બન્યું છે.

વર્ષ ૨૦૨૫ માં 200.7 MMT કાર્ગોનું સંચાલન કરનાર મુંદ્રા દેશનું પ્રથમ બંદર બન્યું છે. આ સિદ્ધિ ભારતમાં લોજિસ્ટિક્સ અને વ્યવસાય વિસ્તરણના ઝડપી વિકાસને પ્રતિબિંબિત કરે છે. APSEZ ની ઉપલબ્ધિ ઝડપી ગતિશીલ ફેરફારોને સ્વીકારવાની અને ટકાઉ વૃદ્ધિ તરફ તેની સફર ચાલુ રાખવાની ક્ષમતાને દર્શાવે છે. માર્ચ ૨૦૨૫માં અદાણી પોર્ટ્સે કુલ ૪૧.૫ MMT કાર્ગોનું સંચાલન કર્યું હતું, જે વાર્ષિક ધોરણે ૯% ની વૃદ્ધિ દર્શાવે છે. જેમાં કન્ટેનર વોલ્યુમમાં વાર્ષિક ૧૯% નો વધારો નોંધાયો છે. લીક્વીડ અને ગેસ કાર્ગોમાં વાર્ષિક ૫% નો વધારો નોંધાયો છે. અદાણી પોર્ટ્સનું આ ઐતિહાસિક અને વિક્રમી પ્રદર્શન ભારતના લોજિસ્ટિક્સ ક્ષેત્રની અભૂતપૂર્વ મજબૂતાઈ દર્શાવે છે.

ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના નેતૃત્વ હેઠળના અદાણી ગ્રુપની કંપની APSEZ નું ESG (પર્યાવરણ, સામાજિક અને શાસન) જોખમ રેટિંગ સુધર્યું છે. સસ્ટેનાલિટીક્સે APSEZ નું રેટિંગ 'નીચા' જોખમ શ્રેણીથી વધારીને 'નકારાત્મક' જોખમ શ્રેણીમાં કર્યું છે. ઉપરાંત APSEZ સસ્ટેનાલિટીક્સના વૈશ્વિક રેકિંગમાં ટોચના ૫ પર્સન્ટાઈલથી ટોચના ૨ પર્સન્ટાઈલ કંપનીઓમાં સુધારો થયો છે.

APSEZ ના ઉદ્યોગ રેક્કિંગમાં પણ સુધારો થયો છે. મરીન પોર્ટ્સ પેટા-ઉદ્યોગમાં APSEZનું રેક્કિંગ છઠ્ઠા સ્થાનથી બીજા સ્થાને પહોંચ્યું છે. ટ્રાન્સપોર્ટેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉદ્યોગમાં કંપનીનું રેક્કિંગ પણ ૩૩મા સ્થાનથી સુધરીને ૧૨મા સ્થાને પહોંચી ગયું છે.

કેરળ સ્થિત APSEZ ના વિઝિંજામ પોર્ટે પણ માર્ચ મહિનામાં ૧ લાખ TEUs કન્ટેનરનું સંચાલન કર્યું, જે અદાણી ગ્રુપ માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. અદાણી પોર્ટ્સની સિદ્ધિઓથી અદાણી ગ્રુપ સહિત ભારતનું બંદર અને લોજિસ્ટિક્સ ક્ષેત્ર વધુ મજબૂત બન્યુ છે. અદાણી પોર્ટ્સ આગામી મહિનાઓમાં તેની કાર્ગો હેન્ડલિંગ ક્ષમતામાં વધુ વધારો કરવાની યોજના ધરાવે છે. કંપનીને તેના કાર્ગો હેન્ડલિંગમાં વધુ વૃદ્ધિની અપેક્ષા છે.

## આણંદ મહાનગરપાલિકા દ્વારા ફાયર એનઓસી નથી તેવા 3 પાર્ટી પ્લોટ અને ૧ ટ્યુશન ક્લાસીસ સીલ કરાયા



। આણંદ, તા.૨ ।

આણંદ મહાનગરપાલિકાના કમિશનર શ્રી મિલિંદ બાપનાની સૂચના મુજબ મહાનગરપાલિકાની ટીમ દ્વારા આજે મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારોમાં આવેલ કોચિંગ ક્લાસીસ, મોટા કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને પાર્ટી પ્લોટ ખાતે ફાયર એનઓસી છે કે કેમ? તેની જરૂરી ચકાસણી કરવામાં આવી હતી.

આણંદ મહાનગરપાલિકાની ફાયર વિભાગની ટીમ દ્વારા આજે કરવામાં આવેલ ચકાસણી દરમિયાન વઘાસી રોડ ઉપર આવેલ વિધિ પાર્ટી પ્લોટ, ગણેશ ચોકડી પાસેના પંચવટી પાર્ટી પ્લોટ અને સ્વસ્તિક વાટિકા ખાતે જરૂરી ફાયર એનઓસી ન હોવાને કારણે તાત્કાલિક અસરથી આ ટીમ દ્વારા આ ત્રણેય પાર્ટી પ્લોટ સીલ કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત આણંદ વિદ્યાનગર રોડ ઉપર આવેલ સ્માર્ટ બજારની બાજુમાં, પેટ્રોલ પંપની સામે, સિદ્ધ ઈન્સ્ટિટયૂટ કે જે ખાનગી ટ્યુશન ક્લાસીસ ચલાવે છે, જેની ચકાસણી કરતા આ ઈન્સ્ટિટયૂટ ખાતે ફાયર એનઓસી મેળવેલ નથી, તેમ જણાવતા આણંદ મહાનગરપાલિકા ની ટીમ દ્વારા તાત્કાલિક અસરથી સિદ્ધ ઈન્સ્ટિટ્યૂટને પણ સીલ કરવામાં આવી છે.

આણંદ મહાનગરપાલિકાના કમિશનરશ્રીના જણાવ્યા મુજબ આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલા તમામ ટ્યુશન ક્લાસીસ, કોચિંગ ક્લાસીસ, મોટા કોમર્શિયલ કોમ્પ્લેક્સ અને પાર્ટી પ્લોટ કે જેમની પાસે ફાયર એનઓસી નથી, જે તાત્કાલિક અસરથી ફાયર એનઓસી મેળવી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે. આણંદ મહાનગરપાલિકાની ફાયર વિભાગ ની ટીમ દ્વારા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે, તે મુજબ જે કોચિંગ ક્લાસીસ, પાર્ટી પ્લોટ કે કોમર્શિયલ કોમ્પ્લેક્સ માં ફાયર એનઓસી મેળવેલ નહીં હોય તો તાત્કાલિક અસરથી સીલ કરવામાં આવશે, તેમ જણાવ્યું છે.

### એક મહિનાથી મચ્છરોના ઉપદ્રવથી વ્યાપક ફરિયાદો ઉઠી

## સુરત શહેમાં મચ્છરનો ઉપદ્રવ રોકવા ટેકનોલોજીનો ઉપયોગ

। (એજન્સી) સુરત, તા.૨ ।

સુરત મહાનગર વિવિધ વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી મચ્છરોના ઉપદ્રવથી વ્યાપક ફરિયાદો ઉઠી છે. શહેરીજનો મચ્છરોના ત્રાસથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે. જોકે, શહેરમાં કેટલાક એવા બ્લાઈન્ડ સ્પોટ છે જેમાં પાલિકાના કર્મચારીઓ મેન્યુઅલી દવા છંટકાવ કે સર્વે ન કરી શકે તેવી જગ્યાએ ટેકનોલોજીનો ઉપયોગ કરી સમસ્યાનો હલ કરવા માટે પ્રયાસ કરાયો છે. આજે સુરત પાલિકાના રાંદેર ઝોનમાં ભેસાણ વિસ્તારમાં ડ્રોનનો ઉપયોગ કરી આવા સ્પોટ પર દવાનો છંટકાવ કરવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ટેકનોલોજીનો આગામી દિવસોમાં મહત્તમ ઉપયોગ કરવામાં આવશે. શહેરમાં મચ્છરનો ઉપદ્રવ વધવા સાથે પાલિકાએ મચ્છરનો ઉપદ્રવ દૂર કરવા માટે ડ્રાય ડે જેવી ઝુંબેશ અને અન્ય નિયમિત કામગીરી થકી મચ્છરોના બ્રીડિંગ સ્પોટ શોધી તેનો નાશ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. જોકે, આ કામગીરી છતાં પણ હાલમાં શહેરના રાંદેર ઝોનમાં મચ્છરનો ભારે ઉપદ્રવ હોવાની ફરિયાદ વધી છે. આ વિસ્તારમાં અનેક એવા સ્પોટ છે જ્યાં પાલિકાના કર્મચારીઓ સર્વેની કામગીરી કે દવા છંટકાવ કરી શકતા નથી. આ સમસ્યાનો હલ લાવવા પાલિકાએ આધુનિક ટેકનોલોજીનો સહારો લીધો છે અને ગુજરાતમાં પહેલીવાર ડ્રોનનો ઉપયોગ જંતુનાશક દવાનો છંટકાવ કરવા માટે શરૂ કરવામાં આવ્યો છે. સુરત મહાનગરપાલિકા દ્વારા પહેલી વખત મચ્છરજન્ય રોગચાળાને અંકુશમાં લેવા માટે ટેક્નોલોજીના ઉપયોગની પહેલ કરી છે. સામાન્ય દિવસોમાં લીકેજથી સ્થિર પાણીમાં મેલેરિયા, ફાઈલેરિયા અને ડેંગ્યુ જેવા મચ્છરોનો પ્રકોપ વધતો હોય છે.

### ડેમ રીપેરીંગકામ માટે ખાલી કરવામાં આવશે

## મચ્છુ-૨ ડેમના ૨ દરવાજા રિપેરીંગ માટે ખોલાશે, ૨૯ ગામને એલર્ટ

। (એજન્સી) મોરબી, તા.૨ ।

મોરબીમાં મચ્છુ ડેમ ૨ના દરવાજા રીપેરીંગ માટે આજે ૪ વાગ્યે ખોલવામાં આવશે. મચ્છુ ૨ ડેમનાં ૨ દરવાજા ૨ ફુટ ખોલવામાં આવશે. ૧૩૦૦ ક્યુસેકથી તબક્કા વાર ૩૫૦૦ ક્યુસેક સુધી પાણી છોડવામાં આવશે. મોરબી તાલુકાના ૨૦ અને માળિયાના ૯ ગામોને એલર્ટ કરાયા છે. મોરબીનો જીવાદોરી સમાન મચ્છુ ૨ ડેમ રીપેરીંગકામ માટે ખાલી કરવામાં આવશે. આજથી તબક્કાવાર ડેમ ખાલી કરવાની શરૂઆત કરાશે. આવતીકાલે બપોરે ૪ વાગ્યે બે દરવાજા બે ફૂટ ખોલી ૧૩૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવશે. બાદમાં તબકકાવાર વધારીને ૩૫૦૦ ક્યુસેક પ્રવાહ પાણી છોડવામાં આવશે. મોરબી તાલુકાના ૨૦ અને માળીયા તાલુકાના ૯ ગામોને એલર્ટ અપાયું છે. મોરબી તાલુકાના, જોધપર, લીલાપર, ભડીયાદ, ટીંબડી, ધરમપુર, રવાપર, અમરેલી, વનાળીયા, ગોર ખીજડીયા, માનસર, નવા સાદુલકા, જુના સાદુલકા,રવાપર, ગુંગણ, નારણકા, બહાદુરગઢ, જુના નાગડાવાસ, નવા નાગડાવાસ, સોખડા, અમરનગરનો સમાવેશ થાય છે. માળીયા તાલુકાના વીરપરડા, દેરાળા, નવાગામ, મેધપર, હરીપર, મહેન્દ્રગઢ, ફતેપુર, સોનગઢ, માળીયા (મી) ગામોને સાવચેત રહેવા અને નદીના પટમાં અવર જવર ના કરવા સૂચના અપાઈ છે.મોરબીના જોધપર, લીલાપુર, ભડીયાદ, ટીંબડી,ધરમપુર, નવાં સાદુળકા ગામ સહિત ૨૦ ગામો એલર્ટ કરવામાં આવ્યા છે. માળિયાના વીરવદરકા,દેરાળા, નવાં ગામ,મેઘપર હરીપર સહિત ૯ ગામો એલર્ટ કરાયા છે. મચ્છુ ડેમ ૨ના ગેટના દરવાજા રીપેરીંગ માટે ડેમ ખાલી કરાશે.

### છેતરપિંડીનો કીસ્સો સામે આવ્યો

## સાઉન્ડ બોક્સના ચાર્જ ફ્રી થઈ ગયા હોવાનું કહીને દુકાનદાર સાથે છેતરપિંડી થઇ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

સાઉન્ડ બોક્સના ચાર્જ ફ્રી થઈ ગયા હોવાનું કહીને દુકાનદારો સાથે છેતરપિંડી કરતી ટોળકીના છ શખ્સોની સાયબર ક્રાઈમ પોલીસે ધરપકડ કરી છે. આ બનાવની વિગત મુજબ વાસણામાં રહેતા જયેશ એચ. દેસાઈએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે બે અજાણ્યા શખ્સોએ તેમની પાસે આવીને પોતેPaytm કંપનીમાંથી આવતા હોવાની ઓળખ આપી હતી. બાદમાં Paytm સાઉન્ડ બોક્સમાં રૂ.૯૯ નો માસિક ચાર્જ આવે છે તે હાલમાં રૂ.૧ થઈ ગયો છે કહીને જયેશભાઈને વિશ્વાસમાં લીધ હતા. બાદમાં જયેશભાઈના મોબાઈલ ફોનમાંથી જેબિટ કાર્ડની ઓનલાઈનઅરજી કરી બાદમાં ડેબિટ કાર્ડ આવતા ડેબિટ કાર્ડ એક્ટીવ કરીને Paytm ની રૂ. ૧ સ્કિમ ચાલુ કરાવવા માટે જયેશભાઈ પાસેથી ડેબિટ કાર્ડ તથા મોબાઈલ ફોન માંગીને પ્રોસેસ કરવાને બહાને મોબાઈલ ફોનમાંથી બેક્રની એપ્લિકેશનનો પાસવર્ડ મેળવી લીધો હતો. બાદમાં જયેશબાઈના બેક્ર ઓફ બરોડાના એકાઉન્ટમાંથી રૂ. ૫,૯૯,૦૦૦ ટ્રાનઝેક્શન દ્વારા મેળવી લઈને છેતરપિંડી કરી હતી.

### ખાતરની અછત સર્જાતા ખેડૂતો પરેશાન થઈ રહ્યા છે

## ગીર પંથકમાં ભર ઉનાળે યુરિયાની અછત, પાકમાં ઉતારો ઘટવાની ખેડૂતોને ભીતિ

। (એજન્સી) ગીર, તા.૨ ।

ગીર વિસ્તારમાં શિયાળાની શરૂઆતમાં યુરિયા ખાતરની અછત રહેતી હોય છે. પરંતુ આ વર્ષે ભર ઉનાળે યુરિયાની અછત ગીર પંથકમાં સર્જાઈ છે. કોડીનાર પંથકમાં ભર ઉનાળે યુરિયા ખાતરની અછત સર્જાતા ખેડૂતો પરેશાન થઈ રહ્યા છે. ખાતર માટે ખેડૂતો ધમધોકતા તાપમાં અહીં તહીં ભટકી રહ્યા છે તો ખાતર ડેપોમાં ખાતરની ગાડી આવતા જ લાંબી કતાર લાગે છે. ડેપો મેનેજરના મતે ઉપરથી જ ખાતરની આવક નથી. હજુ થોડો સમય અછત રહેશે. કોણ જાણે કેમ પણ આ વર્ષે ગીર સોમનાથ જિલ્લામાં યુરિયા ખાતરની અછત વર્તાઈ રહી છે. રવિ પાક સમયે પણ યુરિયાની ખૂબ અછત જોવા મળી હતી તો ગીર વિસ્તારમાં પાણીની સુવિધા હોવાથી મગ, અડદ, ચણા અને શેરડીના પાકમાં પણ પાયાના ખાતરની જરૂરિયાત ઉભી થાય છે. ઉનાળામાં પહેલી પિયત બાદ ખાતર આવશ્યક બને છે, ત્યારે જ યુરિયા ખાતર ન મળતા ખેડૂતો વિવિધ એગ્રોની દુકાને ફરતા રહે છે. ખાતર ડેપોમાં વર્તમાન સમયમાં ડીએપી અને એન.પી.કે ખાતર હાલમાં મળી રહે છે, ત્યારે યુરિયાની અછત જોવા મળી રહે છે.

# સુરતના ઈન્ડોર સ્ટેડિયમ ખાતે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની થીમ પર ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયોઃ પૂર્વોત્તર રાજ્યોના ૨૦૦ તથા ગુજરાતના ૨૦૦ કલાકારોએ રંગારંગ પ્રસ્તુતિઓ રજૂ કરી





। (માહિતી) સુરત, તા.૨ ।

પોરબંદર જિલ્લાના માધવપુર ખાતે તા.૬ થી ૧૦ એપ્રિલ સુધી માધવપુરનો ભાતીગળ મેળો યોજાશે, જેમાં સાંસ્કૃતિક વિરાસતો અને ધરોહરોને જોવા, જાણવા અને માણવાની તક મળશે, ત્યારે સુરત વાસીઓ પણ રાજ્યની આગવી સાંસ્કૃતિક પરંપરાથી અવગત થાય એ માટે સુરતના ઈન્ડોર સ્ટેડિયમ-અઠવાલાઈન્સ ખાતે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની થીમ પર આયોજિત ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં પૂર્વોત્તર રાજ્યોના ૨૦૦ તથા ગુજરાતના ૨૦૦ કલાકારોએ એક એકથી ચડિયાતી રંગારંગ પ્રસ્તુતિઓરજૂકરીહતી.રાજ્યનારમતગમત,યુવાઅને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને પ્રવાસન વિભાગની પ્રેરણા અને માર્ગદર્શનમાં જિલ્લા વહીવટી તંત્ર અને સુરત મહાનગરપાલિકા આયોજિત આ કાર્યક્રમમાં પૂર્વોત્તર રાજ્યો; અરૂણાચલ પ્રદેશ, આસામ, મણિપુર, મિઝોરમ, મેઘાલય, સિક્કિમ, ત્રિપુરા અને નાગાલેન્ડ અને ગુજરાતના મળી કુલ ૪૦૦ કલાકારોએ સુરતમાં સૌપ્રથમવાર સંયુક્ત રીતે ભવ્ય સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજૂ કરી સુરતવાસીઓ મંત્રમુગ્ધ કર્યા હતા. દેશની બે અલગ અલગ સંસ્કૃતિના કલાકારો દ્વારા સંયુક્ત રીતે પરફોર્મ કરવામાં આવેલી આ સૌથી મોટી સામૂહિક સાંસ્કૃતિક કૃતિઓ હતી. આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય ટેક્ષટાઈલ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધી, પોલીસ કમિશનરશ્રી અનુપમસિંહ ગહલૌત, નાયબ પો. કમિશનર વબાંગ ઝમીર સહિત વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, જિલ્લા યુવા વિકાસ અધિકારી રાધિકા લાઠીયા, જિલ્લા વહીવટીતંત્ર અને મનપાના અધિકારીઓ, વિવિધ શાળાના વિદ્યાર્થીઓ, શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત અને નોર્થ ઈસ્ટના વિવિધ કલાનૃત્યો આકર્ષણનું કેન્દ્ર બન્યા. ઈન્ડોર સ્ટેડિયમમાં નોર્થ ઈસ્ટના વિવિધ કલા નૃત્યોમાં અરૂણાચલનું ટેંગ કો ન્યોન, તાપુ, આસામનું બિહુ અને દાસોઅરી દેલાઈ નાચ, મણિપુરનું પંગ ઢોંગ ઢોલોક ચોલમ, મિઝોરમનું ચોંગ્લેઝવોન, વાંગલા, મેઘાલયનું કોચ, નાગાલેન્ડનું સંગતામ (માકુ હીનયાચી), સિંગઈ/યોક છમ, તેમાંગ સેલો, સિક્કિમનું ચુટકે, હોજાગીરી, ત્રિપુરાનું મમીતા અને સંગ્રેઈન નૃત્ય રજૂ કર્યા હતા. ગુજરાતના સુરેન્દ્રનગરનો રાસ, મહિસાગર ટ્રાઈબલ નૃત્ય, છોટાઉદેપુરનું રાઠવા, ડાંગનું ડાંગી, જોરાવરનગરનું હુડો, પોરબંદરના ઢાલ તલવાર અને મણિયારો, પોરબંદર ગાંધીનગરનો મિશ્ર રાસ, મોરબીના ગરબા, ભાલ વિસ્તારનું પઢાર મંજીરા નૃત્ય રજૂ કરી કલાકારોએ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવી દીધા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

**ન્યૂઝ બ્રિફ**

## સુપ્રીમ કોર્ટે ૮ વર્ષની બાળકી અનન્યા યાદવને પણ યાદ કરી

। (એજન્સી) લખનૌ, તા.૨ ।

યુપીના આંબેડકર નગરમાં દબાણ હટાવવાની કાર્યવાહી દરમિયાન ૮ વર્ષની બાળકી અનન્યા યાદવ પોતાના ઘરેથી સ્કૂલ બેગ લઈને ભાગી હતી. ઘર ધ્વસ્ત કર્યા જવાની કાર્યવાહી દરમિયાન તેનો આ રીતે પુસ્તકોથી ભરેલું બેગ લઈને ભાગવાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. આ દરમિયાન અનન્યાનો ઉલ્લેખ સુપ્રીમ કોર્ટમાં પણ મંગળવારે થયો. જસ્ટિસ એએસ ઓકા અને જસ્ટિસ ઉજ્જવલ ભુઈયાંએ કહ્યું, એક વીડિયો સામે આવ્યો છે, જેમાં બુલડોઝરથી નાની-નાની ઝૂંપડીઓને ધ્વસ્ત કરવામાં આવી રહી છે. આ દરમિયાન એક બાળકી પોતાના હાથમાં અમુક પુસ્તકો લઈને ભાગે છે જેથી તેને નુકસાન ન થાય. આ વીડિયોથી દરેકને આઘાત લાગ્યો છે. આ સંબંધિત અનન્યા યાદવથી પણ વાત થઈ, જેની પર તેને કહ્યું કે હું ઈચ્છતી હતી કે મારી પુસ્તકો બરબાદ ન થાય. તેથી તક જોઈને બેગ ઉઠાવી અને દોડી. અનન્યા યાદવે કહ્યું, હું સ્કૂલેથી પાછી ફરી હતી અને બેગને મૂકી દીધી હતી. ત્યાં જ માતા પશુઓને બાંધતી હતી. બુલડોઝર ચાલ્યા દરમિયાન અમારી પાસેની એક ઝૂંપડીમાં આગ લાગી ગઈ હતી. આ દરમિયાન મને પોતાની સ્કૂલબેગ અને પુસ્તકોની યાદ આવી. મારી માતાએ મને રોકવાનો પ્રયત્ન પણ કર્યો પરંતુ હું દોડી ગઈ અને પુસ્તકો અને બેગને લઈ આવી.

## દીકરીની બંને આંખો ફોડી, માતા-દીકરાની કરી ઘાતકી હત્યા

। (એજન્સી) રાંચી, તા.૨ ।

ઝારખંડના ગિરિડીહમાં લોકાય નયનપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના બરદૌની ગામમાં મંગળવારે (પહેલી એપ્રિલ) એક મહિલા અને તેના બે બાળકોની ક્રૂરતાપૂર્વક હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસે મૃતક મહિલાના પતિ ચારો હેમ્બ્રમ અને સસરા તાલો હેમ્બ્રમની અટકાયત કરી છે. આ ઘટના અંગે પોલીસે કરેલા ખુલાસા ચોંકાવનારા છે. મૃતકોમાં ચારો હેમ્બ્રમની પત્ની રેણુઆ ટુડુ (૩૦ વર્ષ), પુત્રી સરિતા હેમ્બ્રમ (૯ વર્ષ) અને પુત્ર સતીશ હેમ્બ્રમ (૬ વર્ષ)નો સમાવેશ થાય છે. ત્રણેયની ક્રૂરતાથી હત્યા કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, મૃતક મહિલાના પતિ ચારો હેમ્બ્રમે પોલીસને જણાવ્યું હતું કે, 'મે સોમવારે રાત્રે પત્નીને ગામના એક યુવાન સાથે જોઈ હતી. જેના કારણે મે પત્નીને માર માર્યો હતો. ત્યારબાદ પત્ની રાત્રે બંને બાળકો સાથે ઘર છોડીને ક્યાંક ચાલી ગઈ. પત્ની અને પુત્રની ક્રૂરતાથી હત્યા કરીને પાનિયાય ગામના તળાવ પાસે એક ઝાડ પર મૃતદેહને લટકાવીને તેને આત્મહત્યા જેવો દેખાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.'

### અમે ફિલ્મ રિલીઝ થવા નહીં દઇએ

# પાકિસ્તાની એક્ટરની બોલિવૂડમાં વાપસી વચ્ચે મનસેનું મોટું એલાન

## ફિલ્મમાં પાકિસ્તાની કલાકારોની હાજરીનો વિરોધ થયો

। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

ફિલ્મ અબીર-ગુલાલનું ગઈ કાલે ટ્રેલર રિલીઝ થયા બાદ તેના પર હોબાળો શરૂ થઈ ગયો છે. આ ફિલ્મમાં પાકિસ્તાની એક્ટર ફવાદ ખાન છે. જે લાંબા સમય બાદ બોલિવૂડમાં કમબેક કરી રહ્યો છે. તેની સાથે અભિનેત્રી વાણી કપૂર લીડ રોલમાં છે. હવે રાજ ઠાકરેની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (MNS) ફિલ્મમાં પાકિસ્તાની કલાકારોની હાજરીનો વિરોધ કરી રહી છે. તેમનું કહેવું છે કે અમે આ ફિલ્મને મહારાષ્ટ્રમાં રિલીઝ થવા નહીં દઈએ. રોમેન્ટિક-કોમેડી અબીર ગુલાલ ૯ મે, ૨૦૨૫ ના રોજ



રિલીઝ થઈ રહી છે. તેનું ટીઝર રિલીઝ થતાની સાથે જ મહારાષ્ટ્રમાં વિરોધ શરૂ થઈ ગયો હતો. મીડિયા રિપોર્ટ્સ મુજબ, મહારાષ્ટ્ર નવ નિર્માણ સેનાના પ્રવક્તા અમેય કોપકરે કહ્યું કે, 'અમે મહારાષ્ટ્રમાં ફિલ્મ રિલીઝનો વિરોધ કરી રહ્યા છીએ. અમને ફિલ્મની રિલીઝ વિશે આજે જ ખબર પડી, જ્યારે ફિલ્મના નિર્માતાઓએ તેની જાહેરાત કરી. પરંતુ અમે સ્પષ્ટ કહીએ છીએ કે અમે આ ફિલ્મને મહારાષ્ટ્રમાં રિલીઝ થવા દઈશું નહીં. કારણ કે તેમાં પાકિસ્તાની કલાકારની હાજરી છે.' શિવસેનાના નેતા સંજય નિરુપમે કહ્યું, 'જ્યારે પાકિસ્તાની ફિલ્મ રિલીઝ થાય છે ત્યારે લોકો તેને જોવી પસંદ કરતા નથી. એક-બે મિનિટ માટે કોઈ ફિલ્મ જોવી એ અલગ વાત છે. પાકિસ્તાની કલાકારોની ફિલ્મો ભારતીય દર્શકોમાં બહુ લોકપ્રિય નથી. તેથી જ પાકિસ્તાની કલાકારો ભારતમાં ક્યારેય સફળ થયા નથી. હું પાકિસ્તાનીઓને સલાહ આપીશ કે તેઓ બોલિવૂડમાં કામ કરવાના બદલે પોતાના દેશમાં કામ કરે.

### આટલા રૂપિયા ક્યાંથી આવ્યા? સુપ્રીમ કોર્ટે પૂછ્યા ૩ પ્રશ્નો

# સુપ્રીમ કોર્ટે હાઈ કોર્ટના જજ યશવંત વર્માને પૂછ્યા પ્રશ્નો

## જસ્ટિસ યશવંત વર્માએ કહ્યું કે, તેમને રોકડ રકમની જાણ નથી : હાલમાં, આ સમગ્ર મામલાની તપાસ ચાલી રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દિલ્હી હાઈકોર્ટના જસ્ટિસ યશવંત વર્માના ઘરમાં રોકડ કૌભાંડનું રહસ્ય હજુ પણ અકબંધ છે. જસ્ટિસ યશવંત વર્માના ઘરમાં રહસ્યમય આગ અને સળગેલી હાલતમાં મળેલી ચલણી નોટો મળી આવવાના મામલાની તપાસ ચાલી રહી છે. આ દરમિયાન, સુપ્રીમ કોર્ટે સીધા જજ યશવંત વર્મા પાસેથી ત્રણ પ્રશ્નોના જવાબ માંગ્યા છે. સુપ્રીમ કોર્ટે પોતાના પ્રશ્નોમાં ઘરમાં આગ લાગવા અને નોટો પકડાવવા અંગે સીધો



પ્રશ્ન પૂછ્યો હતો. જણાવી દઈએ કે, જસ્ટિસ વર્માના ઘરમાં ૧૪ માર્ચે એટલે કે, હોળીની રાત્રે આગ લાગી હતી. આગ પર કાબુ મેળવવામાં આવી રહ્યો હતો, ત્યારે જ રોકડ કૌભાંડનો ખુલાસો થયો હતો. સુપ્રીમ કોર્ટ પાસે જસ્ટિસ યશવંત વર્મા માટે ત્રણ પ્રશ્નો હતા. પહેલો પ્રશ્ન એ હતો કે, જસ્ટિસ વર્માના ઘરના રૂમમાં પૈસા/રોકડની હાજરીનો તેઓ કેવી રીતે હિસાબ આપે છે? બીજો પ્રશ્ન એ હતો કે, ઉપરોક્ત રૂમમાંથી મળેલા રોકડનો સ્ત્રોત જણાવો. ત્રીજો મહત્વપૂર્ણ પ્રશ્ન એ હતો કે, ૧૫ માર્ચ ૨૦૨૫ ના રોજ સવારે રૂમમાંથી બળી ગયેલી નોટો બહાર કાઢનાર વ્યક્તિ કોણ છે? સુપ્રીમ કોર્ટે જસ્ટિસ વર્માને તેમનો મોબાઈલ ફોન ન તોડવા પણ કહ્યું હતું.



નવી દિલ્હીમાં હરિયાણાના આરોગ્ય મંત્રી આરતી સિંહ રાવ અને કેન્દ્રીય આંકડા અને કાર્યક્રમ અમલીકરણ અને આયોજન રાજ્યમંત્રીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.

### ઝહીર ખાને ઉઠાવ્યા સવાલ

## લખનૌ-પંજાબ મેચ બાદ પિચને લઈને વિવાદ થયો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

લખનૌ સુપર જાયન્ટ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે IPL 2025ની ૧૩મી મેચ લખનૌના એકાના ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાઈ હતી. પંજાબ કિંગ્સની ટીમે ૧ એપ્રિલે રમાયેલી આ મેચ ૨૨ બોલ બાકી રહેતાં ૮ વિકેટે જીતી લીધી હતી. આ મેચ હાર્યા બાદ લખનૌ ટીમના મેન્ટર ઝહીર ખાને પિચ પર સવાલો ઉઠાવ્યા હતા. લખનૌ સુપર જાયન્ટ્સના મેન્ટર ઝહીર ખાને આ મેચ બાદ કહ્યું- એવું લાગી રહ્યું હતું કે વિપક્ષી ટીમ પિચ તૈયાર કરવા માટે પોતાના ક્યુરેટરને લઈને આવી છે. વધુમાં તેણે કહ્યું કે, આ ઘરેલું મેચ છે અને IPLમાં તમે જોયું છે કે ટીમો હોમ ગ્રાઉન્ડનો થોડો ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કરે છે. આ દૃષ્ટિકોણથી તમે જોયું હશે કે ક્યુરેટર ખરેખર એવું નહોતું વિચારતા કે તે ઘરેલું મેચ છે, મને લાગે છે કે કદાચ એવું લાગતું હશે કે તે પંજાબ કિંગ્સના ક્યુરેટર છે. ઝહીરે નિરાશાજનક રીતે કહ્યું કે, અમે તેના પર વિચાર કરીશું, આ મારા માટે નવું સેટઅપ છે, પરંતુ મને આશા છે કે આ પ્રથમ અને છેલ્લી મેચ હશે.

### જાણો રસોઈયા, કૂતરા અને નજીકના મિત્રને શું મળ્યું

# જાણીતા ઉદ્યોગપતિ રતન ટાટાની વસિયતનામું (વિલ) આવ્યું સામે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દેશના જાણીતા ઉદ્યોગપતિઓ માંના એક રતન ટાટા ૯ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ આ દુનિયાને કાયમ માટે છોડી ગયા. રતન ટાટાના મૃત્યુ પછી, તેમની અંદાજિત ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિની ચર્ચા હવે થઈ રહી છે. ઘણા પ્રશ્નો સતત પૂછવામાં આવી રહ્યા છે કે, વસિયતનામા (રતન ટાટા વિલ) માં કોના નામે શું થયું? કોને શું મળ્યું? રતન ટાટાએ કોની વફાદારીને પુરસ્કાર આપ્યો? રતન ટાટા,



જેમણે પોતાની સંપત્તિનો સૌથી મોટો ભાગ સખાવતી કાર્યોમાં દાનમાં આપ્યો છે, તેમણે પોતાના વફાદાર, જૂના સાથીદારો, સ્ટાફ અને પોતાના પ્રિય કૂતરાઓની સંભાળ માટે પોતાના વસિયતનામામાં શું લખ્યું છે? ચાલો જાણીએ કે રતન ટાટાએ તેમના વસિયતનામામાં કોના માટે શું છોડી દીધું છે. કૂક રાજન શોને રતન ટાટાના પાલતુ કૂતરા ટીટોની સંભાળ રાખવાની જવાબદારી સોંપવામાં આવી છે. તેમના પ્રિય કૂતરા 'ટીટો' માટે ૧૨ લાખ રૂપિયાનું કોર્પસ ફંડ અલગથી રાખવામાં આવ્યું છે. કોર્ટના દસ્તાવેજો અનુસાર, રતન ટાટા પાસે રૂ. ૪ લાખથી વધુની રોકડ હતી, લગભગ રૂ. ૩૬૭ કરોડ સ્થાનિક બેંક ખાતાઓ અને એફડીમાં જમા હતા. તેમની પાસે રૂ. ૪૦ કરોડની વિદેશી સંપત્તિ પણ હતી.

### ઘાયલોને બચાવવા માટે ગયેલી ઇમરજન્સી ટીમ પર

# ઈઝરાયેલે ૧૫ પેલેસ્ટિનિયન ડોક્ટરોની હત્યા કરી હોવાનો યુએનનો આક્ષેપ

। (એજન્સી) દેઇર અલ-બલાહ, તા.૨ ।

સંયુક્ત રાષ્ટ્ર (UN)એ ઇઝરાયેલી સૈનિકો પર દક્ષિણ ગાઝામાં ૧૫ પેલેસ્ટિનિયન તબીબી સ્ટાફના લોકોની હત્યા કરવાનો આરોપ મૂક્યો હતો. યુએનનો દાવો છે કે, પેલેસ્ટાઇનોએ આ તમામ તબીબી સ્ટાફને કબરમાં દફનાવ્યા હતા. આ વિસ્તારમાં ક્ષતિગ્રસ્ત એમ્બ્યુલન્સો પણ મળી આવી હતી. એવો આરોપ છે કે ઇઝરાયેલી લશ્કરી બુલડોઝરોએ એમ્બ્યુલન્સ અને ડોકટરોના મૃતદેહને કચડી નાખ્યા હતા. UNનું કહેવું છે કે ૧૮ મહિના પહેલા ગાઝામાં યુદ્ધ શરૂ થયું ત્યારથી ઈઝરાયેલે ૧૦૦થી વધુ નાગરિક



સુરક્ષા કર્મચારીઓ અને ૧૦૦૦થી વધુ આરોગ્ય કર્મચારીઓને મારી નાખ્યા છે. પેલેસ્ટિનિયનોના વિશાળ ટોળાએ ગાઝામાં નાસેર હોસ્પિટલની બહાર મૃત ડોકટરો અને ઈમરજન્સી કર્મચારીઓને દફનાવ્યા હતા. પેલેસ્ટિનિયન રેડ ક્રેસેન્ટે આરોપ લગાવ્યો હતો કે કામદારો અને તેમના વાહનો પર સ્પષ્ટપણે તબીબી નિશાનો હતા. આમ છતાં ઇઝરાયેલી સૈનિકોએ તેમને નિર્દયતાથી મોતને ઘાટ ઉતાર્યા હતા. જો કે, ઈઝરાયલી સેનાએ કહ્યું કે તેમણે અજાણ્યા શંકાસ્પદ વાહનો પર ગોળીબાર કર્યો હતો. મૃતકોમાં આઠ રેડ ક્રેસન્ટ કર્મચારી, ગાઝાના નાગરિક સુરક્ષા ઈમરજન્સી યુનિટના ૬ સભ્ય અને પેલેસ્ટિનિયનો માટે સંયુક્ત રાષ્ટ્ર એજન્સી (UNRWA)ના એક કર્મચારીનો સમાવેશ થાય છે. ઈન્ટરનેશનલ રેડ ક્રોસ/રેડ ક્રેસેન્ટે જણાવ્યું હતું કે આ આઠ વર્ષમાં તેના કર્મચારીઓ પરનો સૌથી ઘાતક હુમલો હતો. ઈઝરાયલી દળોએ ૨૩ માર્ચે રફાહના તેલ અલ-સુલતાન જિલ્લામાં આક્રમણ શરૂ કર્યું હતું.

### લોકોમોટિવ પ્રોડક્શનમાં નવું સિમાચિહ્ન

## ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ૧,૬૮૧ લોકોમોટિવ્સનું ઉત્પાદન કરીને અમેરિકા અને યુરોપને પાછળ છોડ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારત રેલવે લોકોમોટિવ મેન્યુફેક્ચરિંગમાં વૈશ્વિક સ્તરે અગ્રણી તરીકે ઉભરી આવ્યું છે અને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧,૬૮૧ લોકોમોટિવ્સનું વિક્રમી ઉત્પાદન હાંસલ કર્યું છે. આ સિમાચિહ્ન અમેરિકા, યુરોપ, દક્ષિણ અમેરિકા, આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા જેવા પ્રદેશોના કુલ લોકોમોટિવ ઉત્પાદનને વટાવી ગયું છે અને વૈશ્વિક રેલવે ક્ષેત્રમાં ભારતના વધતા જતા પ્રભુત્વની પુષ્ટિ કરે છે.

ભારતીય રેલવેના લોકોમોટિવ મેન્યુફેક્ચરિંગ યુનિટ્સે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન વિવિધ કેટેગરીમાં ૧,૬૮૧ લોકોમોટિવ્સનું ઉત્પાદન કરીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ અગાઉના નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ઉત્પાદિત ૧,૪૭૨ લોકોમોટિવ્સની તુલનામાં ૨૦૯ લોકોમોટિવ્સ અથવા ૧૯ ટકાનો વધારો દર્શાવે છે. આ રેકોર્ડ બ્રેકિંગ ઉત્પાદન દેશમાં લોકોમોટિવ મેન્યુફેક્ચરિંગ માટે અત્યાર સુધીનું સૌથી વધુ ઉત્પાદન છે, જે રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ક્ષમતા વધારવામાં તમામ એકમોની નોંધપાત્ર સિદ્ધિઓને પ્રતિબિંબિત કરે છે. લોકોમોટિવ ઉત્પાદનમાં સતત વધારો એ "મેક ઈન ઈન્ડિયા" પહેલને મજબૂત કરવા માટે લેવામાં આવેલા વ્યૂહાત્મક નિર્ણયોનું સીધું પરિણામ છે. ૨૦૦૪ અને ૨૦૧૪ની વચ્ચે, ભારતે કુલ ૪,૬૯૫ લોકોમોટિવ્સનું ઉત્પાદન કર્યું હતું, જેની રાષ્ટ્રીય વાર્ષિક સરેરાશ ૪૭૦ હતી. તેનાથી વિપરીત, ૨૦૧૪ થી ૨૦૨૪ સુધીમાં, લોકોમોટિવ ઉત્પાદનમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો, જેમાં ૯,૧૬૮ લોકોમોટિવ્સનું ઉત્પાદન થયું હતું, જે વાર્ષિક સરેરાશ વધીને આશરે ૯૧૭ થઈ ગઈ હતી. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં, ભારતીય રેલ્વેએ તેના ઉત્પાદન એકમોમાં ૧,૬૮૧ લોકોમોટિવ્સનું રેકોર્ડ ઉત્પાદન હાંસલ કર્યું છે. આ ઉત્પાદનનું વિતરણ નીચે મુજબ કરવામાં આવ્યું હતુંઃ ચિત્તરંજન લોકોમોટિવ વર્ક્સે ૭૦૦ લોકોમોટિવ્સનું ઉત્પાદન કર્યું હતું, બનારસ લોકોમોટિવ વર્ક્સે ૪૭૭, પટિયાલા લોકોમોટિવ વર્ક્સે ૩૦૪ લોકોમોટિવ્સ અને ૧૦૦ લોકોમોટિવ્સનું ઉત્પાદન મધેપુરા અને મારહોરા એકમોમાં કર્યું હતું.

### રેલવે અકસ્માત ૪૦૦ થી ૮૧ પર પહોંચ્યા

# રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે લાલુ, મમતા અને ખડગેના કાર્યકાળને બનાવ્યા નિશાન

## તેમણે કહ્યું કે, લાલુજીના સમય દરમિયાન દર વર્ષે લગભગ ૭૦૦ અકસ્માત થાય છે, મમ્મતા જીના સમય દરમિયાન લગભગ ૪૦૦ અકસ્માત થયા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

લોકસભામાં પ્રશ્નના સમય દરમિયાન, રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવ બુધવારે તેમની સરકારની સફળતા ગણાવી હતી. તેમણે તેમની સરકારમાં રેલવે સલામતીમાં થયેલા સુધારા વિશે વાત કરી. તેમણે કહ્યું કે, રેલવે સલામતીમાં સુધારો થયો છે અને છેલ્લા નાણાકીય વર્ષમાં રેલવે અકસ્માતોની સંખ્યા ઓછી થઈ છે. છેલ્લા નાણાકીય વર્ષમાં રેલવે અકસ્માતોની સંખ્યા ૪૦૦ હતી, જે હવે નીચે આવી ગઈ છે. ઉપરાંત, રેલવે પ્રધાન વૈષ્ણવએ કહ્યું કે રેલ્વે સલામતીમાં ખૂબ જ મહત્વપૂર્ણ સુધારા થયા છે. તેમણે રેલવેના કાર્યકાળ દરમિયાન રેલમાં અકસ્માતોની સંખ્યાની તુલના લાલુ પ્રસાદ , મમ્મતા બેનર્જી અને મલ્લિકાર્જુન અડગેના કાર્યકાળ સાથે કરી હતી, જે રેલવે પ્રધાન હતા. વૈષ્ણવએ જણાવ્યું હતું કે, લાલુ જીના સમય દરમિયાન દર વર્ષે લગભગ ૭૦૦ અકસ્માત થાય છે, મમ્મતા જીના સમય દરમિયાન



લગભગ ૪૦૦ અકસ્માત થયા હતા, ખર્ગે જીના સમય દરમિયાન લગભગ ૩૮૫ અકસ્માત થયા હતા. તાજેતરમાં નાણાકીય વર્ષ (૨૦૨૪-૨૫) માં, આ સંખ્યા ૪૦૦ થી ૮૧ થી નીચે આવી છે, જે ખૂબ જ મહત્વપૂર્ણ સુધારણા છે. રેલવે સંબંધિત ગુનાઓ માટે એફઆઈઆર નોંધવામાં વિલંબના કેસો વિશે એક પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો. આ પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે, દરેક રાજ્યના જીઆરપી (સરકારી રેલવે પોલીસ) અને આરપીએફ (રેલવે પ્રોટેક્શન ફોર્સ) ની સતત ચર્ચા થાય છે અને ઝીરો એફઆઈઆર માટે સિસ્ટમના અમલીકરણથી મુદ્દાઓ હલ કરવામાં મદદ મળશે. અગાઉ, રેલવે મંત્રીએ રાજ્યસભામાં ૧૭ માર્ચે લાલુ યાદવ અને મમતા બેનર્જીને નિશાન બનાવ્યા હતા અને કહ્યું હતું કે રેલવે પ્રધાન તરીકે મમતા બેનર્જી અને લાલુ યાદવના કાર્યકાળ દરમિયાન, દરરોજ સરેરાશ એક અને બે અકસ્માતોનો ઉપયોગ થતો હતો અથવા ટ્રેન ટ્રેકમાંથી ઉતરતો હતો. રેલવે મંત્રાલયની કામગીરી અંગેની ચર્ચાના જવાબમાં વૈષ્ણવએ કહ્યું હતું કે, ૨૦૦૫-૦૬માં, જ્યારે આરજેડી સુપ્રીમો લાલુ યાદવના હાથમાં રેલવે વિભાગ હતો, ત્યારે ૬૯૮ અકસ્માતો અને ટ્રેન પાટા પરથી ઉતરી જવાની ઘટનાઓ બનતી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ટીએમસીના વડા મમતા બેનર્જીના કાર્યકાળ દરમિયાન, ૩૫૫ અકસ્માતો અને પાટા પરથી રેલવે ઉતરી જવાની ઘટનાઓ બની હતી અને જ્યારે કોંગ્રેસના મલ્લિકારજુન ખર્ગે રેલવે પ્રધાન હતા, ત્યારે અકસ્માતોની સંખ્યા અને ટ્રેક પરથી ટ્રેન ઉતરવાની સંખ્યા ૩૮ હતી.

## લાલુ પ્રસાદ યાદવની તબિયત અચાનક લથડી

। (એજન્સી) પટણા, તા.૨ ।

રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના પ્રમુખ અને બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવની તબિયત અચાનક બગડી ગઈ છે. મળતી માહિતી મુજબ, તેમની બ્લડ સુગરશુગર વધી જવાને કારણે તેમની હાલત નાજુક બની ગઈ છે. પટનાના ડૉક્ટરોએ તેમને દિલ્હી જવાની સલાહ આપી છે. જે બાદ લાલુ પ્રસાદ યાદવને એર એમ્બ્યુલન્સની મદદથી દિલ્હી લાવવામાં આવશે. લાલુ પ્રસાદ યાદવ છેલ્લા બે દિવસથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓથી પરેશાન હતા. બ્લડ સુગરશુગર ના વધેલા લેવલના કારણે થયેલા જૂના ઘાનાં કારણે



તેમની તબિયત બગડી હતી. એવામાં આજે સવારે તબિયત લથડતા તેમને રાબડી નિવાસ પર તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. લાલુ પ્રસાદ યાદવના પરિવાર અને સમર્થકો તેમના જલ્દી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી રહ્યા છે. તેમના સ્વાસ્થ્યને લઈને રાજકારણ અને સમાજમાં ચિંતાનું વાતાવરણ છે.

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**
**વિવિધ એન્જીનિયરીંગ કામ**
**ઈ-ટેન્ડર નોટીસ નં.** 01 વર્ષ 2025-26 તા.01-04-2025. (1) **ઈ-ટેન્ડર નં.** ડીઆરએમ-આરજેટી-2025-26-ઈ-01 **કામનું નામઃ** રાજકોટ ડિવિઝન :- ગુડ્ઝ શેડ ખાતે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું અપગ્રેડેશન. **NITની અંદાજીત પડતરઃ** ₹ 2,25,94,681.75, **અર્નેસ્ટ મનીઃ** ₹ 2,63,000.00, (2) **ઈ-ટેન્ડર નં.** ડીઆરએમ-આરજેટી-2025-26-ઈ-02 **કામનું નામઃ** રાજકોટ ડિવિઝન :- ડિવિઝનલ એન્જિનીયર (પશ્ચિમ) રાજકોટના અધિકારક્ષેત્ર હેઠળ પ્રાઈવેટ સાઈડિંગ એલસી નં. 12 ખાતે રબરાઈઝ્ડ સરફેસ જોગવાઈ. **NITની અંદાજીત પડતરઃ** ₹ 29,52,437.88, **અર્નેસ્ટ મનીઃ** ₹ 59,100.00, **બંને ટેન્ડરો માટેઃ ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ** તા.25-04-2025 ના 15:00 કલાકે. **ઓફીસનું સરનામુંઃ** ડિવિઝનલ રેલવે મેનેજર (એન્જી.) પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ-360001. **વેબસાઈટઃ** www.ireps.gov.in
RJT-192
અમને ફોલો કરો: X x.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**
**ઈલેક્ટ્રિકલ કામ**
**ઈ-ટેન્ડર નોટીસ નં.** સિની.ડીઈઈ/એડીઆઈ/71 (24-25) તા.01-04-2025. **ટેન્ડર નં.** ઈએલ-50-1-એડીઆઈ-ટી-91-2024-25 **કામનું નામઃ** અમદાવાદ ડિવિઝન - એચટી/એલટી પેનલ્સ, સબસ્ટેશન, અર્થિંગ જેવા વિજળી પરિસંપત્તિઓની વિશ્વસનીયતા, પ્રકાશ અને સુરક્ષાની સુધારણાના સંબંધમાં વિદ્યુત કામ. **અંદાજીત પડતરઃ** ₹ 2,82,56,988/- **અર્નેસ્ટ મનીઃ** ₹ 2,91,300/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ** તા.29-04-2025 ના 15:00 કલાકે તે પછી નહિં અને તા.29-04-2025 ના 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગતઃ** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345. **વેબસાઈટ વિગતઃ** www.ireps.gov.in
ADI-359
અમને ફોલો કરો: X x.com/WesternRly

## તંત્રી લેખ...

# છત્તીસગઢના ભૂપેશ બઘેલની મુશ્કેલીઓ વધી

છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલની મુશ્કેલીઓ સતત વધતી જઈ રહી છે. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશને મહાદેવ એપ કૌભાંડમાં તેમને આરોપી બનાવાયા છે. ૬૦૦૦ કરોડના ઓનલાઈન સટ્ટા કૌભાંડથી જોડાયેલા કેસમાં સીબીઆઈએ બઘેલનું નામ એફઆઈઆરમાં સામેલ કર્યું છે. આ ઘટનાક્રમ એવા સમયે થયો છે જ્યારે એક અઠવાડિયા પહેલા એજન્સીએ ચાર રાજ્યોમાં ૬૦ ઠેકાણા પર દરોડા પાડ્યા હતા. જેમાં બઘેલનું આવાસ, અમુક અમલદાર અને પોલીસ અધિકારીઓના ઘર સામેલ હતા. FIRમાં કહેવામાં આવ્યું છે કે મહાદેવ બુક એપના માલિકોએ પોલીસ અધિકારીઓ, વહીવટી અધિકારીઓ અને પ્રભાવશાળી રાજકીય વ્યક્તિઓને પ્રોટેક્શન મની તરીકે મોટી રકમ આપી. જેથી તેમની ગેરકાયદે પ્રવૃત્તિઓ વિરુદ્ધ એક્શન લેવામાં ન આવે. આ રૂપિયા હવાલા દ્વારા પોલીસ અને તંત્રના અધિકારીઓ સુધી પહોંચાડવામાં આવતા હતા અને પછી વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને પ્રભાવશાળી રાજકીય વ્યક્તિઓ સુધી પહોંચાડતા હતા. આ રીતે ઘણા પોલીસ અને તંત્રના અધિકારીઓએ પોતાને ફાયદો પહોંચાડવા માટે પોતાના પદનો દુરુપયોગ કર્યો. એજન્સીએ ૧૮ ડિસેમ્બર ૨૦૨૪એ આ મામલે એફઆઈઆર નોંધાવી હતી. ઉલ્લેખનીય છે કે ઈડી મહાદેવ એપથી જોડાયેલા મની લોન્ડરિંગ મામલાની તપાસ કરી રહી છે. જેનો ખુલાસો રાજ્યમાં છેલ્લી કોંગ્રેસ સરકાર દરમિયાન થયો હતો. ઈડીએ પહેલા પણ રાજ્યમાં આ મામલે ઘણા દરોડા પાડ્યા હતા અને ગેરકાયદેસર સટ્ટાબાજી અને ગેમિંગ એપના બે મુખ્ય પ્રમોટર્સ સૌરભ ચંદ્રાકાર અને રવિ ઉપ્પલ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. મહાદેવ બેટિંગ એપ ઓનલાઈન સટ્ટાબાજી માટે બનાવવામાં આવી હતી. તેની પર યુઝર્સ પોકર જેવા કાર્ડ ગેમ્સ અને અન્ય ગેમ રમી શકતાં હતાં. આ એપ દ્વારા ક્રિકેટ, ફુટબોલ, બેડમિન્ટન, ટેનિસ, જેવી રમતોમાં સટ્ટાબાજી પણ કરવામાં આવતી હતી.

## પર્યાવરણ પ્રત્યેના અનહદ પ્રેમને પગલે “સ્વાનંદ” માટે પ્રકૃતિ સંરક્ષણનું કાર્ય કરતા શિક્ષણ બોર્ડના મદદનીશ સચિવ પુલકિત જોશી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના મદદનીશ સચિવશ્રી પુલકિત જોશી મૂળ બનાસકાંઠા જિલ્લાના મગરવાડા ગામના વતની છે. મગરવાડા ગામમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાના આદ્ય સ્થાપક એમના દાદાજી શ્રી ડાહ્યાલાલ મણિલાલ જોશી આદર્શ શિક્ષક તો હતા જ પણ વિશેષતઃ ભારે પ્રકૃતિ પ્રેમી હતા. આજે તેમનો આખો પરિવાર પ્રકૃતિ પ્રત્યે ખૂબ સંવેદનશીલ છે. શ્રી પુલકિતભાઈ કેટલાંય વર્ષોથી શિક્ષણની કામગીરી સાથે જોડાયેલા છે. પણ તે પહેલેથી પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે ખૂબ લગાવ ધરાવે છે. તેથી સરકારી સેવા સાથે સમાજની સેવા માટે શિક્ષકોને આ દિશામાં વિશેષ માર્ગદર્શન અને પ્રોત્સાહન આપી રહ્યા છે. હાલ ગ્લોબલ વાર્મિંગની પરિસ્થિતિને ખાળવા માટે અનેક સંસ્થાઓ અને સમાજ સેવકો પર્યાવરણ વિષય પર કામ કરી રહ્યા છે. તે સાથે શ્રી જોશીએ એનોખો અભિગમ શરૂ કર્યો છે, પ્રાથમિક શાળામાંથી બાળકને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી શાળાના શિક્ષકોને આ કામગીરીમાં રસ જગાડી રહ્યા છે. આજે સ્વચ્છ ભારત અભિયાન અને સ્વચ્છતા હી સેવા જેવાં કાર્યોમાં જોડાયેલા શિક્ષકો દ્વારા શાળામાં બગીચો, કિચન ગાર્ડન, વૃક્ષારોપણ, બાળકોનાં ઘર અને શાળામાંથી નકામું પ્લાસ્ટિક એકત્ર કરી વેસ્ટ બોટલમાં ભરી પ્લાસ્ટિક મુક્ત અભિયાન, પાણી બચાવો, વીજળી બચાવો જેવા વિષયો પર કામ થઈ રહ્યું છે, ત્યારે પર્યાવરણ સંરક્ષણ અને સંવર્ધન અભિગમ સાથે ઉત્તમ અને અદકેરું કાર્ય કરતા શિક્ષકોને પ્રોત્સાહન મળે તે હેતુથી રાજ્યના ૨,૫૦૦ શિક્ષકોને સન્માનિત કરવાના કાર્યક્રમનું તેમણે લોક સહયોગથી આયોજન કરેલું છે.

‘હું છું પર્યાવરણ સંરક્ષક’ - શ્રી જોશીના આ અભિયાનને બહોળો પ્રતિસાદ, જેમાં રાજ્યના અનેક શિક્ષકો સ્વયંભૂ જોડાયા.

રાજ્ય સરકારના કર્મયોગી શ્રી જોશીએ મર્મયોગી બની એક નવતર અભિગમ શરૂ કર્યો છે, “હું છું પર્યાવરણ સંરક્ષક - આવો સાથે મળી પર્યાવરણ બચાવીએ”. આ અભિયાન શરૂ કરતાં આ દિશામાં કામ કરતા શિક્ષકોએ જ આ આખા અભિયાનને ઉપાડી લીધું. સોશિયલ મીડિયા દ્વારા ચર્ચા અને માર્ગદર્શન ચાલ્યાં અને કાર્ય વેગવંતુ બન્યું. આજે તો આ સામૂહિક અભિયાન બની ગયું છે. આ અભિયાનની સફળતાના શ્રેય માટે હજારો જણ હકદાર છે.

ઉમદા વ્યક્તિત્વ, કર્તવ્ય નિષ્ઠ કર્મયોગી અને પરોપકારી શ્રી પુલકિત જોશી મહેસાણા જિલ્લામાં નાયબ પ્રાથમિક શિક્ષણાધિકારી તરીકે ૧૫ માર્ચ ૨૦૧૭ માં જોડાયા હતા, મહેસાણા ખાતે ઉત્તમ કામગીરી કર્યા બાદ પ્રતિનિયુક્તિ તરીકે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ ખાતે ૦૧ એપ્રિલ ૨૦૨૧ ના દિવસે ચાર્જ સંભાળ્યો હતો. સંસ્કૃત થકી સુરાજ્યની ભાવના સાથે રાજ્યના ૩૩ જિલ્લામાં સંસ્કૃત સંભાષણના વર્ગો કરી સંસ્કૃતિના ઉત્થાન માટે કાર્ય કર્યું, જેમાં ૭,૦૦૦ શિક્ષકોને જોડ્યા હતા. તે પછી અત્યારે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડમાં સેવારત છે. સારી કામગીરી કરતા શિક્ષકોને બિરદાવવા એ તેમનું ધ્યેય છે, આ મંત્રને તેઓ સતત આગળ ધપાવી રહ્યા છે અને રાજ્યના જે શિક્ષકો શિક્ષણ કાર્ય સિવાય સ્વાન્ત સુખાયની ભાવનાથી સમાજ જાગૃતિનાં કાર્યો કરી રહ્યા છે તેમને સન્માનિત કરવાની કામગીરી અવારનવાર કરતા રહે છે. શ્રી જોશીએ તેમના અભ્યાસકાળ દરમિયાન સાકાર યુવા મંડળના પ્રમુખ હતા ત્યારથી આજ સુધીમાં યુવાનો, શિક્ષકો અને સમાજના સાથ અને સહકારથી હજારો વૃક્ષોની વાવણીનું કાર્ય કરેલ છે. શ્રી જોશી માને છે કે બાળ માનસમાં સારા સંસ્કારનું સિંચન થાય તો ઉત્તમ નાગરિકો મળે અને તેમના થકી શ્રેષ્ઠ રાષ્ટ્રનું નિર્માણ થઈ શકે છે. તે માટે પર્યાવરણ જેવા સંવેદનશીલ વિષયમાં શિક્ષકોની મદદથી કુમળા મનમાં આ વિષયને પ્રસ્તુત કરવાનો અનોખો પ્રયાસ તેમણે શરૂ કરેલ છે. તેઓ રાજ્યના ૧૮ હજાર જેટલાં ગામડાંમાં સેવા આપી રહેલા શિક્ષકોનો સહયોગ લઈ આગામી ભવિષ્યને સુરક્ષિત કરી જ૨૦૪૭ના વિકસિત ભારતમાં સહયોગ આપવા કર્મઠ બન્યા છે. તેમણે સ્વચ્છતા, પ્રદૂષણ નિવારણ, વૃક્ષારોપણ, જળસંચય, પ્લાસ્ટિક મુક્તિ, વીજ બચત, જૈવ વૈવિધ્યતાની જાળવણી, જમીન સુધારણા અને જમીન પુનઃસ્થાપનના વિષયોને જમીન સ્તર સુધી લઈ જઈ પર્યાવરણ બચાવો દેશ બચાવો અભિયાનમાં સૌનો સહકાર મેળવવાનો નિર્ધાર કર્યો છે.

---

**અનાહતનો અર્થ અનહર્ટ, અનસ્ટ્રક કે અજેટ નાદ એટલે કે અવકાશી ક્ષેત્રના અવાજ સાથે સંકળાયેલ છે**

# અનાહત ચક્ર એટલે કે હૃદય ચક્ર, સ્ત્રી અને પુરુષનાં મિલનનું પ્રતિનિધિત્વ કરે છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**પશુમાંથી જેમ જેમ માનવી બનતા જઈએ, એમ એમ આ જ્ઞાનનો રંગ નારંગીમાં ભળી અને હજી વધુ પીળો બનાવે છે, અને મણીપુર એટલે કે રત્નોનું નગર આંતરિક ઊર્જા અને સૂર્ય દ્વારા સોષાયેલી ઉર્જાથી જગમગી ઊઠે છે. આટલું જાગરણ તો આપણાથી અવશ્ય થશે કે હું પશુ નથી! માનવ તરીકેનો જન્મ મળ્યો છે.**

ચૈત્રી નવરાત્રીના પાંચમા દિવસે કાર્તિકેયની માતા સંકન્દ માતાને નમન કરીએ. એક સામાન્ય જીવની માતા હોય કે પછી મા જગત જનની જગદંબા હોય, એ તેના મમતાના એક અનન્ય ભાવને કારણે પ્રખ્યાત પણ થઈ શકે છે, અને કુખ્યાત પણ થઈ શકે છે. મમતાનો રંગ લાલ માનવામાં આવ્યો છે, આ ઉપરાંત કામ ભાવવાળા પ્રેમને પણ લાલ રંગ તરીકે સ્વીકારવામાં આવ્યો છે, અને એટલે જ પ્રેમીઓમાં લાલ ગુલાબની આપ લે થતી હોય છે. આપણે મુલાધાર ચક્રની શાસ્ત્રીય રચના જોઈ ત્યારે જોયું હતું કે મુલાધારનો રંગ પણ લાલ છે, કારણ કે એ કામનું કેન્દ્ર છે. પરંતુ હું પશુ નથી, હું મનુષ્ય છું, અને મારે મારા કામભાવ ને નિયંત્રિત રાખવા સંયમનની જરૂર છે. એવું થોડુંક જ્ઞાન પણ આ લાલ રંગમાં ભળે, તો એ મુલાધરમાંથી સ્વાધિષ્ઠાન ચક્ર પર પહોંચી જાય છે, અને લાલમાં જ્ઞાનનો પીળો રંગ ભળતાં એ નારંગી થઈ જાય છે, એ આપણે સૌ જાણીએ છીએ. એટલે જાગરણથી જ્ઞાન અને જ્ઞાનથી શક્તિ પ્રવાહ સુધી પહોંચવાની વાત છે. પશુમાંથી જેમ જેમ માનવી બનતા જઈએ, એમ એમ આ જ્ઞાનનો રંગ નારંગીમાં ભળી અને હજી વધુ પીળો બનાવે છે, અને મણીપુર એટલે કે રત્નોનું નગર આંતરિક ઊર્જા અને સૂર્ય દ્વારા સોષાયેલી ઉર્જાથી જગમગી ઊઠે છે. આટલું જાગરણ તો આપણાથી અવશ્ય થશે કે હું પશુ નથી! માનવ તરીકેનો જન્મ મળ્યો છે, તો કમ સે કમ માનવી બની રહીશ, પણ કામ ભાવ નિયંત્રિત કરી શકનારા પણ આપણે ઉપર કહ્યું તેમ મમતાને કારણે આ મુલાધાર પર જ રહી જાય છે, અથવા તો જો કામની અધિષ્ઠાતા હોય તો, આખું આયખું પૂરું થાય પણ નથી એનું ભોગ પર સયંમન, કે નથી કામ પર, કે નથી મમતા પર! શ્રદ્ધાની જેમ મમતા પણ સાત્વિકી રાજસી અને તામસી હોય છે, અને એની ત્રિગુણાત્મકતા જીવનને સાચી ખોટી દિશામાં દોરે છે. જેમકે ગાંધારીની મમતા તામસી હતી, અને જેણે આખા કુળનો વિનાશ નોતર્યો! એ જ રીતે માતા કુંતી અને માતા કૈકેયીની મમતા રાજસી હતી, જેણે પણ રામ રાવણ કે કૌરવ પાંડવનાં યુદ્ધ માટે મહત્વની ભૂમિકા અદા કરી. તો માતા કૌશલ્યા અને સુમિત્રાની મમતા સાત્વિકી હતી, અને તેમના ત્યાગ સમર્પણ અને બલિદાનની ગાથા આજે પણ ગવાય છે, અને એનું કારણ એ જ છે કે એમની મમતા મુલાધાર પર નહીં, પરંતુ અનાહત ચક્ર કે હૃદય ચક્રમાં પ્રેમ રુપે સ્થાપિત હતી, અને આજે આપણે સાત ચક્રમાના ચોથા ચક્ર અનાહત ચક્ર કે હૃદય ચક્ર વિશેની શાસ્ત્રીય રચના જોઈએ.

અનાહત અથવા હૃદય ચક્ર એ ચોથું પ્રાથમિક ચક્ર છે. જે શાક્ત બૌદ્ધ કે હિન્દુ તાંત્રિક પરંપરાઓ સાથે સંકળાયેલું છે. અનાહતનો અર્થ અનહર્ટ, અનસ્ટ્રક કે અજેટ નાદ એટલે કે અવકાશી ક્ષેત્રના અવાજ સાથે સંકળાયેલ છે. અનાહત સંતુલન, શાંતિ અને નિર્મળતા સાથે સંકળાયેલ છે. આ ઉપરાંત અનાહતનો એક અર્થ બે ભાગોનો સ્પર્શ કર્યા વિના ઉત્પન્ન થતો અવાજ! અહીં સુધી જીવ પોતાની એકની શક્તિ સાથે ઝઝુમતો હતો, અને જાગવા મથતો હતો. જ્યારે હૃદય ચક્રમાં અન્યની લાગણી પર કુલાગણીનો પ્રહાર થતાં, એને એ શક્તિ સામે પણ સ્પર્શ કર્યા વગર ઝઝુમવાનું છે, અને એનો અવાજ કે નાદની તીવ્રતા આ ચક્રની સક્રિયતા બતાવે છે.

અનાહત ચક્ર જે કરોડમાં હૃદયની લાઈનમાં આવેલ છે.તેને બાર પાંખડીઓ આવેલ છે.તે હૃદય અને છાતીના અવયવો સાથે જોડાયેલ છે.અનાહત ચક્રનું કે હૃદય ચક્રનું સ્થાન હૃદયની નજીક કરોડરજ્જુની મધ્ય ચેનલમાં સ્થિત છે. અનાહતને બાર પાંખડીઓવાળા કમળનાં ફૂલ દ્વારા દર્શાવવામાં આવે છે, જેનો રંગ લીલો છે. અંદર બે ત્રિકોણના આંતરછેદ પર એક ધુમાડો પ્રદેશ છે, જે ષટકોણ બનાવે છે. ષટકોણ એ તંત્ર માર્ગમાં વપરાતું પ્રતીક છે, જે સ્ત્રી અને પુરુષના મિલનનું પ્રતિનિધિત્વ કરે છે. ખાસ કરીને, તેનો અર્થ પુરૂષ અને પ્રકૃતિનું પ્રતિનિધિત્વ કરવાનો છે. આ વિસ્તારના દેવતા વાયુ છે, જે ધુમાડા જેવા અને ચાર હાથવાળા છે, જે કુશ ધરાવે છે, અને કાળિયાર પર સવાર છે. “ચોથું ચક્ર જેનું સક્રિય છે એવી વ્યક્તિ” પાસે હરણની જેવી નિર્દોષ આંખો હોય છે. આ ચક્ર સાથે સંકળાયેલ ષટકોણ હવાનું પ્રતિનિધિત્વ કરે છે, જે ઉપર, નીચે અને ચારેય દિશામાં ખસે છે. આ ચક્રનો બીજ મંત્ર ‘યં’ છે, જેના ઉચ્ચારણથી એક સ્પષ્ટ શબ્દ બ્રહ્મ પ્રાપ્ત થાય છે, અને ઉચ્ચારણ બિંદુની અંદર ઈશા દેવી છે, અને ઈશા તેજસ્વી સફેદ કે વાદળી રંગની છે. તેનાં પાંચ ચહેરા વિશે અસ્પષ્ટ નિવેદન છે, અને દરેક ચેહરા પર ત્રણ આંખો છે, એ વાઘની ચામડી પહેરે છે, અને ત્રિશૂળ અને નગારું ધરાવે છે, જે ભય દૂર કરે છે. તેની શક્તિ કાકિની છે, જે ચમકતા પીળા અથવા ગુલાબી રંગની છે.તેની સંખ્યાબંધ વિવિધતા છે. બીજ મંત્રના ઉચ્ચારણ સાથે પવન દેવતા જોડાયેલ છે, અને વાયુ એટલે કે પવનનો પોતાનો બીજ મંત્ર હીમ છે, જે યં સાથે બોલવાથી હૃદય ચક્રને પ્રભાવિત કરી ક્રિયાન્વિત કરવામાં મદદ કરે છે. બાર પાંખડીઓ કં, ખં, ગ્યં, ગં, ન્ગં, ચં, છં, જં, ઝં, ન્યં, ટં, થં, સંસ્કૃતમાં નિશાની સાથે કોતરેલી છે, જે ૧૨ વૃત્તિઓ કે ૧૨ દેવી ગુણો સાથે એટલે કે આનંદ, શાંતિ, સંવાદિતા, સમજણ, સહાનુભૂતિ, સ્પષ્ટતા, શુદ્ધતા, એકતા, કરુણા, દયા, ક્ષમા, જેવા આંતર ઉજાળતા કે જીવનની શોભા વધારતા ગુણોની પુષ્ટિ થાય છે.

આ ચક્રનો દેવતા પવન છે, અને આપણ સૌ જાણીએ છીએ કે પવનનો પણ એક અવાજ છે! આ ઉપરાંત પાણીનો પણ અવાજ છે આકાશમાં પણ કેટલી એ ગેલેક્સીઓ એકબીજા પર પરિભ્રમણ કરતી હોય છે, અને આકાશ ગંગામાં પણ આ ગેલેક્સી તૂટવાના, તારો ખરવાના વિવિધ અવાજો થતા હોય છે, અને ક્યારેક ક્યારેક આપણે સાંભળીએ પણ છીએ, આ ઉપરાંત આપણે ત્યાં નાદ બ્રહ્મની પણ એક આધ્યાત્મિક વાત છે. બાહ્ય પ્રકૃતિની વાત છોડીએ તો હૃદય તો ધબકારાથી જ મેન્ટેન થતું હોય છે, અને એ આપણે માનવી છીએ! આપણે માનવીએ છીએ! એવો અવાજ કરીને આપ ણને હરક્ષણ જગાડે છે, પરંતુ જો જાગવું હોય તો! બાકી લોકો એને સામાન્ય ધબકારા સમજી ભૂલી જતા હોય છે. જીવન પુરું થાય એ પહેલાં આ અનાહતનો નાદ આપણે અનુભવી શકીએ કે નહીં! તે નક્કી નથી થતું! પરંતુ આ ચક્રનો મુખ્ય ગુણ કે ભાવ લાગણી એટલે કે પ્રેમ છે અને પ્રેમ એ એક એવી સંજીવની છે,જે એક સાથે બે જીવને જીવંત બનાવે છે, તો એનો પ્રયોગ કરી શકાય! અને આપણી સાવ ખોટી માન્યતા છે કે પ્રેમ કરવા માટે કંઈક આપવું પડે! પણ પ્રેમમાં આપવા કરતાં, ત્યાગવું વધુ જરૂરી હોય છે. કોઈ ને કંઈ આપી શકીએ તો બહુ સારી વાત છે પણ ન આપી શકીએ, તો જે વસ્તુ પર્યાપ્ત નથી એ છોડવાની તૈયારી બતાવવી, એ પણ પ્રેમનું લક્ષણ છે. તો ઈશ્વરે આપ્યું હોય અને સંવેદના તીવ્ર બને ત્યારે આપવું, ન આપી શકીએ એમ હોઈએ તો ઈશ્વરને કહેવું, કે તે એવાં લાયક પણ બનાવ્યા નહીં, કે બે જણની વ્યથા મીટાવી શકું! કોઈ ઝૂંપડીમાં પંખો ન નખાવી શકાય તો કંઈ નહીં! કોઈનાં દિલને ટાઢસ થાય એવાં બે વેણ બોલીને પણ પ્રેમ તત્વની પુષ્ટિ થાય છે, બસ આ રીતે છેક છેવાડાના માનવી સુધી સમન્વય કરીને એમનાં હૃદયના ધબકારા એટલે કે એમની માંગ ને સાંભળવી કે સમજીએ તો એ સમજ અનાહત નાદ સુધી દોરી જશે! અને પછી તો સૌનાં હિતમાં જ મારું હિત છે! એ ભાવ રામ તત્વની પ્રતિતિ કરાવી જશે. જય સીયારામ.

---

**ચૈત્રી છઠ્ઠું નવરાત્ર | સુખ પણ ઘી જેવું છે જે માણસ ખાય છે પણ પચવામાં અસમર્થ છે તેવી જ રીતે, દુઃખની ક્ષણોમાં ધીરજ રાખવી દરેકના હાથમાં નથી**

# માત્ર દુઃખ જ નહીં પણ સુખ સહન કરવું એ જીવનની એક મહાન કળા છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**પૌરાણિક કથા ઓ અનુસાર, મા કાત્યાયનીની પૂજા ભગવાન રામ અને શ્રી કૃષ્ણ દ્વારા પણ કરવામાં આવી હતી. એવું કહેવાય છે કે ગોપીઓએ ભગવાન શ્રીકૃષ્ણને તેમના પતિ તરીકે મેળવવા માટે દેવી દુર્ગાના આ સ્વરૂપની પૂજા કરી હતી.**

આજે ગુરુવારે ચૈત્રી છઠ્ઠું નોરતું. શક્તિ ઉપાસના આરાધના કરીને માનવી હૃદય મનને શુધ્ધ નિર્મળ કરી સુખ શાંતિ સમૃદ્ધિ માટે પ્રયત્ન કરે છે.સુખ વ્યક્તિના અહંકારની પરીક્ષા કરે છે અને દુઃખ વ્યક્તિની ધીરજ ની કસોટી કરે છે.બંને પરીક્ષાઓ પાસ કરનાર વ્યક્તિનું જીવન સફળ જીવન કહેવાય છે.

જીવનનો એક સાદો નિયમ છે અને તે એ છે કે જ્યારે સુખ આવે છે ત્યારે તેની સાથે અહંકાર પણ આવે છે. રાવણ હોય, કંસ હોય કે દુર્યોધન હોય કે કૌરવો હોય, તેમના જીવનમાં એક જ વાર્તા છે અને તે એ છે કે તેમના જીવનમાં જેટલી ખુશીઓ અને વૈભવો આવ્યા,તેમનું ગૌરવ પણ વધ્યું. રામચરિત માનસજીમાં સાચું જ કહ્યું છે કે-આ દુનિયામાં કોઈ જન્મતું નથી. વર્ચસ્વ મેળવવામાં આનંદ નથી.

સુખ પણ ઘી જેવું છે જે માણસ ખાય છે પણ પચવામાં અસમર્થછે તેવી જ રીતે, દુઃખની ક્ષણોમાં ધીરજ રાખવી દરેકના હાથમાં નથી. મહાન માસ્ટરોએ તેમની ધીરજને દુઃખમાં તૂટતા જોયા છે. દુઃખના વહેણમાં વરસાદી નદીના વહેણમાં નદી પર બાંધેલા બંધની જેમ ધીરજનો બંધ તૂટી જાય છે.

જે સુખની ક્ષણોમાં અહંકારને જીતી લે છે અને દુઃખની ક્ષણોમાં ધીરજ જાળવી રાખે છે તે જ જીવનના આ મહાન યુદ્ધમાં સાચા અર્થમાં સફળ યોદ્ધા છે. માત્ર દુઃખ જ નહીં પણ સુખ સહન કરવું એ જીવનની એક મહાન કળા છે.



નવરાત્રિઃ આજે ચૈત્રી નવરાત્રિના છઠ્ઠા નોરતામાં નવદુર્ગાના કાત્યાય ની સ્વરૂપનું પૂજન-અર્ચન થાય છે આ દિવસે સાધકનું મન ‘આજ્ઞા ચક્ર’માં સ્થિત હોય છે.શાસ્ત્રો અનુસાર આજે મા કાત્યાયનીની પૂજા કરવાનો નિયમ છે. હિન્દુ માન્યતાઓ અનુસાર,મા કાત્યાયનીની કૃપાથી, ભક્તોના તમામ શુભ કાર્યો પૂર્ણ થાય છે.જાણો માતાના જન્મ પાછળની કથા કાત્યાયની એ મા પાર્વતીનું જ બીજું નામ છે. ઉમા,કાત્યાયની,ગૌરી,કાળી, શાકંભરી, હેમાવતી, ઈશ્વરી વગેરે નામો પણ એમના જ છે.પરમેશ્વરના નૈસર્ગિક ક્રોધ માંથી ઉત્પન્ન થયેલા મા કાત્યાયનીએ સિંહ પર સવાર થઈને મહિષાસુર નો વધ કરેલો. ઈસવીસન પૂર્વે બીજી શતાબ્દીમાં લખાયેલ મહાભાશ્યમાં પણ કાત્યાયની દેવીનો ઉલ્લેખ છે. બુદ્ધ અને જૈન ગ્રંથોમાં પણ એમનો ઉલ્લેખ છે. મા કાત્યાયની ચાર ભુજાધારી છે. જમણી તરફની બે ભુજાઓ પૈકી ઉપરની ભુજા દ્વારા માતા ભયથી મુક્તિ અપાવનારા આશિર્વાદ આપે છે. જ્યારે નીચેની ભુજા દ્વારા સાધકને વરદાન આપે છે. ડાબી બાજુએ ઉપરની ભુજામાં દુષ્ટોના વધ માટે તલવાર ધારણ કરી છે જ્યારે નીચેની ભુજામાં કમળનું પુષ્પ ધારણ કર્યું છે. મા પર સવાર છે. પૌરાણિક કાળમાં કત નામના એક મહર્ષિ હતા. એમના પુત્ર એટલે ઋષિ કાત્ય. એમના જ ગોત્રમાં વિશ્વપ્રસિદ્ધ મહર્ષિ કાત્યાયન જન્મ્યા. મહર્ષિ કાત્યાયને અનેક વર્ષો સુધી મા ભગવતી પરામ્બાની અતિ કઠિન ઉપાસના કરી.એમની ઈચ્છા હતી કે સાક્ષાત મા ભગવતી એમના ઘરે પુત્રી બનીને અવતાર લે. કઠિન તપસ્યાથી પ્રસન્ન થયેલા મા ભગવતીએ મહર્ષિ કાત્યાયન ની ઈચ્છા પૂર્ણ કરવા માટે એમના ઘરે પુત્રી બનીને જન્મ લીધો.

જ્યારે પૃથ્વી ઉપર દાનવ મહિષા સુરનો અત્યાચાર વધી ગયો.એ સમયે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ દ્વારા પોતાના તેજનો અંશ આપીને એક દેવી ઉત્પન્ન કરવામાં આવ્યા. એવું કહેવાય છે કે આ એ જ દેવી હતા, જેમણે મહર્ષિ કાત્યાયનને ત્યાં જે પુત્રી જન્મ લીધેલો. આ દેવીની સર્વ પ્રથમ પૂજા મહર્ષિ કાત્યાયને કરી. આથીએ કાત્યાયનીદેવી કહેવાયા આ કાત્યાયની દેવીએ મહિષાસુર નો વધ કર્યો હતો.તેથી જ માતા કાત્યાયનીને મહિષાસુર મર્દિની પણ કહેવામાં આવે છે. આ સિવાય માતા રાણીને રાક્ષસો અને દાનવોનો નાશ કરનાર દેવી કહેવામાં આવે છે. પૌરાણિક કથા ઓ અનુસાર, મા કાત્યાયનીની પૂજા ભગવાન રામ અને શ્રી કૃષ્ણ દ્વારા પણ કરવામાં આવી હતી. એવું કહેવાય છે કે ગોપીઓએ ભગવાન શ્રીકૃષ્ણને તેમના પતિ તરીકે મેળવવા માટે દેવી દુર્ગાના આ સ્વરૂપની પૂજા કરી હતી. બ્રહ્માંડમાં ધર્મ જાળવવા માટે મા દુર્ગાએ આ અવતાર લીધો હતો.નવરાત્રીના પવિત્ર તહેવારમાં આજે ચૈત્રી નવરાત્રીનું છઠ્ઠું નોરતું છે. આજે મા કાત્યાયનીની પૂજા આરાધના કરવામાં આવે છે. જે ભક્તની મનોકામના પૂર્ણ કરે છે. કહેવાય છે કે, કત નામના એક પ્રસિધ્ધ મહર્ષિ હતા. એમના પુત્ર ઋષિ કાત્ય હતા. એમના જ ગોત્રમાં વિશ્વપ્રસિધ્ધ મહર્ષિ કાત્યાયન જન્મ્યા હતા. તેમણે ભગવતીની ઉપાસના કરતાં ઘણા વર્ષો સુધી કઠીન તપ કર્યું હતું. એમની ઈચ્છાથી માં ભગવતી એમના ઘરે પુત્રીના રૂપમાં જન્મ્યા હતા. મા ભગવતીએ એમની પ્રાર્થના સ્વીકારી જન્મ લીધો હતો. એમનું નામ કાત્યાયની રાખવામાં આવ્યું હતું. માં પોતાના ભક્તોને ક્યારેય નિરાશ કરતા નથી.મા કાત્યાયની નું આ રૂપ ઘણું જ સરસ, સૌમ્ય અને મોહત છે. નવરાત્રીના આ દિવસે મા ભગવતીની સાચા મનથી પૂજા કરવામાં આવે તો અચૂક ફળ મળે છે. ઘટ સ્થાપન કરી માતાની ઉપાસના કરવામાં આવે તો મા એમનો ખોળો ભરી દે છે.

વાચક ચાહક મિત્રો આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં વચ્ચે ચૈત્રી નવરાત્રિનું ગુણગાન મહત્ત્વ સમજવા પ્રયત્ન કરીએ છીએ.

# નાણાકીયવર્ષ૨૦૨૪-૨૫માંGeMમારફતે૧૦લાખથીવધારેસંસાધનોનીભરતીકરવામાંઆવી

ડિજિટલ પ્રોક્યોરમેન્ટ પ્લેટફોર્મ, ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM)એ ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૪-૨૫)માં સરકારી સંસ્થાઓ દ્વારા ૧૦ લાખથી વધારે માનવશક્તિ સંસાધનોની ભરતીની સુવિધા આપીને નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું છે. આ સિમાચિહ્ન પારદર્શકતા, અનુપાલન અને કાર્યદક્ષતા મારફતે જાહેર ખરીદીમાં પરિવર્તન લાવવાની GeMની કટિબદ્ધતાને રેખાંકિત કરે છે. GeMનું મેનપાવર આઉટસોર્સિંગ સરકારી ખરીદદારોને આઉટસોર્સ કરેલા સંસાધનોને ભાડે રાખવા માટે સીમલેસ સોલ્યુશન પ્રદાન કરે છે. આ પ્લેટફોર્મ પર ૩૩,૦૦૦થી વધુ સર્વિસ પ્રોવાઈડર્સ ખરીદદારોને લઘુતમ વેતન અને નિશ્ચિત મહેનતાણા સહિત વિવિધ માપદંડોના આધારે માનવશક્તિને જોડવા સક્ષમ બનાવે છે. આ પોર્ટલ મારફતે સુરક્ષા કર્મચારીઓ, બાગાયતી સ્ટાફ, મલ્ટિ-ટાસ્કિંગ સ્ટાફ, ડેટા એન્ટ્રી ઓપરેટર્સ અને ફેસિલિટી મેનેજમેન્ટ પ્રોફેશનલ્સ જેવી વિવિધ કુશળ અને અકુશળ ભૂમિકાઓની ભરતી કરી શકાય છે.

આ સિદ્ધિ પર વાત કરતાં GeMના સીઈઓ શ્રી અજય ભાદુએ જણાવ્યું હતું કે, “GeMએ ડિજિટલ ક્ષમતાઓનો ઉપયોગ કર્યો છે અને વહીવટના વિવિધ સ્તરે સરકારી ખરીદદારો દ્વારા જરૂરી તમામ શક્ય સેવાઓની ખરીદી માટે વન-સ્ટોપ-શોપ તરીકે ઉભરી આવ્યું છે. અમારી માનવશક્તિ આઉટસોર્સિંગ સેવા સરકારી સંસ્થાઓ માટે ભરતીની પ્રક્રિયાને સરળ બનાવે છે એટલું જ નહીં, પરંતુ અમારા વ્યાપક સેવા સ્તરના કરાર દ્વારા કડક શ્રમ પાલનની ખાતરી પણ આપે છે.”

ધેસ્ની મેનપાવર આઉટસોર્સિંગ સર્વિસની મુખ્ય વિશેષતાઓમાં સામેલ છેઃ

કૌશલ્ય, પ્રોફાઈલ્સ, શૈક્ષણિક લાયકાતો અને અનુભવના આધારે સંસાધનોની પસંદગી કરવાની લવચિકતા

સરકારની વિશિષ્ટ જરૂરિયાતોને પહોંચી વળવા માટેની વિશિષ્ટ ભૂમિકા ધરાવતી શ્રેણીઓ

લઘુતમ વેતન અને નિશ્ચિત મહેનતાણાના વિકલ્પો સહિત પારદર્શક ભાવોના મોડેલો

વ્યાપક સેવા સ્તર સમજૂતી (એસએલએ) માળખું કાનૂની અનુપાલનની ખાતરી આપે છે અને તમામ પક્ષો માટે સ્પષ્ટ જવાબદારીઓ સુનિશ્ચિત કરે છે.

જીઈએમ દ્વારા શ્રમ કાયદા અને નિયમનોનું પાલન એ સુનિશ્ચિત કરે છે કે તમામ વ્યવહારો કાયદાકીય જરૂરિયાતોને પરિપૂર્ણ કરે છે, જે સરકારી ખરીદદારોને આઉટસોર્સ સંસાધનો સાથે સાંકળવાની સાથે માનસિક શાંતિ પ્રદાન કરે છે.

### વિષ્ણુ માંચુની ફિલ્મ 'કન્નપ્પા'ની ઘણી ચર્ચા છે

# વિષ્ણુ માંચુની 'કન્નપ્પા'ની રિલીઝ પોસ્ટપોન થઈ

### આ ફિલ્મમાં વિષ્ણુ માંચુ સાથે મોહન બાબુ અને અક્ષય કુમાર પણ છે, અક્ષય તેમાં ભગવાન શિવનો રોલ કરી રહ્યો છે



વિષ્ણુ માંચુની ફિલ્મ 'કન્નપ્પા'ની ઘણી ચર્ચા છે. આ ફિલ્મની રિલીઝ ડેટ હવે પોસ્ટપોન કરી દેવાઈ છે. તેમણે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ અંગે માહિતી આપી હતી, તેમાં તેમણે વિલંબ પાછળનું કારણ પણ કહ્યું હતું. આ ફિલ્મમાં વિષ્ણુ માંચુ સાથે મોહન બાબુ અને અક્ષય કુમાર પણ છે, અક્ષય તેમાં ભગવાન શિવનો રોલ કરી રહ્યો છે. આ ફિલ્મ પહેલાં ૨૫ એપ્રિલે રિલીઝ થવાની હતી. આ ફિલ્મથી અક્ષય કુમાર તેલુગુ સિનેમામાં ડેબ્યુ કરી રહ્યો છે. વિષ્ણુ માંચુએ જાહેર કરેલાં નિવેદનમાં કહ્યું હતું કે ફિલ્મના વીએફએક્સને વધુ ચોક્કસ કરવા માટે ટીમને થોડા વધુ સમયની જરૂર છે.વિષ્ણુ માંચુએ ફૅન્સ અને ફિલ્મ રસિકોની દિલથી માફી માગી અને ટૂંક સમયમાં તેમના દ્વારા નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવશે એવું પણ કહ્યું. તેમણે લખ્યું, ''વ્હાલા ફૅન્સ, શુભેચ્છકો અને ફિલ્મ રસિકો, 'કન્નપ્પા'ને જીવંત બનાવવું એ એક એનોખી સફર રહી છે. ગુણવત્તાના ઉચ્ચત્તમ ધોરણો સાથે લોકો સુધી એક અનોખો અનુભવ બની રહે તેવી ફિલ્મ પહોંચાડવી એ અમારી જવાબદારી છે. હવે અમે એવું કરી શકીએ એ માટે અમારે થોડા વધુ સમયની જરૂર છે, જેથી અમે મહત્વના એક પ્રકરણના વીએફએક્સને પ્રર્ફેક્ટ બનાવી શકીએ. તેનો અર્થ એવો છે કે ફિલ્મની રિલીઝ થોડી મોડી થાય એવું છે.''તેમણે આગળ લખ્યું, ''આ ફિલ્મ માટેની ઉત્સુકતા અમે સમજીએ છીએ અને વિલંબ માટે અમે ખુબ દિલગિર છીએ. હું આપની ધીરજ અને સહકારની સરાહના કરું છું અને અમારા માટે એ જ બધું છે. અમારી ટીમ તેના માટે અથાગ પ્રયત્ન કરે છે અને અમે વચન આપીએ છીએ કે તમારી રાહ જોવી વ્યર્થ નહીં જાય. અમે બહુ જલ્દી અપડેટ સાથે પાછા ફરીશું અને નવી તારીખ જાહેર કરીશું.''આ પહેલાં ફિલ્મનું ટીઝર લૉંચ કરવામાં આવ્યું છે, જેમાં ફિલ્મના ધ્રુજાવી દેતાં બૅકગ્રાઉન્ડ મ્યુઝીક અને ઝકડી રાખતી એક્શ સિક્વન્સ, મજબૂત ડાયલોગ અને મજાની કોરિયોગ્રાફીની ઝલક મળે છે. મુકેશ કુમાર સિંઘે આ ફિલ્મ ડિરેક્ટ કરી છે, જેઓ આ પહેલાં ટીવી પર મહાભારતનું ડિરેક્શન કરી ચૂક્યા છે. આ ફિલ્મ ભગવાન શિવના પરમ ભક્ત કન્નપ્પાના જીવન પર આધારીત છે.

# અજય અને કંગનાના કથિત અફેરની ચર્ચા



બોલીવુડ ક્યારેય વિવાદોથી અજાણ્યું રહ્યું નથી, અને ભૂતકાળમાં સૌથી વધુ ચર્ચામાં રહેલી અફવાઓમાંની એક અજય દેવગણ અને કંગના રનૌત વચ્ચેના કથિત અફેરની હતી. આ ઘટના કથિત રીતે 'વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ' (૨૦૧૦) ના શૂટિંગ દરમિયાન બની હતી, જેમાં અજય કંગના સાથે મુખ્ય ભૂમિકામાં હતો. જ્યારે બંનેએ ક્યારેય જાહેરમાં કંઈ સ્વીકાર્યું નહીં, ત્યારે આ અફવાઓ જંગલની આગની જેમ ફેલાઈ ગઈ, જેનાથી ઉદ્યોગ હચમચી ગયો અને કથિત રીતે અજયના કાજોલ સાથેના લગ્નમાં મુશ્કેલી ઊભી થઈ. બોલિવૂડને હચમચાવી નાખનાર કથિત અફેર ''વન્સ અપોન અ ટાઈમ ઈન મુંબઈ'' ના શૂટિંગ દરમિયાન, એવી અટકળો શરૂ થઈ હતી કે અજય દેવગણ અને કંગના રનૌત એકબીજાની નજીક આવી ગયા છે. સ્ક્રીન પર તેમની કેમિસ્ટ્રી નિર્વિવાદ હતી, પરંતુ સૂત્રોએ દાવો કર્યો હતો કે તેમનો સંબંધ ફક્ત કામથી આગળ વધ્યો હતો. તે સમયે બંને અભિનેતાઓએ તેમની કથિત સંડોવણી વિશે ખુલ્લેઆમ વાત કરી ન હતી, પરંતુ અફવાઓ સૂચવે છે કે અજયની કંગના સાથે વધતી નિકટતાએ તેના અંગત જીવનમાં સમસ્યાઓ ઊભી કરી હતી. આ કૌભાંડ પર કાજોલની પ્રતિક્રિયા જ્યારે કાજોલ અને તેના પ્રેમ સંબંધની વાતો ફેલાઈ રહી હતી, ત્યારે કાજોલ ખૂબ જ નારાજ હતી. સૂત્રોએ દાવો કર્યો હતો કે તેણે ધમકી પણ આપી હતી કે જો અફવાઓ સાચી ઠરશે તો તે અજયને છોડી દેશે અને તેમના બાળકોને પોતાની સાથે લઈ જશે. જોકે, આ દંપતીએ ક્યારેય જાહેરમાં આ વિવાદનો ઉલ્લેખ કર્યો નહીં. તેના બદલે, તેઓ ઈવેન્ટ્સમાં સાથે દેખાવાનું ચાલુ રાખ્યું, એક મજબૂત મોરચો રજૂ કર્યો. કંગનાનું વિસ્ફોટક નિવેદન વર્ષો પછી, કંગના રનૌતે એક મનોરંજન મેગેઝિન સાથેની મુલાકાતમાં એક બોલ્ડ નિવેદન આપ્યું. તેણીએ કહ્યું, ''પરિણીત પુરુષો સાથે સંબંધ બાંધવો એ એક ભૂલ હતી.'' જ્યારે તેણીએ કોઈનું સીધું નામ લીધું ન હતું, ઘણા લોકો માનતા હતા કે તેણી અજય દેવગણ સાથેના તેના કથિત સંબંધોનો ઉલ્લેખ કરી રહી હતી . આ નિવેદનથી અટકળોને વધુ વેગ મળ્યો, જેના કારણે ચાહકો ફરીથી આ કૌભાંડ પર ચર્ચા કરવા લાગ્યા. બધા વિવાદો છતાં, અજય દેવગણ અને કાજોલ સાથે રહે છે અને બોલિવૂડના પાવર કપલ્સમાંથી એક છે. આજે, અજયના જન્મદિવસ પર, કાજોલે રમૂજી અને પ્રેમાળ કેપ્શન સાથે બંનેનો એક સુંદર ફોટો શેર કર્યો છે. આ દરમિયાન, વ્યાવસાયિક મોરચે, અજય દેવગણ તેની ફિલ્મ 'રેડ ૨' માટે તૈયારી કરી રહ્યો છે.

# કાર્તિક-શ્રીલીલાની ફિલ્મને 'ઓવર-એક્સપોઝર' માટે બોલાવવામાં આવી હતી?



### ''પૂરી ફિલ્મ ઇન્સ્ટાગ્રામ પર દેખ લુંગા'' કાર્તિક-શ્રીલીલાની અનુરાગ બાસુ સાથેની આગામી રોમેન્ટિક ડ્રામા ફિલ્મ

કાર્તિક આર્યન અને શ્રીલીલાની અનુરાગ બાસુ સાથેની આગામી રોમેન્ટિક ડ્રામા ફિલ્મ , જેનું નામ જાહેર થાય તે પહેલાં જ, ધૂમ મચાવી રહી છે! પડદા પાછળના વીડિયોથી લઈને સિક્કિમમાં તેમના લાઈવ પર્ફોર્મન્સ શૂટના અદભુત દ્રશ્યો સુધી, ચાહકો આ જોડીની ઓન-સ્ક્રીન કેમિસ્ટ્રી જોઈને ખુશ થઈ રહ્યા છે. જોકે, ઈન્ટરનેટ પર છલકાતા વ્યાપક સ્ન્જી ફૂટેજને કારણે નેટીઝન્સ મજાક કરી રહ્યા છે કે તેઓએ લગભગ આખી ફિલ્મ ઈન્સ્ટાગ્રામ પર જોઈ લીધી છે! કાર્તિક આર્યનની શ્રીલીલા સાથેની તાજેતરની પોસ્ટ, ''તુ મેરી જિંદગી હૈ'' કેપ્શન સાથે, સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે. અભિનેતાએ તેના સહ-અભિનેતા સાથે એક હૃદયસ્પર્શી ક્ષણ શેર કરી, જેમાં ફિલ્મમાં તેમના પાત્રો વચ્ચેના ઊંડા ભાવનાત્મક જોડાણનો સંકેત આપવામાં આવ્યો. ઉન્માદમાં વધારો કરતા, અનેક સ્ન્જી ચિત્રો અને વિડિઓઝ ઓનલાઈન સામે આવ્યા છે, જેમાં બંને કલાકારો સિક્કિમ અને ઉત્તર બંગાળના મનોહર સ્થળોએ તીવ્ર રોમેન્ટિક સિક્વન્સ અને અન્ય દ્રશ્યોનું શૂટિંગ કરતા જોવા મળે છે, સૌથી વધુ ચર્ચાસ્પદ ક્લિપ્સમાંની એક છે કાર્તિક અને શ્રીલીલા સિક્કિમમાં લાઈવ મ્યુઝિકલ સિક્વન્સ રજૂ કરે છે. હાથમાં ગિટાર સાથે, કાર્તિક મૂળ આશિકીના આઈકોનિક ગીત ''તુ મેરી ઝિંદગી હૈ'' ના નવીન સંસ્કરણ પર લિપ-સિંક કરતો જોવા મળે છે. ચાહકો શ્રીલીલાને ગિટાર પકડીને જોઈને રોમાંચિત છે, જે સંકેત આપે છે કે તે ફિલ્મના સંગીત તત્વોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. વાયરલ થયેલા વીડિયોના બીજા સેટમાં કાર્તિક શ્રીલીલા સાથે બાઈક ચલાવતો જોવા મળે છે , જેમાં તેની દાઢી વધી ગઈ છે અને હાથ પર પાટો બાંધેલો છે. કેટલાક ચાહકોએ તેના કઠોર દેખાવની તુલના કબીર સિંહ અને રણબીર કપૂરના લુક જેવા પાત્રો સાથે કરી છે. ફિલ્મના શૂટિંગ દરમિયાન ફાઈટ સિક્વન્સ પણ સામે આવ્યા છે, જે આ ખૂબ જ અપેક્ષિત પ્રોજેક્ટને લઈને ઉત્સાહમાં વધારો કરે છે. જોકે, જેમ જેમ પડદા પાછળના દ્રશ્યો ઓનલાઈન વધુને વધુ પ્રકાશિત થઈ રહ્યા છે, તેમ તેમ કેટલાક નેટીઝન્સ માને છે કે ફિલ્મના આકર્ષણને વધુ પડતું પ્રદર્શિત કરવામાં આવી રહ્યું છે. ''પુરી ફિલ્મ ઈન્સ્ટા પર હી દેખ લુંગા'' જેવી ટિપ્પણીઓ ટ્રેન્ડમાં છે, જે સૂચવે છે કે ચાહકો ફિલ્મની રિલીઝ પહેલા થોડી વધુ રહસ્યમયતા પસંદ કરી શકે છે. સોશિયલ મીડિયા પર ચાલી રહેલી ચર્ચા વચ્ચે, ફિલ્મની ટીમે સિક્કિમ સરકાર અને પોલીસનો તેમના સમર્થન બદલ આભાર માનવા માટે થોડો સમય કાઢ્યો. દિગ્દર્શક અનુરાગ બાસુ અને કલાકારોએ અધિકારીઓ સાથે મુલાકાત કરી, શૂટિંગ સરળ રીતે પૂર્ણ કરવા બદલ આભાર વ્યક્ત કર્યો. વાર્તાની વિગતો ગુપ્ત રાખવામાં આવી છે, પરંતુ અટકળો સૂચવે છે કે આ ફિલ્મ આશિકી ફ્રેન્ચાઈઝના પગલે ચાલશે, જે તેના ભાવનાત્મક સંગીત અને ભાવનાત્મક ઊંડાણ માટે જાણીતી છે. ચાહકો શીર્ષક અને સંગીત અંગેની સત્તાવાર જાહેરાતની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

# દિશાની પ્રભાસની ફૌજીમાં એન્ટ્રી થયાની ચર્ચા



પ્રભાસની આગામી ફિલ્મ ફૌઝીમાં યૂટયુબ સેન્સેશન ઈમાનવી ઈસમાઈલ ફીમેલ લીડમાં જોવા મળશે તેનું લોકોનું અનુમાન હતું. વાસ્તવમાં તે ફિલ્મની ઘોષણા વખતે પ્રભાસ સાથે જોવા મળી હતી. આ પછી મૃણાલ ઠાકુરનું નામ પણ ચર્ચામાં હતું. પરંતુ ફિલ્મસર્જકને ફિલ્મના એ ચોક્કસ પાત્રને મૃણાલ ન્યાય નહીં કરી શકે એમ વિચારતાં હવે દિશા પટાણીની એન્ટ્રીની ચર્ચા થઈ રહી છે, જોકે અભિનેત્રીના નામની સત્તાવાર ઘોષણા કરવામાં આવી નથી. જોકે આલિયા ભટ્ટનું નામ પણ ચર્ચામાં છે. વાસ્તવમાં પ્રભાસ અને દિશા પટાણી કલ્કિ ૨૮૯૮ એડીમાંસાથે કામ કરી ચુક્યા છે. આ ફિલ્મે દુનિયાભરમાંથી ૧,૦૦૦ કરોડ રૂપિયાનું બોક્સ ઓફિસ કલેકશન કર્યુ હતું. હવે ફરી તેને પ્રભાસ સાથે ફિલ્મ ફૌઝીમાં લેવાની પ્લાનિંગ ચાલી રહી છે. જોકે હજી સુધી આ બાબતે અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. ફિલ્મ ફૌઝીમાં નામ અનુસાર, પ્રભાસ બ્રિટીશ સોલ્જરની ભૂમિકા ભજવવાનો છે. આ ફિલ્મમાં અનુપમ ખેર, જયાપ્રદા, મિથુન ચક્રવર્તીના પણ મહત્વના રોલ છે. પ્રભાસ નવી પ્રતિભા ઈમાનવી સાથે હનુ રાઘવપુડીની પીરિયડ વોર એક્શન ફિલ્મ, જેનું નામ 'ફૌજી' છે, પર કામ કરી રહ્યો છે. અફવાઓ સૂચવે છે કે 'કલ્કી ૨૮૯૮ એડી'માં પ્રભાસ સાથે સહ-અભિનય કરનાર દિશા પટણી પણ કાસ્ટમાં જોડાઈ શકે છે. પ્રભાસને તાજેતરમાં સેટ પર ઈજા થઈ હતી, જેના કારણે શૂટિંગમાં વિલંબ થયો હતો. તેના આગામી પ્રોજેક્ટ્સમાં 'ધ રાજા સાબ', 'સ્પિરિટ', 'બ્રહ્મરાક્ષસ' અને 'કલ્કી ૨૮૯૮ એડી' અને 'સલાર' ની સિક્વલનો સમાવેશ થાય છે. પ્રભાસ હાલમાં અનેક પ્રોજેક્ટ્સ પર કામ કરી રહ્યો છે અને તેમાંથી એક હનુ રાઘવપુડી દ્વારા દિગ્દર્શિત પીરિયડ વોર એક્શન ફિલ્મ છે, જેનું નામ 'ફૌજી' હોવાની અફવા છે. તાજેતરના અહેવાલો સૂચવે છે કે ફિલ્મ નિર્માતાઓ કાસ્ટમાં બીજી લીડ લેડી ઉમેરવાનું વિચારી રહ્યા છે જેની સાથે રેબેલ સ્ટારે ૨૦૨૪ ની બ્લોકબસ્ટર ' કલ્કી ૨૮૯૮ એડી ' માં સહ-અભિનય કર્યો હતો. પિંકવિલાના અહેવાલ મુજબ, દિશા પટાણીને ફિલ્મમાં બીજી મુખ્ય અભિનેત્રી માનવામાં આવે છે. ' બાગી ૨ ' જેવી ફિલ્મોમાં ભૂમિકાઓ માટે જાણીતી દિશા પટાણીએ અગાઉ નાગ અશ્વિનની 'કલ્કી ૨૮૯૮ એડી'માં પ્રભાસ સાથે સ્ક્રીન સ્પેસ શેર કરી છે. જો તે 'ફૌજી'માં જોડાય છે, તો તે આ બે પ્રતિભાશાળી કલાકારોનું પુનઃમિલન થશે, જે ચાહકોને ઉત્તેજિત કરશે જેઓ તેમના આગામી સહયોગની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. 'મલંગ' અભિનેતા ફિલ્મના ગ્લેમર ભાગને વધારશે, જે એક્શનથી ભરપૂર વાર્તામાં દૃષ્ટિની આકર્ષક અપીલ લાવશે. જોકે, નિર્માતાઓ દ્વારા તેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. બીજી તરફ, ઈમાનવી જે એક નૃત્યાંગના અને ડિજિટલ કન્ટેન્ટ સર્જક છે તે ફિલ્મમાં મુખ્ય મહિલાની ભૂમિકા ભજવે છે.

### કાજલ પિસલે ડમી એપિસોડ માટે શૂટ શરૂ પણ કરી દીધું

# જેઠાલાલને નવી દયા મળી ગઈ હોવાની ચર્ચા



### લોકપ્રિય સિરીયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં સાત વર્ષે દયાબેનની એન્ટ્રી થશે એવી ચર્ચા છે

ટેલિવિઝનના ઈતિહાસની સૌથી વધુ લાંબી ચાલનારી લોકપ્રિય કોમેડી સિરીયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં સાત વર્ષે દયાબેનની એન્ટ્રી થશે એવી ચર્ચા છે. તારક મહેતા શોમાં જેઠાલાલ અને દયાભાભીનાં પાત્રો સૌથી લોકપ્રિય પાત્રોમાંના બે હતાં, તેમાં દયા ભાભીનું પાત્ર ભજવતાં દિશા વાકાણી ૭ વર્ષથી શોમાંથી બહાર છે અને ગડા પરિવાર સાથે શોના દર્શકો પણ દયાબેનની આતુરતાથી રાહ જુએ છે. ત્યારે હવે બધાની આતુરતાનો અંત આવે તેવી શક્યતા છે. છેલ્લાં થોડાં દિવસથી ચર્ચા છે કે નવા દયાબેન મળી ગયાં છે અને તેમણે શૂટિંગ પણ શરૂ કરી દીધું છે. ત્યારે હવે કેટલાંક અહેવાલો એવા પણ છે કે આ પાત્ર હવે કોણ ભજવશે તેનું નામ પણ જાહેર થઈ ગયું છે, લોકપ્રિય કોમેડી સિરીયલ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'માં સાત વર્ષે દયાબેનની એન્ટ્રી થશે એવી ચર્ચા છે, જોકે હજુ સુધી શોના પ્રોડ્યુસર કે શોની ટીમ પછી કોઈ નામની જાહેરાત કરવામાં આવી નથી. એવી ચર્ચા છે કે ટેલિવિઝનની અનુભવી એક્ટ્રેસ કાજલ પિસલ દયાનું પાત્ર ભજવશે. પ્રોડ્યુસર આસિત મોદી છેલ્લા ઘણા વર્ષથી આ પાત્ર માટે કોઈ કલાકારની શોધમાં હતા. તેમણે દયાનું પાત્ર કરતાં દિશા વાકાણીને પાછા લાવવાના ઘણા પ્રયત્નો કર્યા, તે અંતે પાછા ન આવતા તેમણે નવા કલાકારની શોધ આદરી હતી. હવે એવી પણ ચર્ચા છે કે કાજલ પિસલે ડમી એપિસોડ માટે શૂટ શરૂ પણ કરી દીધું છે. ત્યારે હવે ઘર ઘરમાં દયા તરીકે જામી ગયેલાં દીશા વાકાણીનું સ્થાન કાજલ પિસલ કઈ રીતે લઈ શકશે અને આ પાત્રને કેટલાં અંશે ન્યાય આપી શકશે તે જોવાનું રહ્યું.

### 'ધ ડિપ્લોમેટ'ને બોક્સઓફિસ પર રૂ.૩૦ કરોડનં કલેક્શન મળ્યું

# જોન અબ્રાહમ અને રણદીપને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ભવિષ્યની ચિંતા છે




બે અઠવાડિયા પહેલા પ્રમોશનની ધામધૂમ વગર જોન અબ્રાહમની ફિલ્મ ધ ડિપ્લોમેટ રિલીઝ થઈ હતી. ફિલ્મને ઠીકઠાક રિસ્પોન્સ મળ્યો હતો, પરંતુ જોનની ચિંતા પોતાની એક ફિલ્મ પૂરતી મર્યાદિત નથી. વર્તમાન સમયમાં બની રહેલી હિન્દી ફિલ્મો અને સ્ટીરિટો ટાઈપ સ્ટોરી-કેરેક્ટરના કારણે બે દમદાર એક્ટર જોન અબ્રાહમ અને રણદીપ હુડાને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના ભવિષ્યની ચિંતા સતાવી રહી છે. હિન્દી ફિલ્મોમાં છવાયેલી ઘેટાશાહી જેવી માનસિકતાના કારણે સારી ફિલ્મો ન બનતી હોવાનું તેઓ માને છે. જોન અબ્રાહમે વર્તમાન સમયમાં બોલિવૂડ કન્ટેન્ટ અને સોશિયલ મીડિયાની ટીકાઓની અસર અંગે વાત કરતાં કહ્યું હતું કે, આ સમગ્ર સ્થિતિ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે ડરામણી છે. કંઈક અલગ કરવાનો ઝંડો મેં નથી ઊપાડ્યો, પરંતુ અમારા જેવા કેટલાક લોકો અલગ કરવા માગે છે. પોતે કમર્શિયલ હીરો હોવાનું સ્વીકારતા જોને કહ્યું હતું કે, કમર્શિયલ રહેવા ઉપરાંત અમારે કંઈક અલગ કરવું છે, તો અમને તેવું કરવાની સ્વતંત્રતા મળવી જોઈએ. અલગ કરવા માટે વધારે મહેનતાણુ મળતું થાય તો ઈન્ડસ્ટ્રી તરીકે સૌનો વિકાસ થાય. જોન અબ્રાહમની 'ધ ડિપ્લોમેટ'ને બોક્સઓફિસ પર રૂ.૩૦ કરોડનં કલેક્શન મળ્યુ હતું. ભારત-પાકિસ્તાનના સંબંધો આધારિત આ ફિલ્મમાં જોને ભારતના રાજદૂતનો રોલ કરેલો છે, જે પાકિસ્તાનમાં ફસાયેલી ભારતીય મહિલાને બચાવવા પ્રયાસ કરે છે. જોન અબ્રાહમની જેમ રણદીપ હુડા પણ બોલિવૂડની ટ્રેન્ડ ફોલોઈંગ માનસિકતાને પસંદ કરતો નથી. રણદીપ ને સ્ટોરીટેલિંગ બાબતે સાઉથના ફિલ્મમેકર્સ વધારે ઓથેન્ટિક લાગે છે, કારણ કે તેઓ પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલા રહે છે. હુડાએ કહ્યું હતું કે, બોલિવૂડ માટે નિરાશાજનક સમય છે. વર્ષમાં માંડ બે ફિલ્મો સફળ રહે છે. બોલિવૂડમાં અત્યારે ઘેટાશાહી ચાલી રહી છે. સોશિયલ મીડિયા ટ્રેન્ડ સેટ કરે છે. રી-રિલીઝમાં એક-બે ફિલ્મોએ સારું પ્રદર્શન કર્યુ, તો દરેક રી-રિલિઝ સફળ થાય તે જરૂરી નથી. કોઈ એક અખતરો સફળ રહે તો બધા તેને ફોલો કરે છે. બધાને એવું જ બનાવવું છે. 'સ્ત્રી' પછી બધાને હોરર કોમેડી બનાવવાનો ચસકો ઉપડ્યો છે. એક વસ્તુ સફળ થાય એટલે બધા લોકો તે માપદંડ અપનાવે છે. બધા એક બંધિયાર વાતાવરણમાં જકડાઈ ગયા છે અને ત્યાં નવા અખતરા માટે મોકળાશ રહેતી નથી. હુડાએ ફિલ્મી જગતની બંધિયાર માનસિકતા વચ્ચે ઓટીટી પ્લેટફોર્મ્સ પર સ્ટોરી ટેલિંગ બાબતે સ્વતંત્રતા મળતી હોવાનું સ્વીકાર્યુ છે. હુડાએ કહ્યું હતું કે, ઓટીટી પર ઓડિયન્સને પસંદ આવે અને સબસ્ક્રિપ્શન વધારે તેવા કન્ટેન્ટને પસંદ કરવામાં આવે છે. મેઈનસ્ટ્રીમ અને એક્સપ્રિમેન્ટલ પ્રોજેક્ટ્સ વચ્ચે સંતુલન સાધવાનું જરૂરી છે. સાઉથની ઈન્ડસ્ટ્રીના વખાણ કરતાં હુડાએ કહ્યું હતું કે, તેઓ મૂળભૂત માનવીય લાગણી સાથે જોડાયેલી ફિલ્મો બનાવે છે. પુષ્પાના સિક્સ પેક એબ્સ નથી. તેની દાઢી વધેલી છે અને ખભો નમેલો છે. આમ છતાં ઓડિયન્સને તે પોતાનો લાગે છે. કેટલાક કહેવાતા મોટા એક્ટર્સ પોતાના કેરેક્ટરને ડેવલપ કરવાના બદલે એબ્સ બનાવવા મહેનત કરે છે. રણદીપે આગામી ફિલ્મ 'જાટ'માં ક્રૂર વિલન રણતુંગાનો રોલ કર્યો છે. આ ફિલ્મમાં સની દેઓલ, રેજિના કસાન્દ્રા, આયેશા ખાન, સૈયામી ખેર, ઝરીના વહાબ મહત્ત્વના રોલમાં છે. આ ફિલ્મ ૧૦ એપ્રિલે રિલીઝ થવાની છે.



### નાગિનની પહેલી સીઝન ૨૦૧૫માં આવી હતી

# એકતા કપૂરે કન્ફર્મ કર્યું 'નાગિન ૭' આવશે ચોક્કસ



### ઈદના અવસર પર, એકતાએ તેની ઇન્સ્ટાગ્રામ વાર્તાઓ પર એક વીડિયો શેર કર્યો, જેમાં તે તેની ટીમ સાથે કંઈક પ્લાન કરતી જોવા મળી

ઈદના અવસર પર, એકતાએ તેની ઈન્સ્ટાગ્રામ વાર્તાઓ પર એક વીડિયો શેર કર્યો, જેમાં તે તેની ટીમ સાથે કંઈક પ્લાન કરતી જોવા મળી. વીડિયોમાં, એકતા કહેતી જોવા મળે છે કે, ''આ ઈદ છે, ઈદ મુબારક, ઈદ મુબારક. મારે બધાને ઈદી આપવી પડશે.'' ત્યારબાદ એકતાએ તેની ટીમ તરફ ફરીને નાગિન ૭ વિશે અપડેટ માંગ્યું. એકતાની ટીમના એક સભ્યએ પુષ્ટિ આપી કે નાગિન ૭ ''રસ્તામાં છે'', શોના નિર્માતા એકતાએ પણ ખુલાસો કર્યો, ''ટૂંક સમયમાં આવી રહ્યું છે. ખૂબ જ ટૂંક સમયમાં.''એકતા કપૂર દ્વારા નાગિન ૭ ની પુષ્ટિ કર્યા પછી, ચાહકો હવે આ શોના ટીઝરની રાહ જોઈ રહ્યા છે. નાગિનની પહેલી સીઝન ૨૦૧૫ માં આવી હતી, જેમાં મૌની રોય, અદા ખાન અને અર્જુન બિજલાણી મુખ્ય ભૂમિકામાં હતા. આ શો તરત જ હિટ બન્યો અને દર્શકો દ્વારા ખૂબ જ પસંદ કરવામાં આવ્યો. બીજી સીઝનમાં પણ મૌની મુખ્ય ભૂમિકામાં જોવા મળી હતી. જોકે, અર્જુનની જગ્યાએ કરણવીર બોહરાને લેવામાં આવ્યો. ૨૦૧૮ માં, નાગીનની ત્રીજી સીઝનમાં સુરભી જ્યોતિ, પર્લ વી પુરી, અનીતા હસનંદાની અને રજત ટોકાસ અભિનિત હતા. ૨૦૨૦ માં, ચોથી સીઝન માટે શોનું નામ અને કલાકારો બંને બદલવામાં આવ્યા. નાગિનઃ ભાગ્ય કા ઝેહરીલા ખેલ નામની ચોથી સિઝનમાં નિયા શર્મા અને વિજયેન્દ્ર કુમેરિયા અભિનિત હતા. નાગિનની પાંચમી સીઝન ઓગસ્ટ ૨૦૨૦ થી ફેબ્રુઆરી ૨૦૨૧ દરમિયાન ટેલિકાસ્ટ કરવામાં આવી હતી અને તેમાં સુરભી ચંદના, શરદ મલ્હોત્રા અને મોહિત સેહગલ હતા. છઠ્ઠી સીઝનમાં, તેજસ્વી પ્રકાશે નાગિનની મુખ્ય ભૂમિકા ભજવી હતી.

# જૂની ગાડીના બદલે નવી ગાડી આપવાની લાલચ આપતા ઈસમની મુદ્દામાલ સાથે લીમડી પોલિસે અટકાયત કરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

ઝાલોદ તાલુકાના લીમડી પોલિસ સ્ટેશનમાં ૨૨-૦૩-૨૦૨૫ના રોજ જૂની ગાડીઓની એક્સ્ચેંજમા નવી ગાડીઓ આપવાની લાલચ આપી ગાડી ન આપ્યાની છેતરપિંડીનો કેસ લીમડી પોલિસ મથકે દિવ્યેશ સતીષભાઈ સાધુ (રહે. સહકાર નગર સોસાયટી, દાહોદ, હાલ રહે. મધુનગર બ્રીજ પાસે, ગોરવા, વડોદરા) વિરુદ્ધ કેસ નોંધાયેલ હતો.

ફરિયાદી લક્ષ્મણ મગન મોરીની મહિન્દ્રા સ્કોર્પીયો **GJ-20-N-5552** તેમજ ગોપાલ દિલીપની હુંડાઈ **i20 GJ-07-BR-0756** ને એક્સ્ચેંજમા લઈ તેમને નવી અર્ટીગા ગાડી આપવાનો વિશ્વાસ આપીને ફરિયાદીની જૂની ગાડીઓ દિવ્યેશ સાધુ લઈ ગયેલ હતા. પરંતુ દિવ્યેશ સાધુ દ્વારા જૂની ગાડી લઈ ગયેલ હોવા છતાંય એક્સ્ચેંજમા નવી ગાડી આપી રહેલ ન હતા. તેથી ફરિયાદીને છેતરપિંડી થયેલ હોવાનું જાણ થતાં તેઓ દ્વારા છેતરપિંડી કરેલ ઈસમ વિરૃધ્ધ લીમડી પોલિસ મથકે ગુનો નોંધાવેલ હતો. લીમડી પોલિસ મથકના પી.આઈ કે.કે.રાજપુત તેમજ પી.એસ.આઈ એ.કે. કુવાડીયાની ટીમ દ્વારા ગણતરીના દિવસોમાં છેતરપીંડી કરનાર ઈસમની બે ગાડીઓ જેની અંદાજિત કિંમત ૭,૦૦,૦૦૦ થાય છે તેની મુદ્દામાલ સાથે અટકાયત કરી લીમડી પોલિસે સરાહનીય કામગીરી કરેલ હતી.



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

# સિકંદરાબાદ ડિવિઝન પર નોન ઇન્ટરલોકિંગ કાર્ય માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે

। અમદાવાદ, તા.૨ ।

દક્ષિણ મધ્ય રેલવે સિકંદરાબાદ ડિવિઝનના મહેબુબાબાદ સ્ટેશન પર ત્રીજી લાઈનના કામના સંદર્ભમાં નોન-ઈન્ટરલોકિંગ કામ માટે બ્લોકના લીધે, અમદાવાદ ડિવિઝનમાંથી દોડતી/પસાર થતી કેટલીક ટ્રેનોને અસર થશે. જેની વિગતો નીચે મુજબ છે:

રદ કરાયેલી ટ્રેનો:

૧. ૨૫ મે ૨૦૨૫ ના રોજ ગાંધીધામ થી ઉપડતી ટ્રેન નં. ૨૦૮૦૪ ગાંધીધામ-વિશાખાપટ્ટનમ એક્સપ્રેસ રદ રહેશે.

૨. ૨૨ મે ૨૦૨૫ ના રોજ વિશાખાપટ્ટનમ થી ઉપડતી ટ્રેન નં. ૨૦૮૦૩ વિશાખાપટ્ટનમ-ગાંધીધામ એક્સપ્રેસ રદ રહેશે.

૩. ૨૮ મે ૨૦૨૫ ના રોજ ઓખા થી ઉપડતી ટ્રેન નં. ૨૦૮૨૦ ઓખા-પુરી એક્સપ્રેસ રદ રહેશે.

૪. ૨૫ મે ૨૦૨૫ ના રોજ પુરી થી ઉપડતી ટ્રેન નં. ૨૦૮૧૯ પુરી-ઓખા એક્સપ્રેસ રદ રહેશે.

મહબૂબાબાદ સ્ટેશન પર ટ્રેનોના સ્ટોપેજ રદ:

૧. ૨૭ અને ૨૮ મે, ૨૦૨૫ ની ટ્રેન નં. ૧૨૬૫૫ અમદાવાદ-એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ નવજીવન એક્સપ્રેસ મહબૂબાબાદ સ્ટેશન પર રોકાશે નહીં.

૨. ૨૫ મે થી ૨૯ મે, ૨૦૨૫ સુધી ટ્રેન નં. ૧૨૬૫૬ એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ-અમદાવાદ નવજીવન એક્સપ્રેસ મહબૂબાબાદ સ્ટેશન પર રોકાશે નહીં.

ટ્રેનોના રોકાણ, સમય અને શ્રેણી અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# પશ્ચિમ રેલવે ચલાવશે અસારવાથી આગરા કેન્ટ અને કાનપુર સેન્ટ્રલ વચ્ચે સ્પેશિયલ ટ્રેનો

। અમદાવાદ, તા.૨ ।

પશ્ચિમ રેલવે દ્વારા આગામી ઉનાળાની ઋતુ દરમિયાન યાત્રીઓની વધારાની ભીડને જોતાં યાત્રીઓની માંગ અને સુવિધા માટે બે જોડી સ્પેશિયલ ટ્રેનો અસારવા-આગરા કેન્ટ દૈનિક સ્પેશિયલ અને અસારવા-કાનપુર સેન્ટ્રલ અઠવાડિક સ્પેશિયલ વિશેષ ભાડા પર ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે મુજબ છે :

● ટ્રેન નંબર ૦૧૯૨૦/૦૧૯૧૯ અસારવા-આગરા કેન્ટ દૈનિક સ્પેશિયલ (૧૮૨ ફેરા)

ટ્રેન નંબર ૦૧૯૨૦ અસારવા-આગરા કેન્ટ સ્પેશિયલ ૦૨ એપ્રિલ ૨૦૨૫ થી ૦૧ જુલાઈ ૨૦૨૫ સુધી અસારવાથી દરરોજ ૧૮.૦૦ કલાકે ઉપડશે તથા બીજા દિવસે ૧૦.૨૦ કલાકે આગરા કેન્ટ પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર ૦૧૯૧૯ આગરા કેન્ટ-અસારવા સ્પેશિયલ ૦૧ એપ્રિલ ૨૦૨૫ થી ૩૦ જૂન ૨૦૨૫ સુધી આગરા કેન્ટથી દરરોજ ૨૩.૦૦ કલાકે ઉપડશે તથા બીજા દિવસે ૧૬.૩૫ કલાકે અસારવા પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન હિમ્મતનગર, ડુંગરપુર, જાવર, ઉદયપુર સિટી, માવલી, ચંદેરિયા, માંડલ ગઢ, બૂંદી, કેશોરાય પાટન, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના અને ફતેહપુર સીકરી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર અને જનરલ શ્રેણીના કોચ હશે.

● ટ્રેન નંબર ૦૧૯૦૬/૦૧૯૦૫ અસારવા-કાનપુર સેન્ટ્રલ અઠવાડિક સ્પેશિયલ (૨૬ ફેરા)

ટ્રેન નંબર ૦૧૯૦૬ અસારવા-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલ ૦૮ એપ્રિલ ૨૦૨૫ થી ૦૧ જુલાઈ ૨૦૨૫ સુધી અસારવાથી દરેક મંગળવારે ૦૯.૧૫ કલાકે ઉપડશે તથા બીજા દિવસે ૦૭.૦૦ કલાકે કાનપુર સેન્ટ્રલ પહોંચશે. આ જ રીતે ટ્રેન નંબર ૦૧૯૦૫ કાનપુર સેન્ટ્રલ-અસારવા સ્પેશિયલ ૦૭ એપ્રિલ ૨૦૨૫ થી ૩૦ જૂન ૨૦૨૫ સુધી કાનપુર સેન્ટ્રલથી દરેક સોમવારે ૦૮.૦૦ કલાકે ઉપડશે તથા બીજા દિવસે ૦૫.૪૫ કલાકે અસારવા પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન હિમ્મતનગર, ડુંગરપુર, જાવર, ઉદયપુર સિટી, માવલી, ચંદેરિયા, માંડલ ગઢ, બૂંદી, કેશોરાય પાટન, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના અને ફતેહપુર સીકરી, ઈદગાહ, ટૂંડલા, ફિરોજાબાદ તથા ઈટાવા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટિયર, એસી ૩-ટિયર, સ્લીપર અને જનરલ શ્રેણીના કોચ હશે. ટ્રેન નંબર ૦૧૯૨૦ નું બુકિંગ શરૂ છે તથા ટ્રેન નં. ૦૧૯૦૬ નું બુકિંગ ૦૩ એપ્રિલ ૨૦૨૫ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના રોકાણ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ઝાલોદ મઠ ફળિયામાં આવેલ કાળકા માતા મંદિરે નવરાત્રિ નિમિતે આનંદના ગરબાનું આયોજન કરાયું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

ઝાલોદ નગરનું મઠ ફળિયામાં આવેલ કાળકા માતા મંદિર અતિ પ્રાચીન છે આ મંદિર પ્રત્યે નગરજનો અતૂટ આસ્થા અને શ્રદ્ધા ધરાવે છે. નવરાત્રીમા નગરજનો મોટા પ્રમાણમાં આ મંદિરે દર્શન કરવા આવતા હોય છે. આજરોજ ૦૧-૦૪-૨૦૨૫ મંગળવારના માતાના ત્રીજા નવરાત્રીમા દક્ષાબેન કલાલ અને શર્મિષ્ઠાબેન કલાલ દ્વારા આનંદના ગરબાનું આયોજન રાત્રીના ૭:૩૦ કલાકે કરવામાં આવ્યું હતું.

આનંદના ગરબા માટે નગરનું જૂનું અને જાણીતું માઁ શક્તિ ગરબા મંડળ મુવાડા દ્વારા આનંદના ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ મંડળે નગરમાં ખૂબ જ જલ્દી નામના મેળવેલ છે આ મંડળ દ્વારા ૭૩ માં આનંદના ગરબાનું આયોજન કરવામાં આવેલ હતું. નવરાત્રી એમાં પણ આનંદનો ગરબો એ પણ માઁ શક્તિ ગરબા મંડળની બહેનો દ્વારા આ ત્રિવેણી સંગમે ઉપસ્થિત સહુ લોકોને ભક્તિમા તરબોળ કરી દીધેલ હતા. ઉપસ્થિત સહુ લોકો આનંદના ગરબાની રમઝટ વચ્ચે ભક્તિમા લીન થઈ ગયેલ હતા. માઁ શક્તિ ગરબા મંડળની બહેનોના એક સરખા પહેરવેશ તેમજ લય અને તાલબદ્ધ ગરબાની રમઝટમા ભક્તો તલ્લીન જોવા મળતા હતા. છેલ્લે માતાજીની આરતી કરી સહુ ભક્તો માતાની ભક્તિનું ભાથું લઈ છૂટા છૂટા પડેલ હતા.

# ઝાલોદ તાલુકાના લીલવા ઠાકોર ગામે થી ચોરી થયેલ બાઇકને ગણતરીના દીવસોમા ઝડપી પાડતી લીમડી પોલિસ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

ઝાલોદ તાલુકાના લીમડી પોલિસ સ્ટેશનમા ૧૬-૦૩-૨૦૨૫ ના રોજ પીન્ટુ સુરેશ ભાભોરની બજાજ મોટર સાયકલ **GJ-20-BF-5496** કોઈ અજાણ્યો ચોર લીલવા ઠાકોર ગામમાંથી ચોરી કરી નાસી છૂટેલ હતા. આ અંગે લીમડી પોલીસે મથકે ફરિયાદ નોંધાતા પી.આઈ કે.કે. રાજપુત અને પો.સ.ઈ એ.કે. કુવાડીયાની આગવી સૂઝબુઝ થી ૨૮-૦૩-૨૦૨૫ ના રોજ મળેલી બાતમીના આધારે વોચ રાખી રાહુલ (સાહિલ) દિનેશ કટારા (રહે. ઝાંઝરવા, ગાંગડતલાઈ) ને ઝડપી કાઢી ગણતરીના દિવસોમા બાઈક શોધી કાઢવામાં લીમડી પોલિસને સફળતા મળેલ હતી.

# દેવગઢ બારીઆ પોલીસની ચોરાયેલ મોબાઈલ શોધી કાઢવામા પ્રશંસનીય કામગીરી

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨ ।

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ તાલુકામાથી તથા શહેરમાથી ઘણા મોબાઈલ અને વાહનોની ઉઠાંતરી તસ્કરો દ્વારા કરવામા આવી હતી જેમાં અરજદારો દ્વારા દેવગઢ બારીઆ પોલીસ સ્ટેશન મા પોતાની ફરિયાદ કરી હતી જેમાં લીમખેડા વિભાગના ડી.વાય.એસ.પી વ્યાસ સાહેબ તથા દેવગઢ બારીઆ ના પી. આઈ ચાવડા સાહેબની સૂચનાથી આ બાબતના ડી સ્ટાફને સાથે રાખી સધન તપાસ કરી ગણતરી ના દિવસોમાં આરોપી પાસેથી મોબાઈલ જેવા ઉપકરણો ઝડપી પાડ્યા હતા અને જે તે લાભાર્થીને લીમખેડા ડી.વાય. એસ.પી વ્યાસના હસ્તે જે તે લાભાર્થીને તેરા તુજકો અર્પણ કરી આપેલ હતું.

# ઝાલોદ નગરમાં રામ જન્મોત્સવના ઉત્સવની ચાલતી તડામાર તૈયારીઓ : આખું નગર ભગવા ધ્વજથી લહેરાયુ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

તારીખ ૦૬-૦૪-૨૦૨૫ રવિવારના રોજ રામ જન્મોત્સવ આવી રહેલ છે ત્યારે આ ઉત્સવ ઉજવવા સનાતન હિન્દુ ધર્મ સમિતિ દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહેલ છે. રામ જન્મોત્સવ નિમિતે નગરમાં જે રૂટ પર થી રામયાત્રા પસાર થવાની છે તે તમામ માર્ગો ભગવા ધ્વજ થી લહેરાઈ ગયેલ છે. સનાતન હિન્દુ ધર્મ સમિતિ દ્વારા આખા નગરને ભગવામય કરી દીધેલ છે. નગરપાલિકા અને પોલિસ તંત્ર પણ રામયાત્રા જે રસ્તે થી પસાર થનાર છે તે તમામ રસ્તાઓ બરાબર છે કે નહીં, રામયાત્રા રૂટ પર કોઈ દબાણ નથી તે તમામ મુદ્દાઓ ધ્યાનમાં રાખી કામગીરી કરી રહેલ છે.



રામયાત્રા દિવસે સવારે ૧૦ વાગે ગીતા મંદિરખાતે ભજન કીર્તન કરી ૧૨ વાગે રામ જન્મોત્સવ પ્રસંગ ઉજવાશે અને ત્યારબાદ મહાઆરતી થશે. બપોરે ચાર વાગે ડીજે ના તાલે ભક્તિમય વાતાવરણની વચ્ચે ગીતામંદિર થી રામ રથ ની આરતી કરી રથ નગરના ખાંટવાડા, આંબેડકર ચોક, સ્વર્ણિમ સર્કલ, કોળીવાડા, મીઠાચોક, શાહિદ રાજેશ ચોક, બસ સ્ટેશન મુવાડા રામજી મંદિર થઈ રાજા ઝાલા વસૈયા ચોક થઈ શબરી આશ્રમ ખાતે રામયાત્રા પૂરી થનાર છે. સાંજે ૬ વાગ્યા થી રામ જન્મોત્સવ નિમિત્તે શબરી આશ્રમ ખાતે મહાપ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલ છે. આમ હાલ રામયાત્રાને લઈ આખું નગર ભગવામય થઈ ગયેલ છે.

# ઝાલોદ નગરના વિશ્વકર્મા મંદિર ખાતે સુવર્ણકાર એસોસિએશનની મીટિંગ યોજાઈ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

ઝાલોદ નગરના વિશ્વકર્મા મંદિર ખાતે ૦૧-૦૪-૨૦૨૫ મંગળવારના રોજ શ્રી વિશ્વકર્મા સુવર્ણકાર એસોસિએશનની મીટિંગ રાત્રીના આઠ વાગે યોજાઈ હતી. આ મીટીંગમાં અંદાજીત પચાસ જેટલા વ્યાપારીઓ હાજર રહેલ હતા. આજની આ મીટીંગનો મુખ્ય આશય નવા અને જુના વ્યાપારીઓ સાથેનો પરિચય હતો. નવા અને જુના થઈ નગરના અંદાજીત કુલ પચાસ વ્યાપારીઓનુ આ એસોસિએશન સાથે જોડાયેલ છે. વ્યાપારીઓના હિત માટે સર્વ સંમતિ થી કારોબારીની રચના કરવામાં આવી હતી.

શ્રી વિશ્વકર્મા સુવર્ણકાર એસોસિએશન ઝાલોદના નવીન કારોબારીમા અંદાજીત ત્રેવીસ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેમાં પ્રમુખ ઉપેન્દ્રકુમાર ધીરજલાલ પંચાલ, ઉપપ્રમુખ કમલનયન સુરેશભાઈ પંચાલ, મંત્રી સંદીપ કુમાર રમેશચંદ્ર પંચાલ, સહમંત્રી આશિષકુમાર બાબુભાઈ પંચાલ, ખજાનચી ઈલેશકુમાર, હરિલાલ પંચાલની નિમણૂક કરવામાં આવી હતી તેમજ કારોબારી સભ્યોમાં અનિલ કુમાર રસિકલાલ પંચાલ, દિનેશ કુમાર શંકરલાલ પંચાલ, રજનીભાઈ કોદરલાલ પંચાલ, વિજય કુમાર અમૃતલાલ પંચાલ, સંજયભાઈ હસમુખલાલ પંચાલ, ભુપેન્દ્ર કુમાર હસમુખલાલ પંચાલ, સુશીલ કુમાર ધીરજલાલ પંચાલ, જીતેન્દ્રકુમાર નગીનભાઈ પંચાલ, ધર્મેન્દ્રકુમાર ભરતભાઈ પંચાલ, પ્રણવ કુમાર જશવંતલાલ પંચાલ, રાજુભાઈ નગીનલાલ પંચાલ, મનીષકુમાર નવનીતલાલ પંચાલ, કિરીટભાઈ દયાશંકરભાઈ પંચાલ, પ્રકાશભાઈ જયંતીલાલ પંચાલ, રજનીકાંત શંકરલાલ પંચાલ, નીતેશ કુમાર નરેશભાઈ પંચાલની નિમણૂક કરવામાં આવી હતી.

# અમદાવાદમાં આજથી પ્રાકૃતિક ખેડૂત હાટ : 3 થી ૬ એપ્રિલ AEC બોયઝ હોસ્ટેલ કેમ્પસ ખાતે આયોજન

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત પ્રાકૃતિક ખેતીને રાજ્યવ્યાપી બનાવવા માટે સઘન પ્રયાસો કરી રહ્યા છે. રાજ્ય સરકાર અને કૃષિ વિભાગ પણ પ્રાકૃતિક ખેતી અને ઓર્ગેનીક ખેતપેદાશોને પ્રોત્સાહન આપવા સતત કાર્યરત છે. પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ માટે ફાર્મ પ્રોડ્યુસ ઓર્ગેનાઈઝેશનની રચના પણ રાજ્ય સરકારે કરી છે. આવી પહેલનેને પરિણામે ખાનગી સંસ્થાઓ પણ પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ માટે સક્રીય બની છે. સૃષ્ટિ ઈનોવેશન્સ દ્વારા અમદાવાદમાં




આગામી ૩ થી ૬ એપ્રિલ, ૨૦૨૫ દરમ્યાન "સૃષ્ટિ પ્રાકૃતિક ખેડૂત હાટ"નું આયોજન કરવામાં આવ્યું છે. આ હાટ ઓર્ગેનિક અને કુદરતી પેદાશોને પ્રોત્સાહન આપવાનો ઉદ્દેશ્ય ધરાવે છે. જેમાં આખા વર્ષ માટે ઓર્ગેનિક ઉત્પાદનો જેવી કે ઘઉં, ચોખા, મસાલા અને અન્ય ખાદ્ય સામગ્રીઓ ઉપલબ્ધ રહેશે. આ ઉત્પાદનો ફાર્મ વેરીફિકેશન બાદ માન્ય ખેડૂતો પાસેથી સીધા ખરીદી શકાશે, જેથી ગ્રાહકોને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ચીજ-વસ્તુઓ મળી શકે. આ મેળો ચાર દિવસ માટે એટલે કે ગુરુવાર, શુક્રવાર, શનિવાર અને રવિવારે સવારે ૧૧:૦૦ વાગ્યાથી રાત્રે ૯:૦૦ વાગ્યા સુધી સૃષ્ટિ પરિસરમાં યોજાશે. આ સ્થળ એ.ઈ.એસ. બોયઝ હોસ્ટેલ કેમ્પસમાં, એ.ઈ.એસ. સ્પોર્ટ્સ ગ્રાઉન્ડની બાજુમાં, ગુજરાત યુનિવર્સિટી નજીક આવેલું છે, જે શહેરના કેન્દ્રમાં હોવાથી લોકો માટે સરળતાથી પહોંચી શકાય તેવું છે. સૃષ્ટિ ઈનોવેશન્સનો આ પ્રયાસ સ્થાનિક ખેડૂતોને સીધા ગ્રાહકો સુધી પહોંચવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે, જેથી ખેડૂતોને તેમના ઉત્પાદનો માટે યોગ્ય બજાર મળી શકે અને ગ્રાહકોને આરોગ્યપ્રદ અને રાસાયણિક મુક્ત ખોરાક મળી શકે. વધુ માહિતી મેળવવા માટે ૯૫૧૦૩૮૬૬૩૫ નંબર પર વોટ્સએપ મેસેજ કરીને વિગતો મેળવી શકાય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પરંતુ તમારો ઉત્સાહ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો? મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે. આ રાશિ ના એ લોકો જે વિદેશ થી વેપાર કરે છે તે લોકો ને ઘણું સારું આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે તેઓ જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે.

**કર્ક (ડ,હ) :**

આજે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે.

**સિંહ (મ,ટ) :**

આજનો દિવસ તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને હળવા થવાનો પૂરતો સમય આપશે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. પરિવારના સભ્યો સાથે કેટલીક હળવાશભરી પળો વિતાવો. આજે તમને જાણ થશે કે તમારું પ્રિયપાત્ર તમને અનંતકાળ સુધી પ્રેમ કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે રમૂજી સંબંધીઓનો સાથ તમારી તાણ ઘટાડશે તથા તમને જેની જરૂર છે એવી નિરાંત તમને આપશે. આવા સંબંધીઓ મેળવવા બદ્દલ તમે નસીબદાર છો. આર્થિક બાબતોમાં ચોક્કસ સુધારો થશે-પણ તેની સાથે જ ખર્ચમાં પણ વધારો થશે. દૂરનાં કોઈ સગાં તરફથી લાબા સમયથી તમને જે સંદેશની અપેક્ષા હતી તે આવશે અને તેમાં આખા પરિવાર અને ખાસ કરીને તમારી માટે સારા સમાચાર હશે.

**તુલા (ર,ત) :**

આજે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે. પ્રેમ જીવન આજે વિવાદાસ્પદ બની શકે છે. જે લોકો વિદેશ વેપાર થી સંકળાયેલા છે તેમને આજે માનમાફિક ફળ મળવાની પુરી અપેક્ષા છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશે જે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે. એકાદ સરપ્રાઈઝનું આયોજન કરો અને આજના દિવસને તમારા જીવનનો સૌથી સુંદર દિવસ બનાવો.

**ધન (ભ,ધ,ફ) :**

આજે લાભદાયક દિવસ અને તમને લાંબા ગાળાની માંદગીમાંથી રાહત મળી શકે છે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. તમે આ વાતો પહેલા પણ સાંભળી હશે. પણ આજે તમે તેનો અનુભવ કરશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાકર્કિક આધાર લો. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે અન્યોની નિંદા કરવાની તમારી ટેવને કારણે તમારે નિંદા નો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ.

## ભાઈ હોય તો આવો! બહેનના સ્મરણાર્થે ૯૨ વિધવા બહેનોને જાત્રા કરાવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

મહિસાગર જીલ્લાના ખાનપુર તાલુકાના ખુટેલાવ ગામનાના સેવાભાવી દાતા પરિવાર દ્વારા પ્રેરણારૂપ પુણ્યકાર્ય સ્વજનની સ્મૃતિમાં કરવામાં આવ્યું છે. પુણ્યકાર્યનો લાભ મળતાં ગામમાં ૯૨ વિધવાઓને દેશના મુખ્ય યાત્રાધામની યાત્રાનો લાભ મળ્યો છે. સાથે સાથે આ પરિવારે શબવાહિનીનું પણ દાન કરવામાં આવ્યુ છે. ખુટેલાવ ગામના કાંતિભાઈ રેવાભાઈ પટેલની કુંભરવાડી ગામે રહેતી પરિણીત બહેન મંગુબેન (ઉ.વ.૫૮) નું બ્રેઈન હેમરેજના કારણે સાત મહિના પહેલા અકાળે અવસાન થયું હતું. મંગુબેનના મૃત્યુ બાદ બે કિડની, બે આંખ અને લીવર મળી ૫ અંગોનું અંગદાન પણ કરાયુ હતું. સ્વર્ગસ્થ બહેન મંગૂબેનની સ્મૃતિમાં ભાઈ કાંતિભાઈ પટેલે સેવાયજ્ઞા કરવાનો વિચાર કર્યો અને તેનો અમલ પણ કર્યો.સેવાયજ્ઞના ભાગરૂપે વિધવા બહેનો માટે ૧૫ દિવસીય પવિત્ર યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૯૨ વિધવા બહેનોને શામળાજી, ગોકુલ, મથુરા, અયોધ્યા, હરિદ્વાર, રીષિકેશ, કાશી, ઉજ્જૈન સહિતના પવિત્ર ધામોના દર્શન કરીને દિવ્ય અનુભૂતિ મેળવી હતી. ૧૫ દિવસીય ઉત્તરભારત યાત્રા સુખ, શાંતિ અને આનંદભેર પૂર્ણ થઈ હતી.

## બાળકીને ઘરમાં બોલાવીને વૃદ્ધે દુષ્કર્મનો પ્રયાસ કર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

સરસપુરમાં રહેતી સગીરા સાથે વૃદ્ધ પાડોશીએ અડપલાં કરીને દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો. આરોપી વૃદ્ધ ઘણા સમયથી સગીરાને ઘરે બોલાવતો હતો. બાદમાં અડપલાં કરીને દુષ્કર્મનો પ્રયાસ કરતો હતો. બે દિવસ પહેલા પણ વૃદ્ધે આ પ્રકારની હરકત કરતા સગીરાએ ઘરે જાણ કરી હતી. તેથી મામલો પોલીસસ્ટેશન પહોંચતા શહેરકોટડા પોલીસે વૃદ્ધની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં આરોપીએ ચારથી પાંચ વખત સગીરાને ઘરે બોલાવીને આ પ્રકારની હરકત કરી હોવાનું જણાયું છે. સરસપુરમાં રહેતી ૪૦ વર્ષીય મહિલાની ૯ વર્ષીય પુત્રી ધો.૩માં અભ્યાસ કરે છે. ગત તા. ૨૮મીએ આ મહિલાના જેઠની દીકરી ઘરે આવી ત્યારે તેણે જણાવ્યું કે ૯ વર્ષીય સગીરા કેટલાક બાળકો સાથે રમતી હતી ત્યારે તે અંદરો અંદર વાત કરતી હતી કે ઘર પાસે રહેતા દાદાએ તેને ઘરમાં બોલાવીને કપડાં ઉતારીને ગંદુ કામ કર્યુ હતું. માતાએ પુત્રીને બોલાવીને પૂછપરછ કરતા સગીરાએ કબૂલાત કરી કે ઘર પાસે રહેતા વૃદ્ધે તેને ઘરે બોલાવીને કપડાં ઉતારીને ચુંબન કરી દુષ્કર્મનો પ્રયાસ કર્યો હતો.

### રૂપિયા ૭૫ હજારનો દંડ પણ ફટકાર્યો

# ૧૬ વર્ષ પહેલાં ૧૫ હજારની લાંચ લેતાં ઝડપાયેલા PSIને 3 વર્ષની કેદની સજા

**અમુક ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓને લીધે લોકોનો પોલીસ ખાતા ઉપરથી વિશ્વાસ ઓછો થતો જાય છેઃ કોર્ટ**

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

પાંચકૂવા પોલીસ ચોકીમાં ૧૬ વર્ષ પહેલાં ૧૫ હજારની લાંચ લેનાર પીએસઆઈને સ્પે. એસીબી કોર્ટે ત્રણ વર્ષની કેદ અને ૭૫ હજારનો દંડ ફટકાર્યો છે. સ્પે. જજ ભાવેશ કે. અવાશિયાએ હુકમની નકલ ગાંધીનગર ગૃહ સચિવ, રાજ્યના પોલીસ વડા અને સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ, અમદાવાદ રેલવેને મોકલી આપવા નિર્દેશ આપ્યો છે. કોર્ટે નોંધ્યુ હતુ કે, ભ્રષ્ટાચારના ગુના બહુજન સમાજને અસર પહોંચાડનારા હોય છે. પ્રસ્તુત કેસમાં આરોપી પોલીસ કર્મચારી છે.

સમાજમાં કાયદાનું પાલન કરવાની તેમની ફરજ છે પરંતુ કાયદાના રક્ષક વ્યક્તિ જ્યારે ભોગ બનનાર વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલી અરજીઓની પ્રમાણિક, સંનિષ્ઠ તપાસ નહીં કરીને ફરિયાદી પાસેથી લાંચની રકમ સ્વીકારીને અરજીઓને રફેદફે કરવાની માનસિકતા ધરાવતા હતા. આવી માનસિકતાની અસર બહુજન સમાજને અસર કરનારી છે. કોર્ટોએ લાંચના કેસોમાં સજા કરતી વખતે ભ્રષ્ટાચારના ગુનાઓની સમાજ અને દેશ ઉપર શું અસર પડે છે તે તમામ પાસાઓ જોઈ તપાસીને સજાનું પ્રમાણ નક્કી કરવુ જોઈએ.

અમુક ભ્રષ્ટ પોલીસ કર્મચારીઓને લીધે લોકોનો પોલીસ ખાતા ઉપરથી વિશ્વાસ ઓછો થતો જાય છે. પોલીસ ખાતાની સમાજમાં છબી ખરડાઈ રહી છે. જે પરિસ્થિતિ આપણા જેવા સદાય કાયદાને વરેલા સમાજ માટે ખૂબ જ નિરાશાજનક અને ખતરનાક બની રહે છે. જેથી આવી સ્થિતિ સુધારવા માટે કોર્ટોએ આ પ્રકારના ગુનામાં કડક વલણ દાખવીને વધુમાં વધુ સજા કરવી જરૂરી છે.કાલુપુર પોલીસ મથકની હદમાં પાંચકૂવા પોલીસ ચોકીમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતા રાવજી લલ્લુભાઈ ડાભીએ કાપડાંના નાણાં બાબતે થયેલી અરજી સંદર્ભે રૂ.૧૫ હજારની લાંચની માંગણી કરી હતી. આ અંગે ફરિયાદીએ લાંચરૂશ્વત વિરોધી દળમાં જાણ કરતા ૧ જૂન, ૨૦૦૯ના રોજ ગોઠવવામાં આવેલા છટકામાં પીએસઆઈ રાવજી લલ્લુભાઈ ડાભી રૂ.૧૫ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. એસીબીએ આરોપી પીએસઆઈ સામે પુરાવા એકઠા કરીને કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યુ હતું. આ કેસ ચાલતા સરકારી વકીલ સી.આર. ખત્રીએ પાંચ સાક્ષી અને ૧૫ દસ્તાવેજોના આધારે કેસ પુરવાર કરીને કોર્ટને જણાવ્યુ હતુ કે, આરોપીએ પોતાના રાજ્ય સેવક તરીકેના હોદ્દાનો દુરુપયોગ કરીને ભ્રષ્ટાચાર આચર્યો હોવાનું પુરવાર થયુ છે. આપણા દેશમાં લાંચના કિસ્સા દિન પ્રતિદિન વધી રહ્યા છે. આરોપી સામે આખોય કેસ નિઃશંકપણે પુરવાર થાય છે ત્યારે સમાજમાં દાખલો બેસાડવા માટે વધુમાં વધુ સજા કરવી જોઈએ. કોર્ટે આરોપી પીએસઆઈને ગુનેગાર ઠરાવીને ત્રણ વર્ષની કેદ અને કુલ રૂ.૭૫ હજારનો દંડ ફટકાર્યો છે.

### વસ્તી ગણતરીની પ્રક્રિયા ઝડપથી શરૂ કરાવવા કોંગ્રેસ પ્રમુખની માગણી

# યુદ્ધ વખતે પણ વસ્તી ગણતરી થઈ હતી, હવે એમાં અભૂતપૂર્વ વિલંબ થઈ રહ્યો છેઃ ખડગે

**ભારત ૧૮૮૧થી પોતાની પ્રતિ દાયકામાં વસ્તી ગણતરી કરાવી રહ્યું છે, જે યુદ્ધ અને સંકટો જેવી પ્રતિકૂળતાઓનો સામનો કરવા છતાં ચાલુ છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।



કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ અને રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ રાષ્ટ્રીય વસ્તી ગણતરી અને જાતિ આધારીત વસ્તી ગણતરીની પ્રક્રિયામાં થઈ રહેલા વિલંબને લઈ ચિંતા વ્યક્ત કરી છે. આ સાથે ખડગેએ સરકારને જલદીમાં જલદીમાં વસ્તી ગણતરી શરુ કરાવવા માટે વિનંતી કરી છે. કોંગ્રેસ પ્રમુખ ખડગેએ આ મુદ્દા પર સરકારના મૌન તરફ ઈશારો કરીને કહ્યું કે ભૂતકાળમાં યુદ્ધ અને સંકટો છતાં વસ્તી ગણતરીમાં ક્યારેય વિલંબ થયો નથી. વિશ્વયુદ્ધ અને ભારત-પાકિસ્તાનના યુદ્ધ દરમિયાન પણ વસ્તી ગણતરી કરવામાં આવી હતી, પરંતુ આજે એમાં અભૂતપૂર્વ વિલંબ થઈ રહ્યો છે.ખડગેએ એ વાત પર ભાર મૂક્યો કે કોવિડ-૧૯ મહામારીથી પેદા થયેલા પડકારો છતાં વિશ્વભરના ૮૧ ટકા દેશોએ સફળતાપૂર્વક પોતાની વસ્તી ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે. આ સાથે તેમણે ઉમેર્યુ કે, ભારત ૧૮૮૧થી પોતાની પ્રતિ દાયકામાં વસ્તી ગણતરી કરાવી રહ્યું છે, જે યુદ્ધ અને સંકટો જેવી પ્રતિકૂળતાઓનો સામનો કરવા છતાં ચાલુ છે. ૧૯૩૧માં વસ્તી ગણતરી ૨૬મી જાન્યુઆરીએ શરુ થઈ હતી અને એક વર્ષ સુધી ચાલી હતી, આ દરમિયાન જાતિ આધારીત વસ્તી ગણતરી કરવામાં આવી હતી. આ સાથે ખડગે જણાવ્યું કે આ ખૂબ ચિંતાજનક છે કે ઈતિહાસમાં પહેલીવાર સરકારે વસ્તી ગણતરીમાં વિક્રમજનક વિલંબ કર્યો છે.

### જસ્ટિસ બેલા ત્રિવેદી અને વકીલો વચ્ચે કોર્ટરૂમમાં ઉગ્ર માહોલ જોવા મળ્યો

# અવમાનની કાર્યવાહીથી વકીલો ભડક્યા, સુપ્રીમે નિર્ણય સુધારવો પડયો

। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

સુપ્રીમ કોર્ટમાં મંગળવારે ન્યાયાધીશ બેલા ત્રિવેદી અને વકીલો વચ્ચે આક્રામક દલીલો જોવા મળી હતી. ન્યાયાધીશ બેલા એમ ત્રિવેદી અને સતીશ ચંદ્ર શર્માની બેંચે એડવોકેટ ઓન રેકોર્ડ પી. સોમા સુંદરમને એક ક્રિમિનલ કેસમાં બિનજરૂરી અને અયોગ્ય અરજી દાખલ કરવા બદલ ટીકા કરી હતી. તે સમયે વકીલો અને બેંચ વચ્ચે આ વિવાદ જોવા મળ્યો હતો. વકીલોએ કોર્ટના આદેશનો વિરોધ કર્યો હતો જેને પગલે આ આદેશને સુધારવામાં આવ્યો હતો. દલીલો દરમિયાન અન્ય વકીલોએ એડવોકેટ ઓન રેકોર્ડ પી. સોમા સુંદરમને સાથ આપ્યો હતો અને સુપ્રીમની બેંચ દ્વારા તેમની સામે જે કાર્યવાહી કરાઈ હતી તેનો વિરોધ કરી તેમાં સુધારો કરવા અપીલ કરી હતી. તેથી સુપ્રીમે પોતાના આદેશમાં સુધારો કરવો પડયો હતો. એસસી, એસટી એક્ટ અને આઈપીસીની કલમો હેઠળ નીચલી કોર્ટે સજા આપી હતી, જેની સામે દોષિતો મદ્રાસ હાઈકોર્ટ પહોંચ્યા હતા, જોકે મદ્રાસ હાઈકોર્ટે અપીલ રદ કરી હતી તેથી તેઓ સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા અને સરેન્ડર કરવામાં છૂટ માગી હતી. જોકે સુપ્રીમે પણ અપીલ ફગાવીને સરેન્ડર કરવા આદેશ આપ્યો હતો. બાદમાં ફરી એક વખત વિશેષ અનુમતિ પિટિશન (એસએલપી) દાખલ કરીને સરેન્ડરની છૂટ માગી હતી. જેને લઈને કોર્ટે વાંધો ઉઠાવ્યો હતો. એક જ પ્રકારની અરજી ફરી કરવા બદલ વકીલોને અને અરજદારને ફટકાર લગાવી હતી. સુનાવણી દરમિયાન જ્યારે વકીલ પી. સોમા સુંદરમ કોર્ટમાં હાજર થયા તો બેંચે નોંધ્યું કે અરજીમાં તથ્યો સાથે છેડછાડ કરવામાં આવી હતી, એટલુ જ નહીં અરજદારોની સહી મેળ નહોતી ખાઈ રહી સાથે જ તમામ કાગળો પર વકીલોની જ સહી હતી. એક જ પ્રકારની અપીલ ફરી કરવા બદલ સુપ્રીમની બેંચે તેને ન્યાય પ્રક્રિયાના દુરુપયોગ સમાન અને ન્યાયિક પ્રશાસનમાં દખલ દેનારી ગણાવી હતી, સાથે જ વકીલ પી. સોમા સુંદરમ અને અન્ય વકીલ મુથુકૃષ્ણાને પૂછ્યું હતું કે તેમની સામે સુપ્રીમની અવમાનનાની કોર્ટવાહી કેમ શરૂ કરવામાં ના આવે? સીધા અવમાનનાની કાર્યવાહીથી વકીલો ભડક્યા હતા અને આ કાર્યવાહીનો વિરોધ કર્યો હતો. જેમાં એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશન અને સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના સભ્યો પણ જોડાયા હતા. વકીલોની દલીલ હતી કે પી. સોમા સુંદરમને સાંભળ્યા વગર કેવી રીતે દોષિત ઠેરવી શકો? એક તક તો આપવી પડે. અન્ય વકીલે કહ્યું કે તમે વકીલોની કારકિર્દી આ રીતે ખતમ ના કરી શકો. વકીલોના વિરોધ બાદ સુપ્રીમે પોતાના આદેશમાં સંશોધન કર્યું હતું અને વકીલોને મામલામાં પોતાનું સ્પષ્ટીકરણ આપવાની તક આપી હતી. સુપ્રીમે નવા આદેશમાં વકીલોને પૂછ્યું હતું કે તેઓએ તથ્યો સાથે છેડછાડ કરીને કઈ સ્થિતિમાં અરજી કરી તેનો એક સપ્તાહમાં સોગંદનામુ દાખલ કરીને જવાબ રજુ કરવામાં આવે.

### બંને વચ્ચે સીધો સંબંધ ન હોવાના સરકારી દાવા વચ્ચે લેન્સેટનો ખુલાસો

# ભારતમાં હવાના પ્રદૂષણ અને બીમારીઓ વચ્ચે સીધા સંબંધના પુરાવા : નિષ્ણાતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારતમાં હવાના પ્રદૂષણ અને આરોગ્ય પર તેની પ્રતિકૂળ અસરો વચ્ચે સીધો સંબંધ છે અને પ્રદૂષણથી શ્વસન સંબંધિત બિમારીઓમાં વધારો થાય છે તેવું વિવિધ અભ્યાસો અને વૈજ્ઞાનિક પુરાવામાં પુરવાર થયું છે, એમ લેન્સેટ કાઉન્ટડાઉનના એક ટોચના અધિકારીએ જણાવ્યું હતું. હવાના પ્રદૂષણ અને મૃત્યુદર વચ્ચે કોઈ સીધો સંબંધ નથી તેવા ભારત સરકારના એક અહેવાલ પછી લેન્સેટ કાઉન્ટડાઉનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર મરિના બેલેન રોમેનેલોનું આ નિવેદન આવ્યું છે. આ નિવેદની કોલંબિયામાં તાજેતરમાં પૂર્ણ થયેલા વિશ્વ આરોગ્ય સંગઠન (WHO)ની કોન્ફરન્સ દરમિયાન ચર્ચાવિચારણા કરાઈ હતી. રોમેનેલોએ જણાવ્યું હતું કે વાયુ પ્રદૂષણની આરોગ્ય પરની લાંબા ગાળાની અસરમાં ફેફસાંનું કેન્સર, હૃદય રોગનું જોખમ વધવું અને સ્ટ્રોકનો સમાવેશ થાય છે. સમગ્ર જીવન દરમિયાન તમામ ઉંમરના લોકોના આરોગ્ય માટે વાયુ પ્રદૂષણ કેટલું હાનિકારક છે તેના ખૂબ જ ચોક્કસ પુરાવા છે. તેથી જ સરકારો વિજ્ઞાનને સ્વીકારે અને હવાને શુદ્ધ કરે તે ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તેનાથી સ્વસ્થ અને વધુ ઉત્પાદક વસ્તી બનશે. હવાના પ્રદૂષણનું કોઈ પણ સ્તર સલામત ન હોવા પર ભાર મૂકીને તેમણે જણાવ્યું હતું કે કોઈપણ સ્તરના પ્રદૂષણના સંપર્કમાં આવવાથી તે આપણા ફેફસાંમાં પ્રવેશ કરે છે અને આપણા સ્વાસ્થ્ય, રક્ત પ્રણાલી અને આંતરિક અવયવોને નુકસાન પહોંચાડે છે. WHOએ વાયુ પ્રદૂષણના સલામત સ્તરે અંગે ભલામણો કરી છે અને આપણે જાણીએ છીએ કે ભારતમાં મોટાભાગે મોટાભાગના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં આ મર્યાદાઓ ઓળંગાઈ ગઈ છે. તેની સીધી અસર સ્થાનિક વસ્તીના આરોગ્ય પર તથા અર્થતંત્ર અને શ્રમ ઉત્પાદકતા પર પણ પડી રહી છે. તે દેશને જે નુકસાન પહોંચાડી શકે છે તે ખૂબ વ્યાપક છે.

## 'વ્યાજદર નક્કી કરવાનો કોર્ટ પાસે અધિકાર': સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

સુપ્રીમ કોર્ટે મંગળવારે (૨ એપ્રિલ) મહત્ત્વનો ચુકાદો આપતા કહ્યું છે કે, કોર્ટને વ્યાજદર નક્કી કરવાનો અને તે ક્યારથી આપવાનો રહેશે તે નક્કી કરવાનો અધિકાર છે. આ અધિકાર દરેક કેસના તથ્યો પર આધાર રાખે છે જે, વ્યાજ મુક્તિની તારીખ, તે પહેલાં અથવા ડિક્રિની તારીખથી આપવામાં આવશે. જસ્ટિસ જે.બી પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની ખંડપીઠે ૫૨ વર્ષ લાંબી કાયદાકીય લડતનો અંત લાવતા સમયે પોતાના આદેશમાં આ ટિપ્પણી કરી હતી. જેમાં રાજસ્થાન સરકાર ફજી આઈ. કે. મર્ચન્ટ્સ પ્રાઈવેટ લિ. સહિત ખાનગી પક્ષો વચ્ચે રાજ્ય સરકારને આપલા શેરના મૂલ્યાંકન પર વિવાદ હતો.ખંડપીઠે શેરના મૂલ્યની વિલંબિત ચુકવણી પર લાગુ થતા વ્યાજ દરોમાં પણ સુધારો કર્યો. ૩૨ પાનાના ચુકાદામાં ન્યાયાધીશ મહાદેવને કહ્યું કે, આ સંપૂર્ણપણે સ્પષ્ટ છે કે અદાલતોને કાયદા અનુસાર તમામ તથ્યો અને પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને યોગ્ય વ્યાજ દર નક્કી કરવાની સત્તા છે.

### આ મામલામાં કોર્ટ ૨૨મી એપ્રિલે સુનાવણી કરશે

# સિંગાપુરમાં ફ્લાઇટમાં ગેરવર્તણૂક બદલ એક ભારતીયની ધરપકડ

**આ ઘટના ત્યારે બની હતી જ્યારે કથિત રીતે નશામાં ધુત્ત કોલાથુએ ઉડાણ દરમિયાન બૂમબરાડા પાડવાનું શરુ કર્યું હતું**

। (એજન્સી) સિંગાપુર, તા.૨ ।

સિંગાપુરથી સિડની જનારી ફલાઈટમાં કથિત રીતે હંગામો કરવા અને ક્રૂ મેમ્બરને મારી નાખવાની ધમકી આપવાના આક્ષેપોમાં એક ભારતીય નાગરિક પર મંગળવારે ધરપકડ કરવામાં આવી છે. 'ધ સ્ટ્રેટ્સ ટાઈમ્સ'ના રિપોર્ટ મુજબ, ૪૨ વર્ષીય કોલાથુ જેમ્સ લિયો પર કેટલાય ગંભીર આક્ષેપો છે. જેમાં ફ્લાઈટ એટેન્ડેન્ટની સામે ગુનાહિત બળનો ઉપયોગ કરવો અને વિમાનમાં નશાની હાલતમાં મુસાફરી કરવીની બાબત સામેલ છે. જેનાથી વ્યવસ્થા અને શિસ્તને ખતરો પહોંચ્યો. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કોલાથુ લિયોએ કથિત રીતે ક્રૂ મેમ્બરને જીવથી મારી નાખવાની ધમકી આપી હતી. પોલીસ પ્રવક્તાના કહેવા મુજબ, ૨૭મી જાન્યુઆરીએ સિંગાપુર જનારી સ્કૂટ ફ્લાઈટમાં પોતાના આક્રમક વ્યવહાર પછી લિયોને યાત્રાના બાકી સમય માટે કેબિન ક્રૂ દ્વારા રોકી દેવામાં આવ્યો હતો. ચાંગી એરપોર્ટ પહોંચવા પર લિયોની એરપોર્ટ પોલીસ ડિવીઝનના અધિકારીઓએ ધરપકડ કરી લીધી હતી. આ ઘટના ત્યારે બની હતી જ્યારે કથિત રીતે નશામાં ધુત્ત કોલાથુએ ઉડાણ દરમિયાન બૂમબરાડા પાડવાનું શરુ કર્યું હતું.

**વિશેષ** | ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા-૨૦૨૫ । "નર્મદે હર" ના નાદ સાથે આગળ વધી રહી છે પંચકોષી નર્મદા પરિક્રમા

# ભક્તિભાવ પૂર્ણ માહોલમાં ઉત્તરવાહિની પરિક્રમા કરી નર્મદા જિલ્લા વહીવટી તંત્રની સુવિધાઓથી સંતોષ વ્યક્ત કરતા પરિક્રમાવાસીઓ

। (માહિતી) ગાંધીનગર ।

નાંદોદ તાલુકાના રામપુરાથી તિલકવાડા ઘાટ વચ્ચે વહેતી ઉત્તરવાહિની માં નર્મદાની પંચકોશી પરિક્રમા અર્થે ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત દેશના વિવિધ પ્રાંતમાંથી શ્રદ્ધાળુઓ પરિક્રમા અર્થે ઉમટી રહ્યાં છે. તા. ૨૯મી માર્ચથી શરૂ થયેલી પરિક્રમા "નર્મદે હર" ના નાદ સાથે શાંતિપૂર્ણ માહોલમાં આગળ વધી રહી છે. ત્યારે પરિક્રમાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તે માટે રાજ્ય સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને નર્મદા જિલ્લા કલેક્ટરશ્રી એસ.કે.મોદીની રાહબરીમાં વહીવટી તંત્ર દ્વારા તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.





શ્રદ્ધાળુઓ નર્મદાના ચારેય ઘાટ અને પરિક્રમા રૂટ પર ઉભી કરાયેલી સુવિધાઓથી આનંદ સાથે સંતોષની લાગણી વ્યક્ત કરી રહ્યા છે. મહારાષ્ટ્રના મુંબઈથી પરિક્રમા અર્થે આવેલા અને સતત ત્રણ વર્ષથી પરિક્રમા કરતા શ્રી રાજ તેંડુલકરે કહ્યું કે, હું જેટલી વખત અહીં આવ્યો છું તેટલી વખત કંઈક ને કંઈક બદલાવ જોવા મળ્યો છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અહીં ખૂબ જ સારી વ્યવસ્થાઓ મળી રહી છે. અહીંના લોકોનો આવકાર અને વ્યવહાર પણ ખૂબ સારો છે. પરિક્રમા દરમિયાન યાત્રાળુઓની ખૂબ કાળજી લેવામાં આવી રહી છે, જે બદલ હું ગુજરાત સરકાર અને નર્મદા જિલ્લા વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કરું છું. રાજસ્થાનના ચિત્તોડગઢથી પ્રથમ વખત નર્મદા પરિક્રમા અર્થે આવેલા શ્રી સંપતરામ નડ્ડાએ જણાવ્યું કે, આ પરિક્રમા અંગેની જાણકારી મને સોશિયલ મીડિયાના માધ્યમથી મળી હતી. યોગાનુયોગ હું અમદાવાદમાં જ હતો, ત્યાંથી તિલકવાડા આવ્યો હતો. અહીં આવ્યા પછી મને આશ્ચર્ય થયું કે, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આટલી સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ સુવિધાઓ પૂરી પાડવા બદલ હું સરકારશ્રીનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરું છું. આ પરિક્રમાવાસીનું ખૂબજ મહાત્મ્ય રહેલું છે. નાગરિકોએ અવશ્ય આ પરિક્રમા કરવી જોઈએ. અહીંના લોકોનો સ્વભાવ ખુબ જ સારો છે તેમજ વિશ્રામની વ્યવસ્થા પણ તંત્ર દ્વારા ખૂબ સારી કરવામાં આવી છે. આ પરિક્રમા કાયમ થતી રહે તેવી હું આશા રાખું છું. નર્મદા મૈયાની એક વખત સંપૂર્ણ પરિક્રમા કરી ચૂકેલા અને મૂળ પંજાબના શ્રી રામદાસ પંજાબી બાબાએ નર્મદા પરિક્રમા પાછળનું મહત્વ સમજાવતા જણાવ્યું કે, શાસ્ત્રોમાં નર્મદા મૈયાને એટલી પવિત્ર બતાવવામાં આવી છે, કે માત્ર તેનું જલપાન કરવાથી પવિત્ર થવાય છે. ધર્મશાસ્ત્રોમાં તેની પરિક્રમાનો પણ ઉલ્લેખ જોવા મળે છે. માટે દરેક માનવીએ માં નર્મદાની પરિક્રમા કરવી જોઈએ. શ્રદ્ધાળુઓ શાંતિપૂર્ણ માહોલમાં પરિક્રમા કરી રહ્યા છે. જિલ્લા વહીવટી તંત્ર સાથે પરિક્રમા રૂટ પર આવતા ગામોના સેવાભાવી નાગરિકો પણ પદયાત્રીઓની નિઃસ્વાર્થ ભાવે સેવા કરી રહ્યા છે. પરિક્રમાર્થીઓને રસ્તમાં પાણી, નાસ્તા, આરોગ્યની સુવિધા મળી રહે તે પ્રકારની તમામ સુવિધા અને પોલીસ વિભાગ દ્વારા રાત-દિવસ પોલીસ બંદોબસ્ત થકી સલામતીની વ્યવસ્થા જાળવવામાં આવી રહી છે. આ પરિક્રમા ૨૪ કલાક ચાલી રહી છે.

# ૯થી ૧૦ એપ્રિલ ૨૦૨૫ દરમ્યાન માધવપુર મેળામાં બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ બનશે આકર્ષણનું કેન્દ્ર

। ગાંધીનગર, તા.૨ ।

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આપેલી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને સાકાર કરતો માધવપુર ઘેડ મેળો આ વર્ષે ૯થી ૧૦ એપ્રિલ ૨૦૨૫ દરમ્યાન યોજાશે. દર વર્ષે રામનવમીના પવિત્ર દિવસે શરૂ થતો માધવપુર મેળો અરૂણાચલ પ્રદેશના રૂકમિણીજી અને ગુજરાતના શ્રીકૃષ્ણ વચ્ચે થયેલા લગ્નની ઉજવણી કરે છે. આ વખતે પોરબંદર ઉપરાંત, અમદાવાદ, વડોદરા, સુરત, સોમનાથ અને દ્વારકા ખાતે પણ આ મેળાની ઉજવણીના ભાગરૂપે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. માધવપુર મેળામાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ગુજરાત દ્વારા આયોજિત બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ પણ આકર્ષણનું કેન્દ્ર બનશે, જેમાં ૯૦૦થી વધુ ખેલાડીઓ વિવિધ રમત-ગમત પ્રવૃત્તિઓમાં ભાગ લેશે.

**૯ ગેમ્સ અને ૯૦૦થી વધુ ખેલાડીઓ: માધવપુરના રળિયામણા બીચ ઉપર જામશે રમતોનો રંગ**

ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ તેમજ રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે પોરબંદર ખાતે ભવ્ય માધવપુર ઘેડ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે માધવપુર ઘેડ મેળામાં વિવિધ રમત-ગમત પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં રાજ્યના ૩૫૨ પુરુષો અને ૨૭૨ મહિલાઓ મળીને કુલ ૬૨૪ ખેલાડીઓ ભાગ લેશે. માધવપુરના રળિયામણા દરિયાકિનારે ૫ છ-સાઈડ બીચ ફૂટબૉલ, બીચ કબડ્ડી, અખાડા કુસ્તી, રસ્સાખેંચ, ૮૦ અને ૬૦ મીટર બીચ રન, કોકોનટ થ્રો જેવી રમતોની રંગત જામશે. બીચ ફૂટબૉલ અને બીચ કબડ્ડીની રમતોમાં સમગ્ર ગુજરાતના ખેલાડીઓ ભાગ લેશે જ્યારે અન્ય રમતોમાં સ્થાનિક ખેલાડીઓ તેમની પ્રતિભાનું પ્રદર્શન કરશે. ખેલાડીઓ માટે પોરબંદર અને જૂનાગઢ ખાતે અનુક્રમે નટવરસિંહજી ક્રિકેટ હોસ્ટેલ, સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ અને અન્ય સ્થાનિક જગ્યાએ રહેવાની સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત, તેમને સ્પોર્ટ્સ વેન્યૂ સુધી પહોંચાડવા માટે ટ્રાન્સપોર્ટેશન સુવિધા પણ મળશે.




**બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ દ્વારા ખેલ પ્રતિભાઓને પ્રોત્સાહન આપી રહી છે ગુજરાત સરકાર**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા આ વર્ષે ૧૮થી ૨૧ માર્ચ દરમ્યાન સોમનાથ ખાતે બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. હવે માધવપુર ઘેડ મેળામાં પણ બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ દ્વારા ખેલાડીઓને ખીલવાની તક મળવા જઈ રહી છે. આ બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલ ખેલાડીઓ માટે તેમની પ્રતિભા દર્શાવવાની અને દરિયાકિનારાના સુંદર વાતાવરણમાં રમતોનો આનંદ માણવાની અનોખી તક પૂરી પડે છે.

**ન્યૂઝ બ્રિફ**

## ગેરકાયદે ફેક્ટરીનો માલિક IPL સટ્ટાબાજીમાં ઝડપાયો

। (એજન્સી) બનાસકાંઠા, તા.૨ ।

બનાસકાંઠા ફટાકડાના કારખાનામાં વિસ્ફોટ કેસમાં મોટો ખુલાસો થયો છે. આ ગેરકાયદે ફેક્ટરીના માલિક દીપક મૈનાનીની અગાઉ આઈપી એલ સટ્ટાબાજીમાં ધરપકડ કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે. આ ધરપકડ એક વર્ષ પહેલા થઈ હતી. આ પછી તે ફટાકડાના ધંધામાં આવી ગયો. મોનાનીએ ફટાકડા વેચવાનું લાયસન્સ લીધું હતું પરંતુ તે ડીસાના જીએસઆઈડીસીમાં ગેરકાયદેસર રીતે ફેક્ટરી ચલાવતો હતો. તે સૂતળી વડે માર્શલ બોમ્બ પણ બનાવતો હતો. બનાસકાંઠામાં ફેક્ટરીમાં થયેલા વિસ્ફોટમાં અત્યાર સુધીમાં ૨૧ લોકોના મોત થયા છે. ફટાકડા વેચવાનું લાઈસન્સ લઈને ફેક્ટરી ચલાવતા પિતા સાથે મોનાની પર પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠાના ડીસામાં ફટાકડાના કારખાનામાં થયેલા વિસ્ફોટની તપાસમાં બહાર આવ્યું છે કે ગેરકાયદેસર રીતે ચલાવવામાં આવતા ફટાકડાના વેરહાઉસમાં ૨૧ લોકોના મોત થયા છે. જેમાંથી ૧૮ મધ્યપ્રદેશના હતા. પોલીસે જણાવ્યું હતું કે તમામ ભોગ બનેલા લોકો કાટમાળ નીચે દટાયેલા હતા અને અચાનક અને તીવ્ર વિસ્ફોટના કારણે તેમની પાસે બચવાનો સમય નહોતો.

## સુરેન્દ્રનગરમાં ફી નહીં તો પછી પરીક્ષા નહીં તેવી ચીમકી

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૨ ।

સુરેન્દ્રનગરમાં શાળા સંચાલકોની મનમાની સામે આવી છે. હકીકતમાં, સુરેન્દ્રનગરના લીંબીમાં આવેલી સેન્ટ થોમસ સ્કૂલની મનમાની ફીનો મુદ્દો સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, શાળા સંચાલકો વાલીઓ પર ફી ભરવા માટે દબાણ કરી રહ્યા છે. આ ઉપરાંત, તેઓ ફી નહીં ભરે તો બાળકોને પરીક્ષામાં બેસવા નહીં દેવાની ધમકી પણ આપી રહ્યા છે. શાળાએ વોટ્સએપ ગ્રુપ માં મેસેજ મોકલીને આ માહિતી આપી છે. જોકે, અચાનક ફી ભરવાનું કહેતા વાલીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સુરેન્દ્રનગરના લીંબડીમાં આવેલી સેન્ટ થોમસ સ્કૂલમાં ફી અંગે વાલીઓ રોષ વ્યક્ત કરી રહ્યા છે. મળતી માહિતી મુજબ, જનરલ મેનેજર વાલીઓ પર ફી જમા કરાવવા માટે દબાણ કરી રહ્યા છે.

## આરોગ્ય કર્મચારીઓને સરકારે આપ્યું અલ્ટીમેટમ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

સરકારે અંતિમ અલ્ટીમેટમ આપ્યું છે કે જો જે કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે તેઓ ત્રીજી તારીખ સુધીમાં હાજર નહીં થાય તો તેમને પાછા લેવામાં આવશે નહીં. ગુજરાત માં આરોગ્ય કર્મચારીઓ દ્વારા ૧૬ દિવસની અનિશ્ચિત હડતાળ પછી પણ સરકાર અને આંદોલનકારીઓ વચ્ચે ગતિરોધ ચાલુ છે. જોકે, સરકારે અંતિમ અલ્ટીમેટમ આપ્યું છે કે જો જે કર્મચારીઓ સામે કાર્યવાહી કરવામાં આવી છે તેઓ ત્રીજી તારીખ સુધીમાં હાજર નહીં થાય તો તેમને પાછા લેવામાં આવશે નહીં. આરોગ્ય કર્મચારીઓએ વણઉકેલાયેલા મુદ્દાઓને લઈને સરકાર સામે હથિયાર ઉપાડ્યા છે.૧૪૨૮ આરોગ્ય કર્મચારીઓને દૂર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત પાંચ હજાર કર્મચારીઓને કારણ બતાવો નોટિસ જારી કરવામાં આવી છે. જોકે, આરોગ્ય કર્મચારીઓ તેમની લડત પર અડગ છે અને કહ્યું છે કે જ્યાં સુધી તેમની માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેઓ હડતાળ ચાલુ રાખશે.

**શ્વાનને લઈને એક પરિવારમાં હેરાનગતિનો કિસ્સો પ્રકાશમાં આવ્યો**

## અમદાવાદમાં પાલતુ શ્વાન મુદ્દે વૃદ્ધ પર હુમલો થયો

**રસ્તા પર રખડતા પાલતુ કૂતરાને લઈને થયેલા ઝઘડામાં બાબા હીરાલાલ પરમાર નામના વૃદ્ધને લાકડીથી માર મારવામાં આવ્યો**

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદમાં પાલતુ શ્વાન માટે ઝઘડાની ઘટના પ્રકાશમાં આવી છે. આ મામલો શેરીમાં એક વાસ્તવના પાલતુ શ્વાન સાથે થયેલા દુર્વ્યવહાર અંગે ઉભો થયો હતો. આ દરમિયાન, એક વૃદ્ધ વ્યક્તિ પર પરિવાર દ્વારા હુમલો કરવામાં આવે છે. નોંધનીય છે કે આવી ઘટનાઓ અગાઉ પણ બની ચૂકી છે. તાજેતરની એક ઘટનામાં, પોલીસે એક પરિવાર દ્વારા એક વૃદ્ધ વ્યક્તિને માર મારવાની ફરિયાદ નોંધી છે અને આ મામલાની વધુ તપાસ કરી રહી છે. દરમિયાન, આ ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. મેટ્રો સિટી અમદાવાદમાં પાલતુ શ્વાનઓને લઈને એક પરિવારમાં હેરાનગતિનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, કૃષ્ણનગરમાં એક વૃદ્ધ પર પરિવારના ત્રણ સભ્યોએ હુમલો કર્યો હતો. રસ્તા પર રખડતા પાલતુ કૂતરાને લઈને થયેલા ઝઘડામાં બાબા હીરાલાલ પરમાર નામના વૃદ્ધને લાકડીથી માર મારવામાં આવ્યો હોવાનું બહાર આવ્યું છે. આ ઘટનામાં, પરિવારે વીડિયો બનાવનાર મહિલાને પણ ધમકી આપી હતી. મળતી માહિતી મુજબ, સોસાયટીના રહેવાસીઓએ પરશુરામ સીપા, શ્રીકાંત સીપા અને સન્ની સીપા નામના લોકોની ગુંડાગીરી સામે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે અને પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

**આ ટ્રેનમાં સેકન્ડ એસી, સ્લીપર અને જનરલ કોચ હશે**

## ભાવનગરથી હૈદરાબાદ માટે સમર સ્પેશિયલ ટ્રેન ચલાવવામાં આવશે

। ભાવનગર, તા.૨ ।

યાત્રિકોની સુવિધા માટે રેલવે પ્રશાસને ભાવનગર ડિવિઝનના ભાવનગર ટર્મિનસથી હૈદરાબાદ સુધી 'સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન' ચલાવવાનો નિર્ણય કર્યો છે. ભાવનગર ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર માશૂક અહમદના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૦૭૦૬૨ ભાવનગર-હૈદરાબાદ સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી દર રવિવારે સવારે ૧૦.૧૫ કલાકે ઉપડશે અને બીજા દિવસે સોમવારે બપોરે ૧૬.૪૫ કલાકે હૈદરાબાદ સ્ટેશન પહોંચશે. આ ટ્રેન ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી ૦૬.૦૪.૨૦૨૫થી ૦૧.૦૬.૨૦૨૫ સુધી ચાલશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૭૦૬૧ હૈદરાબાદ-ભાવનગર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન હૈદરાબાદ સ્ટેશનથી દર શુક્રવારે ૧૯.૦૦ કલાકે ઉપ ડશે અને રવિવારે સવારે ૦૫.૫૫ કલાકે ભાવનગર ટર્મિનસ સ્ટેશન પહોંચશે. આ ટ્રેન હૈદરાબાદ સ્ટેશનથી ૦૪.૦૪.૨૦૨૫થી ૩૦.૦૫.૨૦૨૫ સુધી ચાલશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, સ્લીપર અને જનરલ કોચ હશે. આ ટ્રેન રૂટમાં સિહોર, સોનગઢ, ધોળા, બોટાદ, સુરેન્દ્રનગર ગેટ, વિરમગામ, સાબરમતી, વડોદરા, સુરત, નંદુરબાર, ભુસાવલ, અકોલા, વાશીમ, હિંગોલી, બસમત, પૂર્ણા જંકશન, નાંદેડ, મુદખેડ જંકશન, બાસર, નિઝામાબાદ, કામારેડ્ડી, મેડચલ અને સિકંદરાબાદ સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. ટ્રેન નંબર ૦૭૦૬૨ માટે ટિકિટ બુકિંગ ૦૪.૦૪.૨૦૨૫ (શુક્રવાર) થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર ખુલશે. આ ટ્રેનના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

**રાજકોટની હચમચાવતી ઘટના**

## ચાલુ ટ્રેનમાંથી મુસાફરે પાણીની બોટલ ફેંકી, તરુણને છાતીમાં વાગતા મોત

**શાપર પોલીસે અજાણ્યા મુસાફર સાથે બેદરકારી દાખવી, મૃત્યુ નિપજાવાની કલમ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો**

। (એજન્સી) રાજકોટ, તા.૨ ।

રાજકોટના શાપરમાંથી ગઈ કાલે પસાર થયેલી ટ્રેનમાં સવાર એક મુસાફરે જોરથી બહાર પાણીની બોટલ ફેંકી હતી, જે સીધી છાતીમાં વાગતાં તરૂણ મૃત્યુ નીપજયું હતુ. શાપર પોલીસે અજાણ્યા મુસાફર સાથે બેદરકારીથી મૃત્યુ નીપજાવવાની કલમ હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.મૂળ મધ્યપ્રદેશનાં સંતોષભાઈ ગોડઠાકર શાપરનાં ગણેશનગર વિસ્તારમાં રહે છે અને કારખાનામાં મજૂરી કરે છે. તેનો ૧૪ વર્ષનો પુત્ર બાદલ ગઈકાલે બપોરે અન્ય ચારથી પાંચ મિત્રો સાથે શાપરમાં આવેલા મસ્કત ફાટક તરીકે ઓળખાતા વિસ્તારમાં ગયો હતો, જયાંથી પસાર થતાં રેલવે ટ્રેક નજીક બાદલ અને તેનાં મિત્રો બેઠા હતાં. બપોરે પોણા ત્રણ વાગ્યાની આસપાસ વેરાવળ - બાંદ્રા ટ્રેઈન પસાર થઈ હતી. જેમાં બેઠેલા અજાણ્યા મુસાફરે જોરથી પાણીની બોટલ બહાર ફેંકી હતી. જે સીધી બાદલની છાતીનાં ભાગે વાગતાં તે ત્યાં જ ઢળી પડયો હતો.તેને તત્કાળ શાપરનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવાયો હતો. જયાં ફરજ પરનાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. જાણ થતાં શાપર પોલીસ આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલ પહોંચી હતી.શરૂઆતમાં પોલીસને હાર્ટએટેકથી મોત નીપજવાની શંકા ગઈ હતી.

## પે-ટીએમ સાઉન્ડ બોક્સ ફ્રી થયાનું કહી હજારો વેપારી સાથે કરોડોની ઠગાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અગણિત વેપારીઓ હવે ઓનલાઈન પેમેન્ટ માટે સાઉન્ડ બોક્સ વાપરતાં થયાં છે. અમદાવાદ સહિત ગુજરાતના હજારો વેપારીઓ, લારીવાળાને પે-ટીએમ સાઉન્ડ બોક્સ ફ્રી થયાનું કહી અને નવી સ્કીમ ચાલુ કરવા માટે એક રૂપિયો ટ્રાન્સફર કરવાના બહાને છેતરી બેન્ક ખાતાં ખાલી કરી નંખાયા હતા. મુળ રાજસ્થાન અને પાટણના રહીશ અને અમદાવાદમાં રહીને છેતરપિંડી કરતા ૬ શખસને સાયબર ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડ્યા છે. અમદાવાદના વાસણા સહિત રાજ્યના અનેક વેપારીના પૈસા સેરવી લેનાર ટોળકીનો સૂત્રધાર પે-ટીએમનો જુનો કર્મચારી છે.પે-ટીએમ સાઉન્ડ બોક્સના નામે રાજ્યના વેપારીઓ સાથે છેતરપિંડી આચરનાર અમદાવાદની ટોળકીને સાયબર ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડી છે.

## RUDA અને GPCBની મંજૂરી વિના ધમધમતી હતી ફેક્ટરી

**ફેક્ટરીના માલિક દ્વારા GPCB (ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ)ની પણ મંજૂરી લેવામાં આવી ન હતી**

। (એજન્સી) રાજકોટ, તા.૨ ।

રાજકોટમાં TRP અગ્નિકાંડના પીડિતોને હજુ સુધી ન્યાય નથી મળ્યો ત્યારે ફરી એકવાર ભયાનક આગ લાગી હતી. સોમવારે શહેરના કુવાવડા રોડ પર નવાગામ (આણંદપર) ખાતે રાજારામ ઈન્ડસ્ટ્રીયલ એરિયામાં દિવેલીયાપ રા વિસ્તારમાં સાબુ બનાવતી ફેક્ટરીમાં જ્વલંતશીલ પદાર્થ સ્ટોર કરતાં કારખાના જે. કે. કોટેજમાં આગ લાગી હતી. જેમાં હવે મોટો ખુલાસો થયો છે. આ ફેક્ટરી છેલ્લાં અનેક વર્ષોથી RUDA અને GPCBની મંજૂરી વિના ધમધમી રહી હતી. મળતી માહિતી મુજબ, જે. કે. કોટેજ ફેક્ટરી છેલ્લાં અનેક વર્ષોથી RUDA (રાજકોટ અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટી)ની મંજૂરી વિના ધમધમી રહી હતી. ફેક્ટરીના માલિક દ્વારા GPCB (ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ)ની પણ મંજૂરી લેવામાં આવી ન હતી. આ સિવાય ફેક્ટરી પાસે ફાયર NOC પણ ન હતું. તેમ છતાં અનેક વર્ષોથી તંત્રની બેદરકારીના કારણે આ ફેક્ટરી ધમધમી રહી છે. હજુ તંત્ર TRP આગકાંડના પીડિતોને ન્યાય નથી અપાવી શક્યું ત્યાં ફરી એકવાર તંત્રની મોટી બેદરકારી સામે આવી છે. આ મામલે ફેક્ટરીના માલિકે જણાવ્યું કે, જ્યારે બિલ્ડિંગ બનાવવામાં આવી ત્યારે અમને GPCB અને RUDA ની મંજૂરી લેવી પડશે કે કેમ તે વિશે કોઈ માહિતી નહતી. તંત્ર દ્વારા અમને કોઈ નોટિસ અપાઈ નથી. હાલ, આ મામલે કુવાવડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને વીડિયોગ્રાફી દ્વારા સમગ્ર પુરાવા એકઠા કરી રહી છે. હજુ સુધી આગ લાગવાનું કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી. પોલીસે ફેક્ટરી માલિકની બેદરકારી અંગે પણ તપાસ હાથ ધરી છે. ત્યારે પ્રશ્ન થઈ રહ્યો છે કે, ક્યાં સુધી તંત્ર કોઈ મોટી દુર્ઘટના ન થાય ત્યાં સુધી ઊંઘતી રહેશે? ડીસામાં પણ આ જ પ્રકારે ગેરકાયદે ફેક્ટરીના કારણે ૨૧ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. અનેક પરિવારોનો માળો વિખેરાઈ ગયો છે. ત્યારે હજું ક્યાં સુધી તંત્ર આવી મોતનો તમાશો જોતી રહેશે? મળતી માહિતી મુજબ, મંગળવારે બપોરે ૧૨ વાગ્યાની આસપાસ દિપન નડીયાપરાની માલિકીના જે. કે .કોટેજ ઈન્ડસ્ટ્રીઝ નામના કારકાનામાં આગ લાગ્યાનો કોલ મળતાં ફાયરબ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

## પશ્ચિમ રેલવે : પ્રગતિ કરતાં સિમાચિહ્નોનું સર્જન અને ધોરણોનું સ્થાપન

। અમદાવાદ, તા.૨ ।

ભારતીય રેલવે ઉપર અનેક પાસાઓમાં અગ્રણી રહેવાનું ગૌરવ ધરાવતા, પશ્ચિમ રેલવેએ પૂર્ણ થયેલા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને ફરી એકવાર પોતાની શ્રેષ્ઠતા સાબિત કરી છે. પશ્ચિમ રેલવે એ માલ લોડિંગ અને માલસામાનની આવક, યાત્રીઓની આવક, માળખાકીય અપગ્રેડેશન અને વૃદ્ધિ, સુરક્ષા કામ, યાત્રીઓની સુવિધાઓ વગેરે ક્ષેત્રોમાં આ પ્રભાવશાળી પ્રદર્શન પ્રાપ્ત કરવામાં સફળતા મેળવી છે. પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી અશોક કુમાર મિશ્રાના પ્રભાવશાળી નેતૃત્વ અને મૂલ્યવાન માર્ગદર્શન હેઠળ આ સિદ્ધિઓ પ્રાપ્ત કરવું શક્ય બન્યું છે.

### માળખાગત વિકાસ

- નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન, ૩૪૬ કિમી નવી લાઈનો, ગેજ રૂપાંતરણ અને દ્વિકરણનું કામ પૂર્ણ થયું છે. આ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાનમાં કોઈપણ અન્ય રેલવે ઝોન કરતાં સર્વોચ્ચ છે.
- ૧૯૧ કિલોમીટરના લક્ષ્યાંકની સામે ૧૯૭ રૂટ કિલોમીટર (RKM) ના વિદ્યુતીકરણનું કામ પૂર્ણ થયું. આની સાથે, પશ્ચિમ રેલવેનું ૧૦૦% વિદ્યુતીકરણ થઈ ગયું છે.
- પશ્ચિમ રેલ્વેએ સુરક્ષા ટેકનોલોજીના નવીનતમ સંસ્કરણ કવચ (સંસ્કરણ ૪.૦) નું સંસ્થાપન પૂર્ણ કર્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં, ૬૪૪ RKM પર કવચ ટેકનોલોજી સંસ્થાપિત થઈ છે અને ૨૦૫ RKM પર ટ્રેનની ટ્રાયલની શરૂઆત થશે.
- ૨૦૨૪-૨૫ માં પશ્ચિમ રેલવે ઉપર ૧૪૦ ROBs/RUBsનું બાંધકામ થયું છે, જે ભારતીય રેલવેમાં સર્વોચ્ચ છે.
- પશ્ચિમ રેલવે એ ૨૦૨૪-૨૫ માં ૫૬૧ કિ.મી. સહિત, ભારતીય રેલવે પર સર્વોચ્ચ લંબાઈની W-beam ફેન્સીંગ પાથરી છે. આનાથી પશુઓના અતિક્રમણમાં મોટો ઘટાડો થયો છે, જેથી સમયપાલનતા અને સુરક્ષામાં વધારો થયો છે.
- પશ્ચિમ રેલવે લેવલ ક્રોસિંગ ગેટ નાબૂદ કરવાની બાબતમાં ભારતીય રેલવેના તમામ ઝોનમાં શ્રેષ્ઠ છે. નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૦૮ માનવ સહિતના લેવલ ક્રોસિંગ ગેટ નાબૂદ કરવામાં આવ્યા છે.
- પશ્ચિમ રેલવે એ ૪૧૦ વેલ્ડેબલ કાસ્ટ મેંગેનીઝ સ્ટીલ (WCMS) ક્રોસિંગ નાખ્યા છે, જે સમગ્ર ભારતીય રેલવેમાં શ્રેષ્ઠ છે. આનાથી આરામદાયકતા અને યાત્રી સુરક્ષામાં વૃદ્ધિ થશે.
- પશ્ચિમ રેલવેનો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ડાયનેમિક ટેમ્પર્સ, બલાસ્ટ ક્લિનિંગ મશીનો જેવા ટ્રેક મશીનોનો ઉપયોગ સમગ્ર ભારતીય રેલવેમાં શ્રેષ્ઠ રહ્યો છે. આમ પશ્ચિમ રેલવે દ્વારા સંપત્તિ જાળવણી અને સુરક્ષાને પ્રાધાન્ય આપવામાં આવે છે.
- પાછલા વર્ષની સરખામણીમાં સિગ્નલ નિષ્ફળતાના બનાવોમાં ૨૦% નો ઘટાડો થયો છે.
- મેલ/એક્સપ્રેસ ટ્રેનોની ૯૫% સમયપાલનતા સાથે પશ્ચિમ રેલવે સમગ્ર ભારતીય રેલવેમાં ટોચ પર છે.
- પશ્ચિમ રેલવે એ ભારતીય રેલવે પર પ્રથમ વાર ફોર્મેશન ટ્રીટમેન્ટ ઓફ ટર્નઆઉટ્સ રજૂ કર્યું છે. બલાસ્ટ ક્લિનિંગ મશીનોની કામગીરી દરમિયાન કુલ ૬૧ ટર્નઆઉટ ફોર્મેશન ટ્રીટમેન્ટ કરવામાં આવી છે. આનાથી યાત્રાની આરામદાયકતામાં નોંધપાત્ર સુધારો થશે, સુરક્ષામાં વૃદ્ધિ થશે અને જાળવણીની જરૂરિયાતોમાં ઘટાડો થશે.

### કાર્ગો માટેની ભૂખ

- ૨૦૨૪-૨૫માં ૧૦૨ મિલિયન ટનના માલસામાન લોડિંગનો વિક્રમ સર્જીને, પશ્ચિમ રેલવે એ સતત ત્રીજા વર્ષે ૧૦૦ મિલિયન ટનના ક્લબમાં પ્રવેશ કર્યો છે. પશ્ચિમ રેલવે એકમાત્ર નોન-કોલસા બેલ્ટ ઝોનલ રેલવે છે જેણે વૈવિધ્યસભર માલસામાન અને કોલસાના માત્ર ૮% હિસ્સા સાથે આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.
- પશ્ચિમ રેલવે એ પાછલા વર્ષની સરખામણીમાં ચાલુ વર્ષમાં કન્ટેનર, પીઓએલ (પેટ્રોલિયમ, તેલ અને લુબ્રિકન્ટ્સ) અને ખાતરોના લોડિંગમાં વૃદ્ધિ દર્શાવી છે. તે સમસ્ત ભારતીય રેલવેના તમામ ઝોનલ રેલવેમાં પ્રથમ ક્રમે છે.
- કન્ટેનર - પશ્ચિમ રેલવેનો ફાળો ૩૨.૩૩ MT (ભારતીય રેલવેમાં ૩૭% હિસ્સો) છે.
- ખાતર - પશ્ચિમ રેલવેનો ફાળો ૧૬.૦૯ MT (ભારતીય રેલવેમાં ૨૭% હિસ્સો) છે.
- પીઓએલ - પશ્ચિમ રેલવેનો ફાળો ૧૩.૦૧ MT (ભારતીય રેલવેમાં ૨૪% હિસ્સો) છે.

### આવકમાં વૃદ્ધિ

- મુસાફરોની આવક રૂ. ૭૮૪૦ કરોડ રૂપિયાથી વધુ, જે પાછલાં વર્ષ કરતાં ૭% વધુ છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૪ - ૨૫ માં રૂ. ૧૩૭૯૦ કરોડની માલભાડાની આવક પ્રાપ્ત થઈ છે.
- ટિકિટ ચેકિંગથી રૂ. ૧૫૦ કરોડથી વધુ આવકની વસૂલાત.
- પશ્ચિમ રેલવે ભાડા સિવાયની આવકમાં રૂ. ૧૧૦.૪૭ કરોડની આવક પ્રાપ્ત કરીને ભારતીય રેલવેમાં દ્વિતીય ક્રમે રહ્યું છે, જે પાછલાં વર્ષ કરતાં ૧૦% ઉચ્ચતર છે.
- પશ્ચિમ રેલવે એ ભંગારના વેચાણથી રૂ. ૫૬૪ કરોડ પ્રાપ્ત કરીને રૂ. ૫૦૦ કરોડનું સિમાચિહ્ન સર કર્યું, જે રેલવે બોર્ડ દ્વારા નિર્ધારીત લક્ષ્યના ૪૧% વધારે છે અને ભારતીય રેલવેમાં દ્વિતીય ક્રમે છે.
- માર્ચ ૨૦૨૫માં મહિના માટે અત્યાર સુધીની સૌથી વધુ AC EMU આવક: રૂ. ૧૯.૯૫ કરોડ, જે મે ૨૦૨૫ના રૂ. ૧૯.૨૦ કરોડના અગાઉના રેકોર્ડને વટાવી ગઈ.
- માર્ચ ૨૦૨૫ માં AC EMU દ્વારા યાત્રા કરનારા યાત્રીઓની સંખ્યા ૦.૪૪ કરોડની વિક્રમી ઊંચી સપાટીએ પહોંચી, જે જાન્યુઆરી ૨૦૨૫ માં ૦.૪૦ કરોડની અગાઉની ઊંચી સપાટીને વટાવી ગઈ.




